ISSN-0971-8397

# યોજના

જુલાઈ-૨૦૧૫ વિકાસને સમર્પિત માસિક ₹ ૧૦

## આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નવા પરિમાણ

ભારત અને તેના પડોશી દેશો - વિશ્વાસની પુનઃસ્થાપનાને નવી દિશા

ભારત-અમેરિકા વચ્ચે ભાગીદારીની શક્યતાઓ

આર્થિક વિકાસ માટે ભારતીય મુત્સદ્દીગીરી

સુશાસન – શાસન કરવાનો અસરકારક અને નક્કર અભિગમ






















## Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :

**Business Manager (Journals)**

Publications Division, Ministry of Information & Broadcasting,
Room No. 48-53, Soochna Bhawan, CGO Complex, Lodhi Road, New Delhi - 110 003
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી આકર્ષણ**

**ઓગસ્ટ ૨૦૧૫**

**સમાવેશક વિકાસ અને સામાજિક પરિવર્તન**

# યોજના

YR. XLIII VOL. IV

નિયામક અને મુખ્યતંત્રી
**દીપિકા કચ્છલ**

નાયબ નિયામક : **અમિતા મારુ**
તંત્રી : **અજય ઇન્દ્રેકર**


આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.


| | |
|---|---|
| **છૂટક નકલ** | **: રૂ. ૧૦-૦૦** |
| **વાર્ષિક લવાજમ** | **: રૂ. ૧૦૦-૦૦** |
| **બે વર્ષ** | **: રૂ. ૧૮૦-૦૦** |
| **ત્રણ વર્ષ** | **: રૂ. ૨૫૦-૦૦** |

લવાજમની રકમ “S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)”ના નામે મનીઑર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**

લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ,
યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦


# આયોજન અને વિકાસને સમર્પિત


**વર્ષ : ૪૩ અંક : ૪ જુલાઈ-૨૦૧૫ સળંગ અંક : ૭૭૫**


## વિષયસૂચિ


| | | |
|---|---|---|
| ભારત અને તેના પડોશી દેશો - વિશ્વાસની પુનઃસ્થાપનાને નવી દિશા | અચલ મલ્હોત્રા | ૫ |
| ભારત-અમેરિકા વચ્ચે ભાગીદારીની શક્યતાઓ | કે. સી. સિંહ | ૧૨ |
| આર્થિક વિકાસ માટે ભારતીય મુત્સદ્દીગીરી | રામ ઉપેન્દ્ર દાસ | ૧૬ |
| સુશાસન – શાસન કરવાનો અસરકારક અને નક્કર અભિગમ | ડૉ. એ. સૂર્યપ્રકાશ | ૨૧ |
| ભારત-ચીન સંબંધ – બદલાતાં પરિમાણો | મનીષ ચાંદ | ૨૫ |
| એક્ટ ઈસ્ટ પોલિસી : પૂર્વ અને અગ્નિ એશિયાના દેશોના સંબંધોને નવી દિશા | સુનંદા દિક્ષિત | ૨૯ |
| એશિયા : પૂર્વ અને દક્ષિણ પૂર્વ | પુષ્પેશ પંત | ૩૩ |
| વિદેશનીતિમાં સંરક્ષણ સહયોગને પહેલી વખત મળેલી અગ્રતા | આલોક બંસલ | ૩૬ |
| વૈશ્વિક મંચ જેવી સંસ્થાઓની નિષ્ક્રિયતા વચ્ચે પ્રાદેશિક સહકારનો ઉદય | દિલીપ સિંહા | ૩૯ |
| મહિલાઓ અને બાળકોના વિકાસ માટે સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાની પહેલ | ચંદ્રાણી બેનર્જી | ૪૩ |
| ભારતની નવી વિદેશ નીતિના નવા પરિમાણો | ડૉ. મનીષ વી. પંડ્યા | ૪૭ |
| આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ભારતનો બદલાવ | જિતેન્દ્ર વી. શાહ | ૪૯ |
| ભારતની કુનેહભરી વિદેશ નીતિ | નરેશ મકવાણા | ૫૧ |
| વિશ્વ યોગ દિન નિમિત્તે નવી દિલ્હીમાં સામૂહિક યોગ | – | ૫૩ |
| ગુજરાત રાજ્યમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી | – | ૫૪ |


## ટાઈટલ


- આવરણ ડિઝાઈન : – ૧
- યોજના જાહેરાત : – ૨
- અમદાવાદમાં ‘વર્ષ એક - શરૂઆત અનેક’ અંગે યોજાયેલ ફોટો પ્રદર્શન : – ૩
- પ્રકાશન વિભાગનાં પુસ્તકો : – ૪



**Website : www.yojana.gov.in**
**E-mail Address : yojanagujarati@gmail.com**

# તંત્રીલેખ

## આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની વધતી પ્રતિષ્ઠા

**આં**તરરાષ્ટ્રીય સંબંધોના નિષ્ણાતોના અનુસાર કોઈપણ રાષ્ટ્રની પ્રતિષ્ઠા અને નિયતિ તેના સૈન્યબળ કરતાં રાજનૈતિક સ્તરે તેના નેતૃત્વની સફળતાથી ઘડાય છે. જ્યાં સુધી ભારતને લાગેવળગે છે ત્યાં સુધી આ ઉક્તિ સત્ય છે. જ્યાં એક રાષ્ટ્ર તરીકે, આપણી દેશભક્તિના ભારોભાર વખાણ કરવામાં આવે છે, આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ભારતની છબી શાંતિપ્રિય તરીકે સારા એવા પ્રમાણમાં ઊભરીને આવી છે. એક તરફ જ્યાં આપણે આપણી સીમાઓનું રક્ષણ કરતા જવાનોને સલામ કરીએ છીએ, ત્યાં બીજી તરફ આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ભારતની સિદ્ધિઓ માટે જોઈએ તેવો આદર હજી સુધી મળ્યો નહોતો. હવે એક આવકારદાયક બદલાવ આવી રહ્યો છે. આ બાબતને પર્યાપ્ત મીડિયા કવરેજ મળી રહ્યું છે, ઉપરાંત ભારતની મુત્સદ્દીગીરીની સફળતાની કહાનીને ગાથા તરફ સામાન્ય માનવી પણ પૂરતું ધ્યાન આપી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સંબંધોની શરતોને અને તેની પરિભાષાની સમજણ ન હોવા છતાં તેને પણ ખ્યાલ આવે છે અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પ્રયત્નો અને વારસામાં મળતા ફાયદાઓથી સામાન્ય જન પણ વાકેફ થયો છે.

ઉદારીકરણ અને વૈશ્વિક વેપારમાં બદલાતા જતા વલણથી ભારતના આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ઘણો બદલાવ આવ્યો છે. આવકલક્ષી અર્થતંત્રમાંથી વિશ્વ સાથે વધુ સંકળાયેલ એવા અર્થતંત્રનું સંક્રમણ કરવાના પ્રયત્નોને લીધે વૈશ્વિક મંચ પર ભારતની છબી ઉપર સાનુકૂળ અસર પડી છે. છેલ્લા એક વર્ષમાં આંતરરાષ્ટ્રીય સંબધોમાં આપણા પ્રયત્નોની વિશ્વમાં ઘણી પ્રસંશા કરવામાં આવી છે. ખૂબ જ સાવચેત અને અનિશ્ચિત પગલાંઓમાંથી ભારતીય રાજનીતિએ મોટો કુદકો મારીને સક્રિય અને ઉત્સાહી પગલાં ભર્યાં છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમના શપથ ગ્રહણ સમારોહમાં સાર્ક દેશોના વડાઓને આમંત્રણ આપીને આની શરૂઆત કરી હતી. નિષ્ણાતો આ પગલાંને રાજનૈતિક ચાલ તરીકે વર્ણવે છે. પ્રધાનમંત્રી દ્વારા ટૂંકાગાળામાં ૧૯ જેટલા વિકસિત તેમજ વિકાસશીલ દેશોની મુલાકાતને પગલે આપણા આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નવા પરિમાણો ખુલ્લાં થયાં છે. આ વર્ષ પાડોશી દેશો અને વિસ્તૃત પાડોશી દેશો પ્રત્યે ભારતની વધતી જતી અગ્રિમતાનું સાક્ષી બની રહ્યું છે. ઉપરાંત આપણે વિશ્વની પ્રમુખ સત્તાઓ સાથેના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત કર્યા છે. નેપાળમાં ભૂકંપ દ્વારા થયેલા વિનાશના સમયે ભારત દ્વારા તુરંત બચાવ અને રાહત કામગીરીએ આખા વિશ્વનું ધ્યાન ખેચ્યું છે. વિશ્વમાં શાંતિ જાળવવા માટે યુએન સાથે મળીને વિશ્વમાં સૌથી વધુ પ્રયત્ન આપણે કરીએ છીએ.

વિશ્વભરમાં ભારતીયો અન્ય દેશોમાં સૌથી વધુ હોવાથી અન્ય દેશો સાથેના ભારતના સંબંધોને વધુ બળ મળ્યું છે. આ દિશામાં આપણે બીજું સ્થાન ધરાવીએ છીએ. અત્યાર સુધીમાં જે દેશો સુષુપ્ત અવસ્થામાં હતા તેમણે પણ ભારત સાથેના સંબંધને ઉત્તેજન આપવામાં ઊંડો રસ દાખવ્યો છે. ભારતીયો પાસે સૌથી વિશાળ ઉચ્ચ કૌશલ્યવાળી માનવશક્તિ હોવાથી વિશ્વની સૌથી મોટી લોકશાહી તેમજ ચીનથી પણ વધુ ઝડપે વધતાં અર્થતંત્ર ધરાવતા ભારતને કોઈપણ રાષ્ટ્રએ અવગણવું પોષાય તેમ નથી.

ભારતે આર્થિક ક્ષેત્રમાં, માનવ સંસાધન વિકાસમાં અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં કરેલી આગેકૂચને લીધે વિશ્વને એક રાષ્ટ્ર તરીકે તેના તરફ ધ્યાન દેવાની ફરજ પડી છે. ભારતના પ્રધાનમંત્રીશ્રીની માંગને કારણે સંયુક્ત રાષ્ટ્રએ ૨૧મી જૂન, ૨૦૧૫ને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાનો ઠરાવ અપનાવ્યો છે. એ જ સમયે આનાથી આંતરરાષ્ટ્રીય સમુદાય તરફથી પડકારરૂપ માંગણીઓ પણ ઊભી થઈ છે. આમ છતાં નિરંતર પ્રયાસો અને નીતિવિષયક પગલાંઓથી ભારત આ પડકારોનો સામનો કરી શકશે. ૧૯૪૭થી ૨૦૧૫ના વર્ષોમાં ઉત્તરોત્તર ઊભરતી તાકાતને કારણે ભારતે તેના પ્રારબ્ધને સાકાર સ્વરૂપ આપ્યું છે અને વિવિધ રાષ્ટ્રોના સમૂહમાં ભારતે તેનું સારું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચાલો આશા રાખીએ કે જેની લાંબા સમયથી રાહ છે તે યુએન સિક્યુરિટી કાઉન્સિલના કાયમી સભ્ય તરીકે ભારત ઊભરી આવે તે દિવસો હવે દૂર નથી.

# ભારત અને તેના પડોશી દેશો - વિશ્વાસની પુનઃસ્થાપનાને નવી દિશા

• અચલ મલ્હોત્રા •

દેશમાં ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીઓથી નવી દિલ્હી ખાતે મજબૂત અને સ્થિર સરકારની રચનાને પગલે વિશ્વમાં આંતરરાષ્ટ્રીય સમુદાયને - યોગ્ય સંકેતો મળ્યા છે. ખાસ કરીને ભારતના પડોશી દેશોમાં સાચી દિશામાં સંકેતો ગયા છે અને હવે આંતરરાષ્ટ્રીય સમુદાય ભારતને વધુ ગંભીરતાથી લેશે - એ સમય આવી ગયો છે. આંતરરાષ્ટ્રીય બાબતો અંગે પોતાની વ્યક્તિગત પ્રતિબદ્ધતા દર્શાવતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા એક વર્ષમાં લગભગ ૧૯ દેશોનો પ્રવાસ કર્યો છે અને અનેક વિશ્વનેતાઓની આપણા દેશમાં યજમાની કરી છે. આ પ્રક્રિયા દરમિયાન પ્રધાનમંત્રી વિશ્વના લગભગ તમામ મહત્ત્વપૂર્ણ નેતાઓને દ્વિપક્ષીય મંત્રણાઓ, પ્રાદેશિક સંમેલનો અથવા બહુદેશીય મંચ ઉપર મળી ચૂક્યા છે અને તેમની સાથે ચર્ચા-વિચારણા કરી ચૂક્યા છે.

ભારત સરકારની રાજદ્વારી નીતિ ઉપરથી હવે એ સ્પષ્ટ જણાઈ આવ્યું છે કે વર્તમાન સરકારની વિદેશનીતિની અગ્રિમતાઓમાં 'પડોશી પહેલાં'નું સૂત્ર ટોચ ઉપર છે.

પડોશી દેશો સુધી પહોંચવાની સૌ પ્રથમ પહેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હજુ સત્તાવાર રીતે પ્રધાનમંત્રી પદનો હોદ્દો ગ્રહણ કર્યો એ પહેલાં જ કરી દીધી



હતી. ગત વર્ષ ૨૬મી મેના રોજ પ્રધાનમંત્રીના સોગંદવિધિ સમારોહમાં ઉપસ્થિત રહેવા તમામ સાર્ક દેશોના વડાઓને આમંત્રણ પાઠવીને પ્રધાનમંત્રીએ આ પહેલ કરી હતી. પ્રધાનમંત્રીના આ પગલાને માસ્ટર સ્ટોક અને સાહસિક પગલા તરીકે આવકારવામાં આવ્યું હતું. જેનાથી વિશ્વભરમાં એ સંદેશ ગયો હતો કે નવી દિલ્હીમાં રચાયેલી નવી સરકાર દક્ષિણ એશિયામાં તેમના પડોશી દેશો સાથેના સંબંધોને ખૂબ જ મહત્ત્વ આપે છે અને ક્ષેત્રીય સંગઠનને આવકારે છે. ભારત દ્વારા કરાયેલી પહેલનો સાનુકૂળ પ્રતિભાવ આપતાં સાર્ક દેશોના તમામ વડાઓ પ્રધાનમંત્રીના સોગંદવિધિ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. જે દર્શાવે છે કે પડોશી દેશો પણ આવી જ ભાવના ધરાવે છે. આ પ્રસંગથી પ્રારંભિક સંબંધ સ્થાપિત કરવાનો નવો અવસર મળ્યો હતો. જેને પગલે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય પરિષદોની બહાર મુલાકાતો અને પ્રવાસોના આદર્શ પ્રશ્નને બળ મળ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી મોદીના એક વર્ષના વિદેશ પ્રવાસોમાં સાર્ક દેશોના કુલ સાત દેશોમાંથી ભૂતાન, નેપાળ, શ્રીલંકા અને બાંગ્લાદેશ - એમ ચાર દેશોનો સમાવેશ થાય છે. હાલની રાજકિય સુરક્ષા અને વ્યૂહાત્મક પરિસ્થિતિને જોતા સાર્ક સમૂહના અન્ય ત્રણ દેશો - અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને માલદિવની મુલાકાત માટે થોડો

સમય લાગી શકે તેમ છે. દરમિયાન અફઘાનિસ્તાનના પ્રમુખ હાલમાં એપ્રિલ મહિનામાં ભારતની મુલાકાતે આવેલા અને પ્રધાનમંત્રીને મળ્યા હતા. જ્યારે પ્રધાનમંત્રી શ્રી મોદી પાકિસ્તાન અને માલદિવના વડાઓને નવી દિલ્હીમાં તેમના સોગંદવિધિ સમારોહ દરમિયાન મળ્યા હતા. ટૂંકમાં કહીએ તો એક વર્ષના ટૂંકા સમયગાળામાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દેશના નજીકના પડોશી દેશોના વડાઓને ઓછામાં ઓછી એક વાર અને કેટલાક કિસ્સામાં એકથી વધુ વખત મળી ચૂક્યા છે.

પડોશી દેશો સાથે આકાર પામી રહેલા ભારતના નવા સંબંધો અંગે ચર્ચા કરતાં પહેલા આપણે દક્ષિણ એશિયાની એક સમગ્ર ક્ષેત્ર તરીકે મૂલવણી કરીએ તે ખૂબ જરૂરી છે. ટૂંકમાં કહીએ તો એમ કહી શકાય કે, દક્ષિણ એશિયા એ ખૂબ જ જટિલ પ્રદેશ છે.

આ ક્ષેત્રના દેશો સમાન વારસો અને ઐતિહાસિક સંપર્કો ધરાવે છે, પરંતુ બીજી તરફ આ દેશો વચ્ચે ધર્મ, જાતિ, ભાષા અને રાજકીય તાણાવાણામાં અનેક વિભિન્નતાઓ જોવા મળે છે. દક્ષિણ એશિયા - એકબીજા દેશો વચ્ચે લોહિયાળ સંઘર્ષ અને ગૃહયુદ્ધનો ભોગ પણ બની ચૂક્યું છે. એ જ રીતે આ ક્ષેત્ર સ્વાતંત્ર્યની ચળવળ, પરમાણુ શસ્ત્રની પ્રતિસ્પર્ધા, સૈન્ય સરમુખત્યારશાહીનો સાક્ષી બનવા ઉપરાંત ઉગ્રવાદ, ધાર્મિક કટ્ટરવાદ, આતંકવાદ તેમજ નશીલા દ્રવ્યો અને માનવ તસ્કરી જેવા દૂષણોનો પણ ભોગ બનતો રહ્યો છે. ધાર્મિક સહિષ્ણુતાની માપપટ્ટીથી વિચારીએ તો આ ક્ષેત્રના દેશોમાં લચીલા બિનસાંપ્રદાયિકવાદથી લઈને ચુસ્તપણે ધાર્મિક કટ્ટરતાવાદ જોવા મળી રહ્યો છે. દક્ષિણ એશિયા - એ વિશ્વમાં સૌથી ઓછો સંકલિત પ્રદેશ ગણાય છે. ૩૦ વર્ષના લાંબા અસ્તિત્વ છતાં પણ સાર્ક દેશોએ અત્યંત મંદ અને ધીમી પ્રગતિ કરી છે. છેલ્લા થોડા વર્ષોમાં આ ક્ષેત્રના દેશોમાં લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારોને બળ મળ્યું છે અને કેટલાક દેશોમાં જે આર્થિક વિકાસ દર વૃદ્ધિ પામી રહ્યો છે જે ભવિષ્ય માટે હકારાત્મક સંકેત છે.

આ ક્ષેત્રમાં ભારતનું સ્થાન શું છે એ વિચારીએ તો ભારત વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ સૌથી વિશાળ દેશ છે અને તેની પાસે મહદ્અંશે ગતિશીલ લોકશાહીનો સ્વચ્છ રેકોર્ડ છે. ભારતનું અર્થતંત્ર અન્ય દેશોની તુલનામાં ઘણું મજબૂત છે અને વૈશ્વિક ફલક ઉપર ભારતની છાપ સુધરી રહી છે અને હવે તેની ગણના આંતરરાષ્ટ્રીય ફલક ઉપર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર દેશ તરીકે થવા લાગી છે. આ બધા પરિબળોના આધારે ભારત સાર્ક સમૂહના દેશોમાં અન્ય કરતાં ઘણું આગળ છે. જો કે કમનસીબે ભારતનો વધતો પ્રભાવ કેટલાક દેશોની નજરમાં ખાસ કરીને નાના પડોશીઓ પાસે મોટાભાઈની ભૂમિકામાં જોવામાં આવે છે તે બરાબર નથી. ઘણી વખત આવા પડોશી દેશો ભારત તરફથી વધુ લાભો અને વળતર મેળવવાની આશામાં કથિત રીતે ‘‘ચાઈના કાર્ડ’’ રમવાનું પસંદ કરતા હોય છે.

આ ક્ષેત્ર માટે ભારતના દૃષ્ટિકોણનું પ્રતિબિંબ ૨૬મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ કાઠમંડુમાં યોજાયેલી સાર્ક પરિષદમાં જોવા મળ્યું હતું. જેમાં પ્રધાનમંત્રી શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ભારત માટે - આ ક્ષેત્ર માટે અમારો દૃષ્ટિકોણ મુખ્ય પાંચ સ્તંભો ઉપર આધારિત છે. જેમાં વેપાર, રોકાણ, સહાયતા, તમામ ક્ષેત્રમાં સહકાર તેમજ સતત સંપર્ક દ્વારા લોકો-લોકો વચ્ચે સંપર્કનો સમાવેશ થાય છે. જે લોકો આ ક્ષેત્રમાં વિકાસ અને પ્રગતિને અવરોધે છે તેમના માટે સંદેશ આપતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, હવે સાર્ક દેશો માટે નવી શરૂઆત છે અને સાર્ક દેશો વચ્ચેના સંબંધોને આગળ ધપાવવાના છે. પછી તે સાર્ક મંચની અંદર હોય કે બહાર અને તમામ સાર્ક સભ્યો વચ્ચે હોઈ શકે કે પછી કેટલાક સભ્યોની વચ્ચે પણ હોઈ શકે છે.

હવે આપણે આપણા કેટલાક પડોશી દેશો તરફ નજર કરીએ અને તેમની સાથેના ભારતના સંબંધો કઈ રીતે આકાર પામી રહ્યા છે તે જોઈએ.

**ભૂતાન**

હિમાલયનું રાજ્ય ગણાતા ભૂતાન સાથેના ભારતના સંબંધો ખૂબ જ સંભાળપૂર્વકની પરિપક્વતા ધરાવતા અને દાખલારૂપ છે. પ્રધાનમંત્રી શ્રી મોદીએ તેમની પ્રથમ વિદેશયાત્રા ૧૫મી જૂન, ૨૦૧૪ના રોજ ભૂતાનમાં કરી હતી જે ભૂતાનનું ભારત માટે મહત્ત્વ દર્શાવે છે.

આ મુલાકાતનો હેતુ એક વિશ્વસનિય અને આધારભૂત મિત્ર તરીકેના ભૂતાનના ભારત માટેના મહત્ત્વની પુનઃ સ્થાપના કરવાનો હતો. પ્રધાનમંત્રીની મુલાકાત દરમિયાન સૌથી વધુ ધ્યાન અપેક્ષા પ્રમાણે વિકાસ, સહકાર અને આર્થિક સંબંધો

ઉપર અપાયું હતું. પંચવર્ષીય યોજનાઓની શરૂઆત થઈ ત્યારથી પંચવર્ષીય યોજનાઓના અમલીકરણમાં ભૂતાનને અપાયેલી સહાયની ભૂતાન ભારોભાર પ્રશંસા કરી રહ્યું છે. જળવિદ્યુત ક્ષેત્રે ભારતનો ભૂતાન સાથેનો સહકાર બંને દેશોમાં લાભની પરિસ્થિતિ સર્જે છે અને અન્ય પડોશી દેશો માટે તે પ્રેરણારૂપ પણ છે. જેમાં નેપાળનો સમાવેશ થાય છે. ભૂતાનનાં જળવિદ્યુત ઉત્પાદનની અખૂટ સંભાવનાઓનો લાભ લેવા ભારતે ભૂતાનમાં જળવિદ્યુત મથકોની સ્થાપના માટે સહાયતાની દરખાસ્ત કરી છે. ભારત તેની સતત વધતી જતી ઊર્જા જરૂરિયાત માટે ભૂતાન પાસેથી વીજળી ખરીદશે જેના પરિણામે ભૂતાનને નોંધપાત્ર સ્વરૂપમાં આવક પણ મળશે.

ભૂતકાળમાં વર્ષ ૨૦૦૩માં ભૂતાને તેના દેશમાંથી ભારત વિરુદ્ધ ઉગ્રવાદી પ્રવૃત્તિઓ ખતમ કરી દીધી હતી અને ભારતને એવી ખાતરી પણ આપી હતી કે ભૂતાન તેમના પ્રદેશનો ભારત વિરુદ્ધની પ્રવૃત્તિ માટે ઉપયોગ થવા દેશે નહીં. પ્રધાનમંત્રીની તાજેતરની ભૂતાન યાત્રા દરમિયાન પણ ભૂતાન દ્વારા આવી ખાતરીનો પુનરોચ્ચાર કરાયો હતો.

**બાંગ્લાદેશ**

૧૯૭૧ની બાંગ્લાદેશની સ્વતંત્રતાની લડાઈ વખતે ભારતે ભજવેલી ભૂમિકાને ચારે તરફથી માન્યતા મળવા ઉપરાંત તેની પ્રશંસા પણ થઈ હોવા છતાં ભારત અને બાંગ્લાદેશના સંબંધોમાં હંમેશાં ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. એક તરફ શેખ હસીનાના નેતૃત્વ હેઠળની 'અવામી લીગ પાર્ટી' - ભારત માટે - સાનુકૂળ વલણ ધરાવતી હોવાનું કહેવાય છે. તો બીજી તરફ બેગમ ખાલીદા ઝીયાના નેતૃત્વ હેઠળ બાંગ્લાદેશ નેશનલ પાર્ટીનું પ્રતિનિધિત્વ કરતાં રાજકીય પરિબળો અને બાંગ્લાદેશ જમાતે ઈસ્લામી - ભારત તરફ કટ્ટર વલણ ધરાવતા હોવાનું કહેવાય છે. તાજેતરના વર્ષોમાં બાંગ્લાદેશમાં બાંગ્લાદેશ નેશનલ પાર્ટી અથવા અવામી લીગ પાર્ટીની સરકારો રહી છે, જેને કારણે બાંગ્લાદેશ સાથેના ભારતના સંબંધોમાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે. સમયાંતરે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં તંગદિલી સર્જવાના મુખ્ય કારણોમાં બાંગ્લાદેશની ધરતી ઉપરથી ઉગ્રવાદીઓ દ્વારા કરાતી ભારત વિરોધી પ્રવૃત્તિઓ, બાંગ્લાદેશમાંથી ભારતમાં થતી ગેરકાયદેસર ઘૂસણખોરી, અને તેનાથી ઉત્તરપૂર્વના રાજ્યોમાં સર્જાયેલ સામાજિક તંગદિલી, અનિશ્ચિત સરહદેથી સતત કરાતી દાણચોરી, સમાન નદીઓના પાણીની વહેંચણી - ખાસ કરીને તીસ્તાના પાણીનો પ્રશ્ન વગેરે બાબતો મુખ્ય છે. જો કે છેલ્લા થોડા વર્ષોમાં બાંગ્લાદેશની શેખ હસીના સરકાર દ્વારા ભારતની સુરક્ષા સંબંધિત ચિંતાઓ તરફ ખાસ્સું ધ્યાન આપવામાં આવ્યું છે. બાંગ્લાદેશમાં એવી લાગણી છે કે બાંગ્લાદેશને તેની ભૂમિકાનું યોગ્ય વળતર મળ્યું નથી. આવી પરિસ્થિતિમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં બાંગ્લાદેશની યાત્રા કરી હતી જે વર્તમાન સરકારને એક વર્ષ પૂર્ણ થયા પછીની પ્રથમ વિદેશી યાત્રા હતી.

ગઈ ૬ અને ૭ જૂન દરમિયાન યોજાયેલ શ્રી મોદીની બાંગ્લાદેશ યાત્રા દરમિયાન સૌથી મહત્ત્વપૂર્ણ સિદ્ધિ જમીન સરહદ સમજૂતિ કરાર અંગેની ગણાય છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે છેક ૧૯૭૪માં જમીન સરહદ સમજૂતિ કરારો પર હસ્તાક્ષર કરાયા હતા, પરંતુ ભારતમાં અગાઉની વિવિધ સરકારો ખાસ કરીને પશ્ચિમ બંગાળ અને આસામ જેવા રાજ્યો સંબંધિત વાંધાઓને કારણે તેને આગળ ધપાવી શકી નહોતી. પ્રધાનમંત્રી શ્રી મોદીએ આ મુદ્દે કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે જે રીતે એક મત ઊભો કર્યો અને ૧૦૦મા બંધારણીય સુધારા વિધેયકને પસાર કરાવવા અને ૧૯૭૪ના કરાર અને ૨૦૧૧ના તેના પ્રોટોકોલને સંસદના બંને ગૃહોની મંજૂરી અપાવવા માટે જે પ્રયાસો કરેલા તે ખૂબ જ સરાહનિય છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે જમીન સરહદ કરારથી બે દેશો વચ્ચેની ૪૦૯૬ કિલોમીટરની જમીન સરહદે સમાધાન કર્યું છે. અને આ સરહદો ઉપર વસતા આશરે ૫૦ હજાર લોકોની ઓળખ બદલાઈ છે, પરંતુ તેના કેટલાક અન્ય હકારાત્મક પરિણામો પણ છે. જેમાં ઉગ્રવાદી અને ભાંગફોડની પ્રવૃત્તિને રોકવા માનવ તસ્કરી અટકાવવા, ગેરકાનૂની ઘૂસણખોરી ઉપર અંકુશ મુકવા તેમજ દાણચોરી રોકવા માટે સરહદોના અસરકારક સંચાલન માટે પણ મદદ મળશે.

અન્ય એક મહત્ત્વપૂર્ણ સફળતા પ્રધાનમંત્રીના બાંગ્લાદેશના પ્રવાસથી મળેલી. તે વ્યાપાર અને મુસાફરી માટે બાંગ્લાદેશના વિસ્તારનો ટ્રાન્ઝીસ્ટ તરીકે ઉપયોગ કરવા દેવાની મંજૂરી છે. જેનાથી

ઉત્તર-પૂર્વના રાજ્યોનો દેશના બાકી ભાગો સાથેનો સંપર્ક વધુ સરળ બનશે. જે અત્યાર સુધી ચીકન નેક તરીકે જાણીતા અત્યંત સાંકડા અને દુર્ગમ એવા સિલીગુડી કોરીડોરથી થતો હતો. ઢાકા-શિલોંગ-ગૌહાતિ અને કોલકતા-ઢાકા અગરતલા રૂટ ઉપર બસ સેવાની શરૂઆત એ ક્ષેત્રમાં જમીન સંપર્કની શરૂઆતનો નવો અધ્યાય ગણાય છે.

એ જ રીતે કોસ્ટલ શિપીંગ એગ્રિમેન્ટથી બંને દેશો વચ્ચે જળમાર્ગે થતી માલસામાનની હેરફેરમાં સમયની મહત્ત્વપૂર્ણ બચત થશે. જેનાથી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની વેપાર ખાદ્યની બાંગ્લાદેશની ચિંતા દૂર થશે અને ત્યાં રોજગારી સર્જનમાં પણ મદદ મળશે. બીજી તરફ ૨ અબજ ડોલર જેટલી લાઈન ઓફ ક્રેડિટથી બાંગ્લાદેશમાં વિવિધ વિકાસ કાર્યો - ખાસ કરીને પબ્લિક ટ્રાન્સપોર્ટ રસ્તા, રેલવે, આંતરિક જળમાર્ગ, બંદરો, માહિતી સંદેશાવ્યવહાર ટેક્નોલૉજી, શિક્ષણ, આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં સુધારમાં મદદ મળશે. સાથે સાથે ભારતમાંથી માલસામાન, પ્રોજેક્ટ્સ અને સેવાઓની નિકાસને પણ પ્રોત્સાહન મળશે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો હવે નિર્વિવાદપણે એક ગુણાત્મકતાના નવા તબક્કામાં પ્રવેશી ચૂક્યા છે. આ સંબંધોમાં સ્થિરતા રહેશે તે નિશ્ચિત છે. આ ઉપરાંત પ્રધાનમંત્રીની મુલાકાતથી બંને દેશો વચ્ચે ભવિષ્યમાં પાણીની વહેંચણી, ઊર્જાક્ષેત્ર, અંતરિક્ષ, વ્યાપાર અને રોકાણ જેવા ક્ષેત્રમાં સહકારની આદાન-પ્રદાન માટેના નવા દ્વારા ખુલી ગયા છે. આ બધાથી આગળ પ્રધાનમંત્રીની બાંગ્લાદેશની મુલાકાતથી ભારત પરિણામ લાવી શકે તેવી ક્ષમતા ધરાવે છે. તેવા બાંગ્લાદેશના વિશ્વાસને બળ મળ્યું છે.

**અફઘાનિસ્તાન**

છેલ્લા કેટલાક વર્ષોથી અફઘાનિસ્તાન મુશ્કેલ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિ ભારતની સુરક્ષાની દૃષ્ટિએ પણ દેશ માટે ખૂબ જ ચિંતાજનક ગણાવાય છે. નાટોના દળો હવે અફઘાનિસ્તાનમાંથી બહાર નીકળવાની દિશા તરફ છે અને તાજેતરમાં અફઘાનિસ્તાનમાં થયેલું રાજકીય હસ્તાંતરણ પણ ખૂબ સહજ માનવામાં આવતું નથી.

અફઘાનિસ્તાનમાં તાલિબાનના પુનઃ આગમનની ખરાબ અસરોનો ભોગ ભારત બની શકે છે. પાકિસ્તાનની કઠપૂતળી જેવી અને કટ્ટરવાદીઓના પ્રભુત્વવાળી સરકારનું અફઘાનિસ્તાનમાં આગમન ભારતના હિતમાં નથી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં અફઘાનિસ્તાનના નવા પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળનાર મોહમ્મદ અશરફ ધાનીએ ભારતમાં એવી છાપ ઊભી કરવા માટે પૂરતા કારણો રજૂ કર્યા છે કે તેમની અગ્રતાની યાદીમાં ભારતનું સ્થાન ખૂબ પાછળ છે. ૨૮ અને ૨૯મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ ભારતની મુલાકાતે આવેલા અફઘાનિસ્તાનના પ્રમુખની એ મુલાકાત ઘણા સમય પછીની કહી શકાય અને એ પહેલા તેઓ પાકિસ્તાન, ચીન અને સાઉદી અરેબિયાની મુલાકાત લઈ ચૂક્યા છે. ભારતમાં રાજકીય સમીક્ષકોના મનમાં મુખ્ય પ્રશ્ન એ છે કે આ બધા સંકેતો ભારતના ભોગે પાકિસ્તાનની તરફદારી કરવાની અફઘાનિસ્તાનની નીતિમાં પરિવર્તન દર્શાવે છે.

ભારતમાં પોતાના રોકાણ દરમિયાન અફઘાનિસ્તાનના પ્રમુખે આ પ્રકારના વિશેષણોને બહુ મહત્ત્વ નહીં આપવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે એન.ડી.ટી.વી. ચેનલના પત્રકાર દ્વારા અફઘાનિસ્તાનના પ્રમુખને પ્રશ્ન પૂછાયો કે તેમની વિદેશયાત્રાઓની યાદી અફઘાનિસ્તાન માટે ભારતની અગ્રતાનું પ્રતિબિંબ છે ત્યારે અફઘાનિસ્તાનના પ્રમુખે એક જાણીતી કહેવત ''દેર આયે દુરસ્ત આયે'' કરીને આ પ્રશ્નનો સીધો જવાબ આપવાનું ટાળ્યું હતું. ૨૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ બહાર પડાયેલા સંયુક્ત નિવેદનમાં પણ આવા કોઈપણ ભયને નકારી કાઢતાં જણાવાયું હતું કે શાંતિ સમૃદ્ધિ અને સુરક્ષા અવિભાજ્ય છે અને તેમના પરસ્પર સન્માનજનક સંબંધો અન્ય દેશો કે દેશોના સમૂહના ભોગે નથી. આજ નિવેદનમાં અફઘાનિસ્તાનના પ્રમુખે અફઘાનિસ્તાનના ભારત સાથેના પાયાના સંબંધો અંગે અફઘાનિસ્તાનના પરિપ્રેક્ષ્યનો પુનરોચ્ચાર કર્યો હતો.

અફઘાનિસ્તાનના પ્રમુખના આવા ખાતરીદાયક ઉચ્ચારણો છતાં ભારતની નેતાગીરી એ વાતથી સુપેરે પરિચિત છે કે તેણે અફઘાનિસ્તાનમાં અને તેની આસપાસના ઘટનાક્રમો અંગે અત્યંત સાવચેત રહેવું જરૂરી છે. કેમ કે અફઘાનિસ્તાનની સ્થિરતા અને મૈત્રી ભારત માટે ગંભીર રીતે દાવ ઉપર

લાગેલી છે. દ્વિપક્ષીય ધોરણે ભારતે અફઘાનિસ્તાન સાથે વ્યૂહાત્મક ભાગીદારીના કરાર કરેલા છે અને અફઘાનિસ્તાનમાં માળખાકીય સુવિધા તેમજ લોકશાહી માળખાની સ્થાપના માટે ૨ અબજ ડોલરની સહાય આપવાનું વચન આપેલું છે. જેમાં ભારતીય દળો દ્વારા અફઘાનિસ્તાન સૈન્યને તાલીમ આપીને ત્યાં સ્થિરતા સ્થાપિત કરવાનો હેતુ છે. ભારત માટે આ બધા મુદ્દાઓ ખૂબ જ અગ્રતા ધરાવે છે.

**પાકિસ્તાન**

૧૯૪૭માં ભાગલા પડ્યા ત્યારથી ભારત અને પાકિસ્તાનના સંબંધો સામાન્યથી નબળા રહ્યા છે. બંને દેશો વચ્ચે ૧૯૪૮, ૧૯૬૫, ૧૯૭૫ અને ત્યાર બાદ ૧૯૯૯માં કારગીલ યુદ્ધ થઈ ચૂક્યા છે. સીમાપારથી ભારતમાં આતંકવાદીઓ દ્વારા હુમલાઓ સતત ચાલુ રહ્યા છે. બંને દેશો વચ્ચે સંબંધોને સામાન્ય બનાવવા જ્યારે જ્યારે પ્રયાસો થયા છે ત્યારે આતંકવાદી હુમલાઓની ઘટનાઓથી સંબંધો ફરી જૈસે થે ની સ્થિતિમાં પહોંચી ગયા છે. ભારતમાં નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ નવી સરકારે સત્તા સંભાળી ત્યારે પાકિસ્તાન સાથેના આપણા સંબંધો અત્યાર સુધીના સૌથી નિમ્ન સ્તર ઉપર હતા. પ્રધાનમંત્રી શ્રી મોદીના સોગંદવિધિ સમારોહમાં સાર્ક દેશોના વડાઓને સામેલ થવા માટે ભારતે આપેલા આમંત્રણથી ભારત-પાકિસ્તાન વચ્ચે શિતયુદ્ધનો અંત લાવવાનું કાર્ય કર્યું. પાકિસ્તાનના પ્રધાનમંત્રીએ શરૂઆતના ખચકાટ બાદ આમંત્રણનો સ્વીકાર કર્યો અને ભારતની મુલાકાત પણ લીધી. જેના પગલે બંને દેશો વચ્ચે વિદેશ સચિવસ્તરની મંત્રણાઓ પણ શરૂ થઈ હતી, પરંતુ ગયા ઑગસ્ટમાં ભારતીય વિદેશ સચિવના પાકિસ્તાનની મુલાકાતની પૂર્વ સંધ્યાએ પાકિસ્તાનના ભારત ખાતેના ઉચ્ચાયુક્ત દ્વારા કાશ્મીરના ભાગલાવાદી નેતાઓને મળવાના નિર્ણયથી ભારતને વિદેશ સચિવની પાકિસ્તાનની મુલાકાત રદ કરવાની ફરજ પડી હતી અને તેના દ્વારા પાકિસ્તાનને ગંભીર સંદેશ આપવાનો પ્રયાસ કરાયો હતો કે ભારત સરકારને તેની સામે સખત વાંધો છે.

ભારત સરકાર દ્વારા તે સમયે બહાર પડાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે પાકિસ્તાનના હાઈકમિશનર દ્વારા હુરિયતના કથિત નેતાઓને મંત્રણા માટે અપાયેલું આમંત્રણ પાકિસ્તાનની ગંભીરતા સામે પ્રશ્નો પણ કરે છે અને તે દર્શાવે છે કે તેનું નકારાત્મક વલણ અને ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી કરવાના પ્રયાસો સતત ચાલુ છે. વર્તમાન પરિસ્થિતિમાં એવું જણાય છે કે ઈસ્લામાબાદ ખાતે આવતા અઠવાડિયે ભારતના વિદેશ સચિવની મુલાકાતનો કોઈ હેતુ રહેતો નથી. ત્યાર બાદ ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભામાં કાશ્મીરના પ્રશ્નને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપવાના પાકિસ્તાનના વધુ એક પ્રયાસથી બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ વધી હતી. અત્રે એ કહેવું યોગ્ય ગણાશે કે ૧૯૭૨ના સિમલા કરાર હેઠળ કાશ્મીરનો પ્રશ્ન - દ્વિપક્ષીય ધોરણે ઉકેલવા માટે પાકિસ્તાન સહમત થયું હતું.

કથિત સાર્ક યાત્રાના ભાગ રૂપે ૩ માર્ચ, ૨૦૧૫ના રોજ વિદેશ સચિવને પાકિસ્તાન મોકલવાના ભારતના નિર્ણયથી અને પાકિસ્તાન સાથે ક્રિકેટ સંબંધો પુનઃ સ્થાપિત કરવાના અહેવાલોથી સમીક્ષકોમાં પાકિસ્તાન તરફની ભારતની નીતિ અંગે પ્રશ્નો સર્જાયા હતા.

આ સંદર્ભમાં વિદેશમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજે ૩૧મી મે, ૨૦૧૫ના રોજ નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં આવા પગલાંઓનો સ્પષ્ટપણે ઈન્કાર કર્યો હતો. ભારતની પાકિસ્તાન પ્રત્યેની નીતિમાં કોઈ પીછેહઠનો ઈન્કાર કરતાં તેમણે જણાવાયું હતું કે, ભારતે પાકિસ્તાનને સ્પષ્ટપણે જણાવેલું છે કે તેની નીતિ મુખ્ય ત્રણ બાબતો ઉપર આધારિત છે, જેમાં પ્રથમ તમામ બાબતો શાંતિપૂર્ણ મંત્રણાથી ઉકેલવી, બીજું ભારત અને પાકિસ્તાન વચ્ચેની મંત્રણામાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા નહીં અને ભારત અને પાકિસ્તાન વચ્ચેની મંત્રણા શાંતિપૂર્ણ માહોલમાં સિમલા કરાર અને લાહોર ઘોષણાપત્ર અનુસાર યોજાશે.

ભવિષ્યમાં શું થશે એ કહેવું મુશ્કેલ હોવા છતાં અહીં એ કહેવું ઉચિત ગણાશે કે પાકિસ્તાન સાથેની સમસ્યાનું મૂળ કાશ્મીરમાં નહીં, પરંતુ પાકિસ્તાનમાં એકથી વધુ સત્તા કેન્દ્રોમાં રહેલું છે. જેમાં શક્તિશાળી સૈન્ય, પ્રભાવશાળી આઈ.એસ.આઈ., કટ્ટરવાદી પરિબળો તેમજ લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી પરંતુ અત્યંત નાજુક સરકારનો સમાવેશ થાય છે. જ્યાં સુધી પાકિસ્તાનમાં આ જુદા જુદા સત્તા કેન્દ્રો વચ્ચે ભારત સાથેના

સંબંધો અંગે સર્વાનુમતિ ન થાય ત્યાં સુધી નક્કર પ્રગતિ માત્ર આશા જ બની રહેશે.

**શ્રીલંકા**

વર્ષ ૨૦૦૯માં શ્રીલંકામાંથી એલ.ટી.ટી.ઈ.ના ખાત્મા બાદ ભારતે શ્રીલંકા તરફ બહુ આયામી અભિગમ અપનાવ્યો છે. આ નીતિના કેટલાક ભાગો છે. તેમાં એક શ્રીલંકાની સરકારને શ્રીલંકામાં રહેતા તામિલ લોકો પ્રત્યેની તેમની વચનબદ્ધતા યાદ કરાવવી અને ૧૩મા સુધારાનો સમયસર અમલીકરણ સાથે અર્થપૂર્ણ રીતે તામિલ લોકોને સત્તામાં ભાગીદાર બનાવવા. બીજું શ્રીલંકામાં વસતા તામિલોને વારંવાર એ યાદ અપાવવાનો પ્રયાસ કે જેમાં તેઓ ૧૩મા સુધારાનો અર્થ નિષ્ફળ જાય નહીં તે માટે તમામ પ્રયાસો કરશે અને ભવિષ્યમાં તેમનો સમુદાય સમાનતા, ન્યાય અને આત્મસન્માન માટે પ્રતિબદ્ધ રહેશે. ત્રીજું લાંબા ગૃહયુદ્ધને કારણે ખૂબ જ અસરગ્રસ્ત ઉત્તર શ્રીલંકાના વિસ્તારમાં પુનઃનિર્માણ માટે રોકાણ, ચાર - ભારતમાં તામિલ નેતાગીરીની માગણીઓને સ્વીકારીને વિદેશનીતિના ઘડતરમાં રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં લેવું તેમજ પાંચમા ક્રમે માછીમારોના પ્રશ્નોનું સમાધાન શોધવાનો સમાવેશ થાય છે.

કમનસીબે શ્રીલંકાના ભૂતપૂર્વ પ્રમુખ મહિન્દ્રા રાજપક્ષે ખાતરી આપવા છતાં તેમણે આપેલા વચનો પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને શ્રીલંકામાં લઘુમતિ તામિલોને સત્તાનું હસ્તાંતરણ કરી શક્યા નહીં અને તેનાથી વિરુદ્ધ તેમણે ચાઈના કાર્ડ રમવાનું પસંદ કર્યું હતું. તેમની જાણી જોઈને અપનાવાયેલી ચાઈના તરફી નીતિથી ચાઈના દ્વારા શ્રીલંકામાં અનેક વ્યૂહાત્મક વિસ્તારો ઉપર કબજો મેળવવામાં સરળતા મેળવી છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩ દરમિયાન શ્રીલંકાની સરકાર દ્વારા એલ.ટી.ટી.ઈ. વિરુદ્ધની લડાઈમાં માનવ અધિકારોના કરાયેલા ઉલ્લંઘન અંગે ભારત દ્વારા શ્રીલંકાની વિરુદ્ધ કરાયેલું મતદાન પણ શ્રીલંકાને પસંદ આવ્યું નહોતું. અને તેથી જ વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ભારત દ્વારા મતદાનમાં ગેરહાજર રહેવાના નિર્ણયને શ્રીલંકા માટે આશ્વાસન રૂપ ગણવામાં આવે છે. હવે ભારત અને શ્રીલંકા - એમ બંને દેશોમાં નવી સરકારો છે. બંને દેશો વચ્ચે ટૂંકા સમયગાળામાં ચાર ઉચ્ચકક્ષાની મુલાકાતો યોજાઈ ચૂકી છે.

ખૂબ જ ટૂંકાગાળામાં ભારત-શ્રીલંકા વચ્ચેની ઉચ્ચકક્ષાની ચાર બેઠકો અને ગયા જાન્યુઆરી મહિનામાં શ્રીલંકામાં સત્તા પરિવર્તન બંને દેશોના સંબંધોમાં સુધારા માટે હકારાત્મક સંકેતો છે. શ્રીલંકાના વિદેશમંત્રી ભારત આવી ચૂક્યા છે, ભારતના વિદેશમંત્રી શ્રીલંકાની મુલાકાત લઈ ચૂક્યા છે. તેમજ શ્રીલંકાના પ્રમુખની ભારતની મુલાકાત અને ભારતના પ્રધાનમંત્રીની શ્રીલંકાની મુલાકાત આ દિશામાં મહત્ત્વપૂર્ણ મનાય છે. શ્રીલંકાના બંધારણમાં ૧૩મા સુધારા દ્વારા શ્રીલંકાના તામિલોને સત્તાઓ સોંપવાના મુદ્દા ઉપરાંત શ્રીલંકા સાથે પરસ્પર અર્થપૂર્ણ સહકાર, માછીમારોની સુરક્ષા અને સલામતિ અને ભારતની સુરક્ષાની સંવેદનશીલતા જેવા મુદ્દાઓ પણ મહત્ત્વપૂર્ણ છે અને તે ઉપરાંત હવે બંને દેશો વચ્ચે વેપાર, વાણિજ્ય, દરિયાઈ સુરક્ષા, સમૃધ્ધ અર્થતંત્ર જેવા નવા ક્ષેત્રો ઉપર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. સૌથી મહત્ત્વપૂર્ણ બાબત સંબંધોને નવી ઊંચાઈ ઉપર લઈ જવા માટે બંને દેશો દઢ રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવી રહ્યા છે. ભારતને આશા છે કે શ્રીલંકાની નવી નેતાગીરી ખુલ્લું વલણ દાખવશે અને ચીન તથા ભારત સાથેના સંબંધોમાં સંતુલનનો પ્રયાસ કરશે.

**નેપાળ**

જુદા જુદા કારણોસર ભારતના નેપાળ સાથેના સંબંધોમાં છેલ્લા કેટલાક વર્ષોથી સ્થગિતતા આવી હતી. નેપાળમાં રાષ્ટ્રવાદી પરિબળો દ્વારા બંને દેશો વચ્ચે ૧૯૫૦માં થયેલી શાંતિ અને મિત્રતા માટેની ભારત - નેપાળ સંધિ ઉપર પુનર્વિચારણા કરવાની માગણી કરી રહ્યા છે. જે ભારત અને નેપાળ વચ્ચે વર્ષોથી રહેલા સારા સંબંધોમાં અંતરાયરૂપ મુદ્દો બન્યો છે. આ સંધિની જોગવાઈઓમાં નેપાળના નાગરિકોને ભારતમાં અનેક પ્રકારના લાભોની જોગવાઈ છે. જેમાં ભારતના નાગરિકોની સમકક્ષ સુવિધાઓ અને તકો મેળવવાનો અધિકાર સામેલ છે. આ સંધિથી નેપાળ જમીન સરહદેથી ઘેરાયેલા દેશના ગેરલાભમાંથી બહાર આવવામાં પણ સફળ રહ્યો છે. નેપાળમાં કેટલાક સ્થાપિત હિતો દ્વારા ભારત ભૂતાનના ધોરણે નેપાળ સાથે જળવિદ્યુત મથકોના કરારને અટકાવવામાં સફળતા

મેળવી છે. જેને કારણે નેપાળમાં વીજળીની અનેકગણી માંગ હોવા છતાં તેને વીજળી બહારથી આયાત કરવી પડે છે. અને તેને કારણે નેપાળની સરહદે આવેલા ભારતના રાજ્યોને વારંવાર પૂરના પાણીનો ભોગ બનવું પડી રહ્યું છે.

એ જ રીતે ભારત દ્વારા ખાતરી અપાયેલા કેટલાક પ્રોજેક્ટ પૂરા પાડવામાં ખૂબ જ મોડું થયું હોવાની પણ નેપાળની ફરિયાદ છે. આ ઉપરાંત છેલ્લા ઘણા વર્ષોથી નેપાળમાં રાજકીય અસ્થિરતાનો માહોલ છે. જેમાં ત્યાં રાજાશાહીનો અંત આવેલો, માઓવાદનો ઉદય અને અસ્ત થયેલો અને માઓવાદના ઉગ્રવાદીઓ સામાન્ય જનજીવનમાં પાછા ફર્યા છે. નેપાળમાં હવે લોકશાહીનો જન્મ થયો છે અને દેશનું નવું બંધારણ લખવાની પ્રક્રિયા ચાલુ છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગયા ઑગસ્ટ મહિનામાં લીધેલી નેપાળની મુલાકાત અનેક અર્થમાં મહત્ત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રીએ દેશમાં કાર્યભાર સંભાળવાને ૩ મહિનામાં જ આ મુલાકાત લીધી હતી. પ્રધાનમંત્રીની મુલાકાત પહેલાં બંને દેશોના વિદેશી સચિવોની બેઠક યોજાઈ હતી. જે છેલ્લા ૨૩ વર્ષમાં પ્રથમ પ્રસંગ છે. નેપાળની વિધાનસભા અને સંસદને સંબોધન કરવાનું બહુમાન મેળવનારા પ્રધાનમંત્રી શ્રી મોદી વિશ્વના પ્રથમ નેતા છે.

નેપાળના લોકોની સંવેદનશીલતાના પ્રતિભાવમાં નેપાળ સાથેની ૧૯૫૦ની શાંતિ અને મિત્રતાની સંધિ ઉપર પુનઃવિચાર કરવા, ફેરફાર અને સુધારાઓ કરવા પણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી કરીને સુધારેલી સંધિમાં નેપાળની આશા અને અપેક્ષાઓને બહુ સારી રીતે ન્યાય આપીને સંતોષ આપી શકાય. ૪થી ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ ભારત અને નેપાળ દ્વારા પ્રધાનમંત્રીની મુલાકાત ઉપર બહાર પડાયેલા સંયુક્ત નિવેદનમાં નવી સુધારેલી સંધિમાં સંબંધોને નવી દિશા આપવાનો નિર્ધાર વ્યક્ત કરાયો છે. નેપાળમાં પ્રવર્તતી અવિશ્વાસની લાગણીના સંદર્ભમાં પ્રધાનમંત્રી શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારત ક્યારેય પણ નેપાળની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવા માગતું નથી અને નેપાળ સાથે દ્વિપક્ષીય ધોરણે તેમજ ક્ષેત્રીય મંચ ઉપર સહકાર સાધવા માગે છે. પંચેશ્વર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, અપર કરનાલી હાઈડ્રો પાવર પ્રોજેક્ટના પ્રોજેક્ટ ડેવલપમેન્ટ એગ્રિમેન્ટ અને કેટલાક નવા ક્ષેત્રોમાં સહકાર વધારવા સમય સીમા સુનિશ્ચિત કરવામાં આવી છે.

અંતમાં આપણે કહી શકીએ કે દક્ષિણ એશિયામાં ભારતની છેલ્લા એક વર્ષની ગાઢ અને ઉત્સાહસભર રાજદ્વારી પહેલ ઘણા અર્થમાં પરિણામદાયી નિવડી છે. તેનાથી પડોશી દેશો સાથે અવિશ્વાસની ખાઈ ઘટી છે. પોતાના વચનો પરિપૂર્ણ કરવાની ભારતની ક્ષમતામાં સાથી દેશોનો વિશ્વાસ વધ્યો છે. તેમજ વિવિધ ક્ષેત્રે સહકારના આદાન-પ્રદાન સાથે સંબંધોને નવી ઊંચાઈ ઉપર લઈ જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત થઈ છે. એક એવો પણ સંદેશ આપવામાં આવ્યો છે કે જો સાર્ક સમૂહ દેશોમાં સાથે મળીને કામ કરવામાં તમામ સભ્ય દેશોને કોઈ મુશ્કેલી નડતી હોય તો તેવા દેશો દ્વિપક્ષીય ધોરણે અથવા પેટા પ્રાદેશિક જૂથ રચીને પણ સંબંધોમાં સહકારનું આદાનપ્રદાન કરી શકે છે અને તે રીતે આગળ વધી શકે છે. હવેની જરૂરિયાત અત્યાર સુધી મળેલા લાભો ઉપર પૂરક પગલાંઓ દ્વારા સંબંધોને વધુ મજબૂત બનાવવા, વચનો અને ખાતરીઓને પૂર્ણ કરીને - વિશ્વાસ સ્થાપવા તેમજ અન્ય વણઉકેલ સમસ્યાઓને અસરકારક રીતે હલ કરવાના પ્રયાસો કરવાનો સમાવેશ થાય છે.

**લેખક આર્મેનિયા અને જ્યોર્જિયા ખાતે ભારતીય રાજદૂત રહી ચૂક્યા છે. લેખકે સંયુક્ત રાષ્ટ્ર અને વિયેના ખાતે આંતરરાષ્ટ્રીય સંગઠનના ભારત તરફથી નાયબ કાયમી પ્રતિનિધિ તરીકે કામગીરી બજાવી છે. નવી દિલ્હી ખાતે તેઓ પડોશી દેશો સાથેના સંબંધોના ઈન્ચાર્જ ડાયરેક્ટર રહી ચૂક્યા છે.**

**આગામી અંકનો વિષય**

**ઓગસ્ટ-૨૦૧૫**

**સમાવેશક વિકાસ અને સામાજિક પરિવર્તન**

# ભારત-અમેરિકા વચ્ચે ભાગીદારીની શક્યતાઓ

● કે. સી. સિંહ ●

ભારતને ૧૯૪૭માં આઝાદી મળી હતી પછી અમેરિકા અને ભારતે સતત ભાગીદારી ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે. બંને દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ છે અને સાંસ્કૃતિક મૂલ્યોનો સ્વીકાર કરે છે, પણ ઘણી વખત આંતરરાષ્ટ્રીય સ્તરે એકબીજાથી વિપરિત હેતુઓએ બંને દેશો વચ્ચેના સંબંધ મજબૂત થવા દીધા નહોતા. ૧૯૮૯માં શિતયુદ્ધના અંત અને પછી સોવિયત સંઘના પતનને પગલે તેમજ ભારતે ઉદારીકરણનો માર્ગ અપનાવ્યા પછી ભારત અને અમેરિકાના સંબંધોએ વાસ્તવિક સ્વરૂપ અને વેગ પકડ્યો છે. છેલ્લાં અઢી દાયકામાં દરેક વડાપ્રધાને આ પ્રક્રિયાને આગળ ધપાવવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે, જેની શરૂઆત પી વી નરસિંહરાવથી થઈ હતી. જોકે આ ગાળામાં એક વખત ગંભીર મડાગાંઠ મે, ૧૯૯૮માં સર્જાઈ હતી. તત્કાલિન વાજપેયી સરકારે પરમાણુ બોંબનું પરિક્ષણ કરતા અમેરિકાએ ગ્લેન સુધારણા હેઠળ ભારત પર પ્રતિબંધો લાદી દીધા હતા. જોકે જસવંતસિંહ-સ્ટ્રોબ ટેલ્બોટની બેઠક પછી બંને દેશોએ નવા અવરોધો પાર પાડવાની કામગીરી શરૂ કરી હતી, જેના પગલે વૈશ્વિક સ્તરે ભારતની ભૂમિકા અને સ્થિતિને વધુ સ્પષ્ટ માન્યતા મળી હતી અને બંને દેશ વચ્ચે વાસ્તવિક જોડાણનો પ્રારંભ થયો હતો.

અમેરિકાએ સ્વીકાર કર્યો હતો કે ભારતને દુનિયાની અન્ય અનિષ્ટ પરમાણુ સત્તાની જેમ ન ગણી શકાય. ભારત ખરા અર્થમાં નવી મહાસત્તા તરીકે વિકસતો દેશ છે અને તેને નાણાકીય અને સુરક્ષાની દૃષ્ટિએ ટોચના આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સ્થાન આપવાની જરૂર છે તેવો અહેસાસ અમેરિકાના શાસકોને થયો હતો. શિતયુદ્ધ દરમિયાન જૂથનિરપેક્ષ ભારતને શાંત અને બિનઆક્રમક રાષ્ટ્ર ગણવામાં આવતું હતું, પણ તેને વિશ્વસનિય ભાગીદાર તરીકે માન્યતા મળી નહોતી. જોકે ૧૯૭૧-૭૨માં બાંગ્લાદેશની મુક્તિ વખતે અમેરિકાએ ભારતવિરોધી અભિગમ અપનાવ્યો હતો, કારણ કે ભારતને સોવિયત રશિયાનું બિનસત્તાવાર ભાગીદાર ગણવામાં આવતું હતું. પણ પછી દુનિયામાં પરિવર્તનનો પવન ફૂંકાતા, સામ્યવાદ અને સોવિયત રશિયાનું પતન થવાથી અને ભારતીય અર્થતંત્રનું ઉદારીકરણ થવાથી ભારતને ભાગીદાર બનાવવા માટે અમેરિકા આકર્ષાયું છે.

બિલ ક્લિન્ટન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ હતા ત્યારે ભારતીય બજારના વિશાળ કદ અને સંભવિતતાએ અમેરિકાને ભારત પર ધ્યાન કેન્દ્રિત કરવાની ફરજ પાડી હતી. તેના પગલે ૧૯૯૫માં વાણિજ્ય પ્રધાન રોન બ્રાઉનના નેતૃત્વમાં ભારતમાં પ્રેસિડેન્શિયલ બિઝનેસ ડેવલપમેન્ટ મિશન આવ્યું હતું, જેનો હેતુ મોટા વિકાસશીલ બજારો સાથે સંબંધ સુધારવાની પહેલ કરવાનો હતો.૧૯૯૯થી બંને દેશ વચ્ચેના સંબંધમાં ગતિ આવી હતી. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટને ૨૦૦૦માં ભારતની મુલાકાત લીધી હતી અને પછી તરત વર્ષ ૨૦૦૧માં અમેરિકા પર આતંકવાદી હુમલો થયા પછી વડાપ્રધાન અટલબિહારી વાજપેયીએ અમેરિકાનો પ્રવાસ કર્યો હતો. આ હુમલા પછી અમેરિકાને આતંકવાદીઓ સામે વૈશ્વિક લડાઈના નવા પડકારને પહોંચી વળવા ભારતને ભાગીદાર બનાવવાની જરૂર વર્તાઈ હતી. પછી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયેલા જ્યોર્જ બુશે એશિયામાં ચીનના વધતા જતા પ્રભાવને નિયંત્રણમાં રાખવા ભારતને મજબૂત કરવાની વ્યૂહરચના પર ભાર મૂક્યો હતો. આ બંને બાબતોએ ભારત-અમેરિકા વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવ્યા છે.

એકવીસમી સદીના પ્રથમ દાયકામાં અમેરિકા-ભારતના સંયુક્ત કાર્યકારી જૂથો અને ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાને બંને દેશ વચ્ચેના સંબંધો માટે મજબૂત પાયો નાંખ્યો છે. આ પૃષ્ઠભૂમિના સંદર્ભમાં મોદી સરકારની અમેરિકા સાથે સંબંધો મજબૂત કરવાની કવાયતને જોવી જોઈએ. દાખલા તરીકે, ભારત-અમેરિકા નાગરિક પરમાણુ સંધિ ફક્ત પરમાણુ ઊર્જા પૂરતી મર્યાદિત નથી, પણ વર્ષ ૧૯૭૪માં ભારતના પ્રથમ શાંતિપૂર્ણ પરમાણુ પરિક્ષણથી અમેરિકા અને તેના સહયોગી



દેશોએ ઉચ્ચ ટેકનોલોજીના હસ્તાંતરણ પર મૂકેલા પ્રતિબંધને ઉઠાવવા માટે છે. પરમાણુ સપ્લાયર્સ ગ્રૂપ, મિસાઈલ ટેકનોલોજી નિયંત્રક સંગઠન, વાસેનાર અને ઓસ્ટ્રેલિયા જૂથ – આ ચાર સંગઠનો અત્યાધુનિક ટેકનોલોજી અને તેના ઉપયોગમાં કુશળતા ધરાવે છે. પણ ભારતને તેનો લાભ મળતો નથી. જો ભારતે આધુનિક દેશો સાથેની હરોળમાં સ્થાન મેળવવું હોય, તો શિતયુદ્ધ દરમિયાન મૂકાયેલા પ્રતિબંધોમાંથી ભારતને મુક્ત કરવું પડશે તેવો અહેસાસ અમેરિકાને થયો છે.

જોકે અમેરિકા તેની નાણાકીય અને બેન્કિંગ કટોકટી અને યુરોઝોન કટોકટી સાથે ઝઝૂમતું હતું ત્યારે બંને દેશના સંબંધમાં થોડો ઠહેરાવ આવ્યો હતો. આ ગાળામાં ભારત પણ આર્થિક ક્ષેત્રમાં વિચિત્ર નીતિવિષયક નિર્ણયોની પોતાની સમસ્યા સામે ઝઝૂમતું હતું. આ દરમિયાન બંને દેશોમાં નિરાશા વ્યાપી ગઈ હતી અને દરેક એજન્સી કે વિભાગ પોતપોતાનો એજન્ડા આગળ ધપાવતા હતા. દોહામાં વેપારી વાટાઘાટમાં ભારતે તેનું વલણ મક્કમ રાખ્યું હતું અને સમજૂતિને આગળ વધતી અટકાવી હતી, કારણ કે દોહામાં વિશ્વના અન્ય દેશો ભારતની ખાદ્ય ચીજવસ્તુઓના અનામત જથ્થા પર તેની ચિંતાને દૂર કરવા તૈયાર નહોતા. ભારતે પરમાણુ દુર્ઘટનાના સંબંધમાં કડક કાયદો બનાવ્યો હોવાથી અમેરિકા નારાજ હતું અને ઉપકરણની શરતો પર ભારતે શરતો લાદી હોવાનું માનતું હતું. આ શરતો કે કાયદો માનવાનો અમેરિકાએ ઈનકાર કર્યો હતો. વળી અમેરિકન કોંગ્રેસે ભારતમાં બૌદ્ધિક સંપત્તિના અધિકારના ઉલ્લંઘન પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું હતું. અધૂરામાં પૂરું અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે વિઝા નિયમો કડક બનાવ્યા છે અને તેના કારણે ભારતના ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં કાર્યરત વ્યાવસાયિકોને અસર થઈ છે તેવું ભારત સરકાર માનતી હતી. આ તમામ પરિબળોને પગલે બંને દેશના ટોચના નેતાઓના હસ્તક્ષેપની જરૂર હતી. એટલે વડાપ્રધાન મોદીએ ભારત-અમેરિકાના સંબંધોને નવી ઊંચાઈ પહોંચાડવાની કામગીરી હાથ પર લીધી છે.

મોદીએ સપ્ટેમ્બર,૨૦૧૪માં અમેરિકાની મુલાકાત લીધી હતી અને જાન્યુઆરી, ૨૦૧૫માં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ વળતી મુલાકાત લીધી હતી. તેઓ અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ છે, જેમણે તેમના શાસનકાળમાં બે વખત ભારતની મુલાકાત લીધી છે. એટલું જ નહીં પ્રજાસત્તાક દિને મુખ્ય અતિથિ બનનાર તેઓ પ્રથમ અમેરિકન પ્રમુખ છે. બંને દેશના નેતાઓની મુલાકાત પછી ઘણી બધી સમસ્યાઓનું સમાધાન થયું છે.

વિશ્વ વેપાર સંગઠનની સમસ્યા ઉકેલાઈ ગઈ છે અને અમેરિકા સંમત થઈ ગયું છે કે સંગઠનથી ખાદ્ય ચીજવસ્તુઓ કે અનાજના ભંડોળની સમસ્યાનું સમાધાન કરવાના ઉપાયો તાત્કાલિક ધોરણે હાથ ધરશે, નહીં કે પાછળથી. પરમાણુ જવાબદારીનો મુદ્દો ઓબામાની ભારતીય મુલાકાત પછી ઉકેલાઈ ગયો છે. અમેરિકન સરકાર એ વાતે સંમત થઈ ગઈ છે કે ભારતે અમેરિકાના સપ્લાયર્સને ભારતીયોએ રજૂ કરેલ જવાબદારીનો નવો દસ્તાવેજ રજૂ કરવો જોઈએ અને તેની વ્યવહારિકતા પર તેમની પુષ્ટિ મેળવવી જોઈએ.

અમેરિકામાં વડાપ્રધાન મોદીની મુલાકાત પછી અને ભારતમાં ઓબામાની મુલાકાત પછી જાહેર થયેલા સંયુક્ત નિવેદનોની સરખામણી કરીએ તો સ્પષ્ટ જણાય છે કે પારસ્પરિક વિકાસ વધ્યો છે અને સહકાર માટેના ક્ષેત્રોમાં વધારો થયો છે.

છેલ્લાં એક વર્ષમાં ભારત-અમેરિકા સંબંધને ઊર્જા ક્ષેત્રમાં પ્રોત્સાહન મળ્યું છે અને મોદીએ આ બાબતે વ્યક્તિગત ધ્યાન આપ્યું છે. સપ્ટેમ્બર, ૨૦૧૪માં વોશિંગ્ટનમાં આયોજિત બેઠકમાં તમામ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી અને સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. વેપારની દૃષ્ટિએ જોઈએ તો બંને દેશ વચ્ચે ચીજવસ્તુઓ અને સેવાના દ્વિપક્ષીય વેપારને ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે, જે માળખાગત વિકાસ માટેના દ્વિપક્ષીય વેપારની સરખામણીમાં પાંચ ગણો વધારે છે. તે ક્ષેત્રમાં આગામી પગલાં સ્વરૂપે ઉચ્ચસ્તરીય બૌદ્ધિક સંપત્તિ જૂથની રચના કરવામાં આવી છે. વ્યાવસાયિકો માટે ટૂંકાગાળાના એચ-૧ વિઝા પર કોઈ ખાતરી આપવામાં આવી નથી તેમ છતાં ઇન્ફોર્મેશન ટેક્નોલૉજીના પ્રદાનની પ્રશંસા અમેરિકાએ કરી છે. ઉત્પાદનમાં નવીનતા અપનાવવા અને કૌશલ્ય સંવર્ધનમાં નવી ભાગીદારી કરવા ભાર મૂકવામાં આવ્યો છે.

ઊર્જા અને આબોહવામાં ફેરફારનો એકસાથે વિચાર કરવામાં આવ્યો છે અને પર્યાવરણને નુકસાન ન થાય તે માટે સ્વચ્છ અને નવીનીકરણ ઊર્જા અને પરમાણુ ઊર્જાને અપનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ ક્ષેત્રમાં વ્યૂહાત્મક ભાગીદારી પાર્ટનરશિપ ટૂ એડવાન્સ ક્લીન એનર્જી (PACE) સ્વરૂપે જોવા મળે છે. સંયુક્ત રાષ્ટ્રના આબોહવામાં ફેરફાર પર માળખાકીય સંમેલન હેઠળ પેરિસ ૨૦૧૫ પરિષદની સફળ સમજૂતિ પર પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરવામાં આવી છે, જે ઉત્સર્જન ઘટાડવા ભાર મૂકે છે. ભારતના અર્થતંત્રને કાર્બનનું ઓછું ઉત્સર્જન કરતા અર્થતંત્રમાં ફેરવવા એક અબજ ડોલરની એક્ઝિમ બેન્ક લોન આપવાની ખાતરી પણ અમેરિકાએ આપી છે.

સંરક્ષણ સહકાર પર વર્તમાન સમજૂતિને નવો ઓપ આપવા, સંરક્ષણ ટેકનોલોજીઓના હસ્તાંતરણને સુગમ બનાવવા, મલબારમાં નૌકાદળના સંયુક્ત અભ્યાસને અપગ્રેડ કરવા સંરક્ષણ અને સ્થાનિક સુરક્ષાના મુદ્દાને સામેલ કરવામાં આવ્યાં છે. આતંકવાદનો મુકાબલો કરવા બંને દેશોએ સંયુક્ત પ્રયાસો પર ભાર મૂક્યો છે, જેમાં આતંકવાદીઓ અને અપરાધીઓને પોષતા દેશોમાં તેમના નેટવર્કને તોડી પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. પાકિસ્તાનમાંથી સંચાલિત તમામ જૂથોના નામ જાહેર કરવામાં આવ્યાં છે, જેમાં લશ્કર-એ-તોઈબા કે ડી કંપની સામેલ છે. પાકિસ્તાન દ્વારા મુંબઈમાં આતંકવાદી હુમલાના ષડયંત્રકારોને સજા કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. પાકિસ્તાનને ધ્યાનમાં રાખીને જ ઉપયોગ કરવામાં આવેલી આ ભાષા અને સંયુક્ત પ્રયાસનો સંકેત પાકિસ્તાનને ચેતવણી સમાન છે.

"ઉચ્ચ ટેકનોલોજી, અવકાશ અને સ્વસ્થ સહકાર" જ ભારતને ૨૧મી સદીમાં ઉત્પાદન ક્ષેત્રનું કેન્દ્ર બનાવી શકે છે. અમેરિકામાં ઊર્જાના ખર્ચમાં ઘટાડો થવાથી અને અનેક ક્ષેત્રોમાં ઉત્પાદન પ્રક્રિયામાં રોજગારીનું સર્જન થવાથી તેનું અર્થતંત્ર વેગ પકડી રહ્યું હોવા છતાં પસંદગીના ક્ષેત્રોમાં મોદી સરકારનું "મેક ઇન ઇન્ડિયા" અભિયાન સરકારને આકર્ષી શકે છે. મોદીએ નવી પહેલ GIAN - Global Initiative of Academic Networks શરૂ કરી છે, જે અકાદમિક નેટવર્કની વૈશ્વિક પહેલ છે, જેમાં અમેરિકાના શૈક્ષણિક ક્ષેત્રે સંકળાયેલા ૧૦૦૦ વિદ્વાનો દર વર્ષે ભારતની મુલાકાત લેશે. એશિયામાં ટોચની યુનિવર્સિટીમાં ભારતની એક પણ યુનિવર્સિટી સામેલ નથી ત્યારે ઉચ્ચ શિક્ષણમાં સુધારો કરવાનો આ ઝડપી માર્ગ છે.

સ્વાસ્થ્ય ક્ષેત્રમાં નવા અને જૂનાં મહારોગ સામે લડવા સહકાર દાખવવાનો અને રસી બનાવવાના સંયુક્ત પ્રયાસો હાથ ધરવાનો સંકેત આપવામાં આવ્યો છે. ચોક્કસ ભારતે ગૌણ સ્તરે સામાન્ય નાગરિક માટે સારી તબીબી સુવિધામાં જે ઊણપ છે તે દૂર કરવી પડશે. ભારતમાં ખાનગી ક્ષેત્રમાં વૈશ્વિક કક્ષાની હોસ્પિટલો બની છે, પણ તેનાથી ધનિક અને ગરીબ ભારતીયોની વિભાજનરેખા સ્પષ્ટ અને પહોળી થઈ છે. અતિ ગરીબ ભારતીયને અત્યંત નબળી સરકારી સ્વાસ્થ્ય સેવાઓ મળે છે.

વ્યૂહાત્મક સ્તરે આ નિવેદન મોદીની એક્ટ ઈસ્ટ પોલિસી અને ઓબામાની એશિયામાં પુનઃસંતુલન સ્થાપિત કરવા વચ્ચેનો પ્રયાસ છે. મધ્ય, દક્ષિણ અને પૂર્વ એશિયામાં ભારત-અમેરિકાનું જોડાણ ચીનની વન બેલ્ટ વન રોડ પહેલનો જવાબ છે. ચીનને ધ્યાનમાં રાખીને એશિયા પ્રશાંત માટે શાંતિ અને સલામતિ

તેમજ દરિયામાં અવરજવરની સ્વતંત્રતા પર ભાર મૂકવામાં આવ્યો છે, ખાસ કરીને દક્ષિણ ચીન દરિયામાં.

જાન્યુઆરી, ૨૦૧૫માં રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ભારતની મુલાકાત લીધી હતી, જેમાં ત્રણ સમજૂતિઓ થઈ હતી. આ ત્રણેય સંધિનો આશય વર્ષ ૨૦૧૪ની સમજૂતિઓને આગળ ધપાવવાનો છે, પણ તેમાં વ્યૂહાત્મક બાબતોને વધારે સ્પષ્ટ કરવાનો પ્રયાસ થયો છે. ''ડેક્લેરેશન ઓફ ફ્રેન્ડશિપ'' નામનો એક વિશિષ્ટ દસ્તાવેજ તેમાં સામેલ છે. તે ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા, પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ અને સ્થિરતાને આકાર આપવા વ્યૂહાત્મક યોજનાઓ જણાવે છે. આ ડેક્લેરેશનમાં લોકશાહી, મૂળભૂત અધિકારો વગેરે મૂલ્યો જાળવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે, તેમાં પર્યાવરણને નુકસાનકારક પરિબળો સામે સંયુક્તપણે લડવાનો ઉદ્દેશ વ્યક્ત કરાયો છે અને બંને દેશમાં સુશાસિત અને પારદર્શક બજારો પ્રત્યેની કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. તેમાં વ્યૂહાત્મક સંવાદને વ્યૂહાત્મક અને વ્યાવસાયિક સંવાદમાં પરિવર્તિત કરવામાં આવ્યો છે, સરકારના વડા અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો વચ્ચે હોટલાઈન સ્થાપિત કરવાનું કહેવાયું છે.

બીજો દસ્તાવેજ એશિયા પેસિફિક દેશો માટે સંયુક્ત વ્યૂહાત્મક વિઝનની રૂપરેખા ધરાવે છે. તેમાં સંપૂર્ણ વિસ્તારમાં લોકશાહી શાસન સુનિશ્ચિત કરવા ભારત અને અમેરિકા સંયુક્તપણે કામગીરી કરે તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. આ બંને પેપર્સમાં ચીનનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, તેમ છતાં તેની હાજરી અને પ્રભાવ દેખાય છે. ભારતે તેના સંરક્ષણ પ્રધાનને સિંગાપોરમાં શાંગરી-લા સંવાદ માટે મોકલ્યાં હોવા છતાં આ દસ્તાવેજોમાં અમેરિકા સાથે સંબંધોની નિકટતા દેખાય છે. આ બાબત સ્પષ્ટપણે સૂચવે છે કે ભારતે છેલ્લાં છ દાયકાની જૂથનિરપેક્ષતાની નીતિનો ત્યાગ કર્યો છે.

ત્યારબાદ અમેરિકાના સંરક્ષણ પ્રધાન એશ્ટન કાર્ટરે બીજી અને ત્રીજી જૂન, ૨૦૧૫ના રોજ ભારતની મુલાકાત લીધી હતી અને બંને દેશ વચ્ચેના સંરક્ષણ ક્ષેત્રમાં સંબંધોને મજબૂત કરવાનો સંકેત આપ્યો હતો. ભારતમાં ''મેક ઈન ઈન્ડિયા'' અભિયાનને આગળ ધપાવવા અમેરિકન ટેકનોલોજીનો સ્વીકાર કરવા ૧૦ વર્ષ માટે નવી સંરક્ષણ સમજૂતિ કરવામાં આવે છે. બંને દેશ વચ્ચે ચર્ચામાં સંરક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ મુદ્દા પર ચર્ચા થઈ હતી, જેમાં એરક્રાફ્ટ-કેરિયર અને જેટ એન્જિન બે મહત્ત્વપૂર્ણ મુદ્દા હતા. વિમાનનમાંથી પ્લેનને ઉડાન ભરવા માટે જરૂરી ટેકનોલોજી એકમાત્ર અમેરિકા ધરાવે છે અને તેની મદદથી લશ્કરી વિમાનો ઊંચા પેલોડ પરથી લોંચ થઈ શકે છે.

ભારત-અમેરિકા વચ્ચે સંબંધોને ગાઢ બનાવવા હવે વાસ્તવિક કાર્ય અસરકારક રીતે હાથ ધરવાની જરૂર છે, ખાસ કરીને સંરક્ષણના ક્ષેત્રમાં, કારણ કે ચીન આક્રમક વિસ્તારવાદી નીતિ ધરાવે છે અને દક્ષિણ ચીનના વિવાદાસ્પદ વિસ્તાર પર તેનું નિયંત્રણ વધ્યું છે. દરમિયાન ભારતે બ્રીક્સ મારફતે રશિયા અને ચીન માટે દરવાજા ખોલી દીધા છે અને શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનમાં ભારતને પ્રવેશ મળવાની શક્યતા છે. આ સમાતંર કે સ્પર્ધાત્મક જોડાણો વચ્ચે સંતુલન સાધવાનો પડકાર ભારત સામે છે. ભારતની સંતુલનકાર તરીકેની ભૂમિકા અને સત્તામાં પરિવર્તન સાઉથ બ્લોકમાં રાજદૂતો માટે પડકારજનક બની જશે, જેને દરેક મહાશક્તિથી અળગા રહીને કામ કરવાનો વારસો મળ્યો છે.

સત્તામાં આ પ્રકારનું સંતુલન જાળવવામાં જર્મન ચાન્સેલર ઓટ્ટોવન બિસ્માર્ક કાબેલ હતા, જેઓ ૧૮૭૩-૧૮૯૦ વચ્ચે સત્તામાં હતા. તેમની કુનેહયુક્ત રાજનીતિને પગલે જર્મનીએ પ્રથમ વિશ્વયુદ્ધ અગાઉ જગતની પાંચ મહાસત્તાઓ (રશિયા, ઓસ્ટ્રિયા, ફ્રાંસ, બ્રિટન અને જર્મની)માં સ્થાન મેળવ્યું હતું. તેમની સલાહ અત્યારે ભારત માટે પ્રસ્તુત રહેશે કે જેમણે ત્રણ કે વધારે દેશો સાથે રહેવાનું સૂચન કર્યું હતું. ભારત અને અમેરિકાએ અગાઉ ઘણી તકો ગુમાવી છે એટલે આગામી દાયકામાં ઉપલબ્ધ તકો ઝડપવાનો પડકાર રહેશે. જ્યારે તમામ દેશ પોતાના હિતને પ્રાધાન્ય આપે છે, ત્યારે અમેરિકાના બજારો ખુલ્લા ન મૂકાયા હોત તો ચીનનો વિકાસ શક્ય નહોતો અને તેને ટેકનોલોજી અને રોકાણ મળવું સંભવિત નહોતું. છેલ્લાં અઢી દાયકામાં એક પછી એક સરકારે ભારત માટે સમાન તકો ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે. હવે ભારતના શાસકો જ ભારતની પ્રગતિને અને અમેરિકા સાથે સંબંધને આગળ વધતા અટકાવી શકે, બીજું કોઈ નહીં.... ..

**લેખક વિદેશ મંત્રાલયના પૂર્વ સચિવ છે. તેઓ ઈરાન અને યુએઈના રાજદૂત પણ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ વ્યૂહાત્મક શરૂઆત માટેના થીંક ટેન્ક ફોરમના ગવર્નર બોર્ડમાં છે.**

# આર્થિક વિકાસ માટે ભારતીય મુત્સદ્દીગીરી

• રામ ઉપેન્દ્ર દાસ •

ભારતની વૈશ્વિક આર્થિક ગતિવિધિ-પ્રવૃત્તિઓએ નવો પક્ષેપપથને સ્પર્શ કર્યો છે અને ભવિષ્યમાં તે હજુ વધુ ઊંચાઈના શિખરોને સર કરે તેવી અપેક્ષા છે. આ બાબતને સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે, કેમ કે આંતરરાષ્ટ્રીય આર્થિક સંબંધો જટિલ, વારસાક્રમ અને અનેકવિધ આંતર પ્રક્રિયા-પ્રતિક્રિયાથી ભરપૂર છે. નીતિ ઘડતરની પ્રક્રિયા અને બજારપ્રેરિત આવેગમાં તેના સૂચિતાર્થો પણ મહત્ત્વના છે. આ સંદર્ભમાં મુત્સદ્દીગીરી અને આર્થિક મુત્સદ્દીગીરી એમ બંને નવા અર્થો દર્શાવે છે.

**આર્થિક મુત્સદ્દીગીરીનો નવો સંદર્ભ**

મુત્સદ્દીગીરીની એક વ્યાખ્યા એવી માનવામાં આવે છે કે જેમાં સ્વતંત્ર રાજ્યોની સરકારો વચ્ચેના સત્તાવાર સંબંધોને જાળવવામાં બુદ્ધિચાતુર્ય અને કૂનેહનો ઉપયોગ થાય છે (સ્રોત, ૧૯૬૧). આમ છતાં સમય વિતતા નવા નવા પાસાંઓનો ઉમેરો મુત્સદ્દીગીરીની વાસ્તવિકતાની અંદર થતાં ગયા. સૌપ્રથમ તો દેશો વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા સરકાર-સરકાર સાથેના સંબંધો પૂરતી જ લાંબા સમય સુધી સીમિત રહી નથી, પરંતુ તેના બદલે દૂર-સંદેશાવ્યવહાર ટેક્નોલૉજી અને પ્રવાસની સુવિધાઓની સાથે તેમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે સંબંધો વિકસ્યા છે. જે તેમાં નાવિન્યતા સૂચવે છે. બીજું, આર્થિક વૈશ્વિકરણ અને ઉદારીકરણના યુગમાં દેશો વચ્ચે રાજકીય, સૈન્ય અને વ્યૂહાત્મક સહયોગને લઈને જે આંતરિક ક્રિયા-પ્રતિક્રિયાઓ થતી હતી તે હવે આર્થિક પ્રવૃત્તિઓ સાથે વૈકલ્પિક બની ગઈ છે. આંતરરાષ્ટ્રીય સંબંધોના આ બે મુખ્ય બાબતોએ, ભારતના સંદર્ભમાં, આર્થિક મુત્સદ્દીગીરીને સૌથી આગળ લાવી છે.

બહુપક્ષીય, પ્રાદેશિક અને દ્વિપક્ષીય કક્ષાએ સંસ્થાકીય વિકાસને કારણે આર્થિક મુત્સદ્દીગીરીને ખૂબ મોટા પ્રમાણમાં મહત્ત્વ મળ્યું છે. અને તે પણ એવા સમયે કે જ્યારે બીજા વિશ્વયુદ્ધ પછી આર્થિક બાબતો માટે જ્યાં બેઠક મળી અને જે બ્રેટન વુડ સંસ્થા તરીકે ઓળખાય છે. તેમાંથી મોહ ભંગ થયો, વિશ્વ વ્યાપાર સંઘ ડબ્લ્યુ.ટી.ઓ. (WTO)ની વાતચીતમાં પ્રગતિનો અભાવ અને સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ને બચાવવામાં કોઈ અર્થપૂર્ણ આર્થિક પ્રવૃત્તિઓમાં મળેલી નિષ્ફળતા કે જેમાં દોહા બેઠકનો પણ સમાવેશ થાય છે તેવા સમયે તેને મહત્ત્વ મળ્યું છે. જ્યારે બીજી તરફ દ્વિપક્ષીય અને પ્રાદેશિક આર્થિક સંબંધોમાં અભૂતપૂર્વ ગતિથી વધારો થયો છે. આ આર્થિક સંબંધોને સેવાકીય વ્યાપારમાં આર્થિક સહયોગ કરારમાં સર્વગ્રાહી સફળતા મળી છે, એટલું જ નહીં માલ-સામાનના વ્યાપારમાં મોટા પાયે રોકાણ પણ થયું છે. મંત્રણામાં તે વધુ ઝડપી બન્યા છે અને આપબળે ચાલતા દળની જેમ તે ઊભરી આવ્યાં છે. (ડૅસ એટ આલ, ૨૦૧૨) આ પરિબળોએ વિશ્વના જુદા જુદા ભાગોમાં આર્થિક મુત્સદ્દીગીરીના વિવિધ રણનીતિના મૂલ્યાંકન માટેના કારણો આપ્યા છે અને ભારત તેમાં અપવાદરૂપ નથી.

**નમૂનારૂપ બદલાવની અનિવાર્યતાઓ : શાંતિ સર્જતી સમૃદ્ધિની તરફ**

જો આપણે આપણી આર્થિક મુત્સદ્દીગીરીને વધુ અસરકારક બનાવવી હોય તો બીજા દેશો સાથેના આર્થિક સંબંધોમાં નમૂનારૂપ પરિવર્તન લાવવાની જરૂર પર વધારે ભાર મૂકવાની આવશ્યકતા છે. તેનો અર્થ એવો થાય કે દ્વિપક્ષીય સ્તરે અથવા કોઈ ખાસ પ્રદેશમાં શાંતિ મેળવવામાં મદદ માટે આર્થિક મુત્સદ્દીગીરી પર આધાર રાખવો પડે અને એવું થાય તે માટે આર્થિક મુત્સદ્દીગીરીએ 'શાંતિ સર્જતી સમૃદ્ધિ' તરફ ધ્યાન આપવું જ પડે. તેનો અર્થ એવો થાય કે, બીજા દેશો સાથે સૌપ્રથમ શાંતિપૂર્ણ સંબંધો વિકસાવવા અને પછી તેની સાથે આર્થિક સંબંધોને ઊંચી કક્ષા સુધી લઈ જવાને બદલે પ્રયાસોને 'ઉલટ કાર્યકારણ'ની તરફ લઈ જવા જોઈએ. ઉલટ કાર્યકારણમાં આર્થિક સમૃદ્ધિ દ્વિપક્ષીય અને પ્રાદેશિક સંબંધો શાંતિ મેળવવા તરફ હોઈ શકે અને બદલામાં તે વૈશ્વિક શાંતિ મેળવવા માટે તેના

વિવિધ તબક્કાનું નિર્માણ થઈ શકે. આ સંદર્ભમાં, સંબંધિત સાહિત્ય તરફ નજર રાખવી મહત્ત્વનું છે કે જે નમૂનારૂપ પરિવર્તનને ખૂબ મહત્ત્વ આપે છે અને તે આર્થિક મુત્સદ્દીગીરીના વ્યવસાય સાથે બંધબેસતું છે.

ફ્રેન્ચ જીવનદર્શક મોન્ટેસ્ક્યુ (૧૭૪૮)ના જણાવ્યા પ્રમાણે શાંતિ એ વાણિજ્ય-ધંધો વ્યાપારની દેખીતી અસર છે. ઈટાલિયન અર્થશાસ્ત્રી પરેટો (૧૮૮૯) દલીલ કરે છે કે જે બે દેશો એકસરખી જકાત દર રાખીને મુક્ત વ્યાપાર માટે તૈયાર હોય તે બે દેશોને શાંતિ મેળળવામાં મદદ મળી શકે તેમ છે. આ નિવેદન દર્શાવે છે કે પ્રાદેશિક આર્થિક સંકલન સભ્ય દેશોમાં શાંતિ મેળવવામાં અગ્રેસર હોઈ શકે છે. તે બાબત ખૂબ લાંબા સમય પહેલાં દેશોને સમજાઈ ગઈ હતી. (સ્ટીફ એન્ડ વિન્ટર્સ, ૨૦૦૩, પાના ૧૮૯માં જણાવ્યા પ્રમાણે)

બ્રાઉન એટ આલ (૨૦૦૫)ના જણાવ્યા પ્રમાણે તાજેતરમાં જ એવી સંખ્યાબંધ દલીલો છે કે જે સૂચવે છે કે પ્રાદેશિક વ્યાપાર સંકલનમાંથી શાંતિ મેળવી શકાય છે. તેમાં આ બાબતોનો સમાવેશ થાય છે.

(૧) વ્યક્તિગત રાજ્યો માટે આર્થિક સંકલન ઘર્ષણોને વધુ મુશ્કેલ બનાવે છે, કેમ કે તેનાથી તેમના વ્યાપારિક હિતોને અસર થઈ શકે.

(૨) પ્રાદેશિક સહકાર વ્યાપારિક ઘર્ષણ સંસાધનોને ઘટાડવામાં મદદરૂપ નિવડે છે, જેમ કે બ્લડ ડાયમંડ અને ગેરકાયદેસર વૃક્ષછેદન. દાખલા તરીકે ૧૯૯૮માં પશ્ચિમ આફ્રિકા દેશોના આર્થિક સમાજે (ઈકોવાસ) નાના શસ્ત્રો અને નવા શસ્ત્રો રાજ્ય દેશોની અરસ-પરસની સંમતિ વગર લાવવા પર પ્રતિબંધ મૂકવા વિશ્વનું પ્રથમ પ્રાદેશિક સંધિ પ્રસ્થાપિત કરી હતી. અને

(૩) પ્રાદેશિક વ્યાપાર કરારને કારણે દેશોની વચ્ચે બિન સૈન્ય રીતે વિવાદોનું નિરાકરણ અને એકબીજાને સમજવાની શક્તિમાં વધારો થાય છે. જેમાં મંત્રણાનો પણ સમાવેશ થાય છે.

લી અને પીયુન (૨૦૦૯)ના જણાવ્યા પ્રમાણે રાજકીય વિજ્ઞાનમાં 'ઉદાર શાંતિ'નો મત દર્શાવે છે જેને જાણીતા અર્થશાસ્ત્રીઓ મોન્ટેસ્ક્યુ, કાંત, એન્જલ અને સ્યુમ્પેટર પર ભાર મૂકીને દર્શાવે છે કે અરસ-પરસ એકબીજા ઉપર આધાર રાખવાથી તે શાંતિનો માર્ગ છે. તેનાથી એવું થાય છે કે દ્વિપક્ષીય આર્થિક અરસ-પરસ આધાર રાખવાની નીતિથી રાજ્યો કે દેશો વચ્ચેના આંતરિક સંબંધોને જાળવવામાં સૈન્યનો ઉપયોગ કરવાનું ઓછું થતું જાય છે. કોઈ એક દેશ દ્વારા પોતાના વ્યાપારિક ભાગીદાર સાથેના સંબંધોમાં ઘર્ષણનો ઉપયોગ થાય તો તો એ દેશનું મહત્ત્વ ઘટી જાય છે, કેમ કે તેમ કરવાથી ભાગીદાર દેશોની વચ્ચે વ્યાપારિક હિતોને જાળવી રાખવાની તકો ઘટી જાય છે. આ ઉપરાંત આંતરિક દેશોની વચ્ચે ઘર્ષણથી વ્યાપારિક સંકલનને અસર થાય છે. સ્ટીફ અને વિન્ટર્સ (૧૯૯૮)ના જણાવ્યા પ્રમાણે પડોશી દેશોની વચ્ચે વ્યાપારથી એકબીજા ઉપર વિશ્વાસને કારણે સુરક્ષામાં વધારો થાય છે અને એકબીજા દેશોની વચ્ચે આંતરિક ક્રિયા-પ્રતિક્રિયા પણ સર્જાય છે. માર્ટિન એટ આલ (૨૦૧૦) તે માટે ખૂબ જ સાદી સૈદ્ધાંતિક બાબતનું વર્ણન કરે છે કે જેમાં એ મુદ્દાનો સમાવેશ થાય છે કે આરટીએમાં હસ્તાક્ષર કરવા જોઈએ કે નહીં. રાજકીય નેતાઓ ગુણવત્તાયુક્ત વ્યાપાર હિતો માટે બે પ્રકારની શાંતિ પ્રોત્સાહક સુરક્ષાને માને છે : (૧) વિવાદોના નિરાકરણ માટે આરટીએ રાજકીય મંચની ગરજ સારે છે. (૨) આરટીએ કોઈપણ સક્ષમ યુદ્ધની તકો વધારે છે કે જે વ્યાપાર ઘટાડી શકે છે.

સંખ્યાબંધ વ્યાપારિક કરારોમાં સભ્ય દેશોમાં શાંતિને પ્રોત્સાહન મળે તે બાબતને પ્રાથમિકતા મળે તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. દાખલા તરીકે પ્રાદેશિક જૂથો જેમ કે એસોસિએશન ઓફ સાઉથ-ઈસ્ટ એશિયન નેશન્સ અને સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજીયોનલ કો-ઓપરેશનની શરૂઆત આર્થિક ક્ષેત્રે સહકાર નહીં આપવાની સાથે થઈ હતી અને ઔપચારિક વ્યાપારિક કરાર કે જેમાં આર્થિક એજન્ડાનો સમાવેશ થતો હતો તે બાબત લાંબી મંત્રણા બાદ અમલમાં આવી હતી. એ જ રીતે, 'મેરકોતુર' સંગઠનની મૂળ સ્થાપના આર્જેન્ટિના અને બ્રાઝિલ વચ્ચે તનાવ ઘટાડવા માટે કરવામાં આવી હતી. સને ૨૦૦૦માં દક્ષિણ-પૂર્વીય યુરોપમાં મુક્ત વ્યાપાર વિસ્તાર સર્જવાનો પ્રયાસ થયો છે જે હેઠળ યુદ્ધગ્રસ્ત બાલ્કન પ્રદેશમાં આર્થિક વસૂલાતને પ્રોત્સાહન આપવા અને સંકલનનો સમાવેશ થતો હતો. ૨૦૦૪માં, ઈજિપ્ત અને ઈઝરાયલે વ્યાપારિક હિતો માટે અમેરિકા સાથે કરાર કર્યા હતા. આ સંધિ કરારમાં પાંચ ખાસ ઝોનની રચના કરવી જેમાં

અમેરિકાના બજારો માટે ઈજિપ્તના માલ-સામાનનું વેચાણ થઈ શકે. એ જ રીતે ૩૫ ટકા માલ-સામાનનું ઉત્પાદન ઈઝરાયલ-ઈજિપ્તના સહકારથી થાય તેવી પણ જોગવાઈનો સમાવેશ થાય છે. (બ્રાઉન એટલા. ૨૦૦૫) એવું માનવામાં આવે છે અને એવી દલીલ આપવામાં આવે છે કે આફ્રિકાના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પ્રાદેશિક વ્યાપારિક કરાર થાય તો તે ઘર્ષણને ઓછું કરવામાં મદદરૂપ નિવડી શકે છે. તેનાથી પડોશી દેશોમાં જે એકબીજા ઉપર શંકા હોય તેમાં પણ ઘટાડો થઈ શકે. પ્રાદેશિક કરારોમાં સભ્ય નોંધણીને પ્રોત્સાહન આપવામાં આવે તો તે દેશો-દેશો વચ્ચે ઘર્ષણ અટકાવી શકે તેમ છે. (આફ્રિકન ડેવલપમેન્ટ બેંક ૨૦૦૦).

કુલ મળીને એમ કહી શકાય કે વર્તમાન સાહિત્ય એ બાબત ઉપર ભાર મૂકે છે કે પ્રાદેશિક વ્યાપાર કરારોને કારણે સભ્ય દેશોની વચ્ચે સૈન્ય ઘર્ષણમાં ઘટાડો થાય અને શાંતિ સ્થાપવાની બાબતને પ્રેરણા મળે.

**સ્થાનિક અને બાહ્ય વચ્ચે દ્વિમાર્ગીય કારણવાદ**

ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં એક અન્ય ખૂબ જ નિર્ણાયક બાબતને દર્શાવવી જરૂરી છે અને તે આર્થિક મુત્સદ્દીગીરીનો કેસ રજૂ કરવામાં ખૂબ જ સાર્થક છે, એટલું જ નહીં સ્થાનિક આર્થિક અનિવાર્યતાઓ અને બાહ્ય આર્થિક વાતાવરણની વચ્ચે સાંકળરૂપ છે. કારણવાદ બંને દિશામાં વહે છે, જેમાં બંને સ્થાનિક (ડોમેસ્ટિક) અને બાહ્ય આર્થિક માપદંડો સપડાય છે. આર્થિક મુત્સદ્દીગીરી આંતરરાષ્ટ્રીય આર્થિક બાબતો સાથે જોડાયેલી છે. સૈદ્ધાંતિક રીતે, તે પૃથક્કરણને સરળ હોવી જોઈએ. પરંતુ તે શું 'સ્થાનિક' છે અને શું 'આંતરરાષ્ટ્રીય' છે તેની ભેદરેખા સ્પષ્ટ કરવામાં મુશ્કેલ બની ગઈ છે. ૧૯૫૦થી આર્થિક આંતરિક અરસ-પરસનો વિકાસ જેમાં તાજેતરના વર્ષોમાં વધારો થયો છે તેનો અર્થ થાય કે અગાઉ જે તે સ્થાનિક અથવા યુરોપિયન માનવામાં આવતું હતું તે આજે આંતરરાષ્ટ્રીય મંત્રણાનો વિષય બન્યો છે. (બેયેન અને વુલકોક, ૨૦૦૩)

આ બાબતનો ઉલ્લેખ કરીએ તો, બાહ્ય સંદર્ભમાં ભારતના કેટલાક સ્થાનિક આર્થિક વિકાસની શરૂઆતો દર્શાવવી મહત્ત્વની બની રહેશે, જેથી આર્થિક મુત્સદ્દીગીરીને વધુ હેતુલક્ષી રીતે દર્શાવી શકાય.

**'મેક ઈન ઈન્ડિયા'ના બાહ્ય પરિમાણો**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મેક ઈન ઈન્ડિયાની શરૂઆત એ ભારતીય અર્થતંત્રની લાંબાગાળાની જરૂરિયાતને પૂર્ણ કરે છે. આમ છતાં તેમાં જ્યારે ઉત્પાદકીય ક્ષેત્રની વૃદ્ધિ અને રોજગારીના સર્જન પર ભાર મૂકવામાં આવ્યો છે ત્યારે તેનું ખોટું અર્થઘટન એવું થાય છે કે તેમાં માત્ર ડોમેસ્ટિક-સ્થાનિક અર્થતંત્રના સૂચિતાર્થો રહેલાં છે. ભલે તેમાં એવા સૂચિતાર્થો રહ્યાં હોય તેમ છતાં તેની શરૂઆત અગત્યની છે. બાહ્ય પરિમાણો અને ઉત્પાદકીય ક્ષેત્રને અર્થતંત્રના અન્ય ક્ષેત્રોથી અલગ તરીકે નિહાળી શકાય નહીં. હાલમાં, માલ-સામાન અને સેવાનો પ્રવાહ એફડીઆઈ (સીધું વિદેશી મૂડીરોકાણ)ના આવાગમનનો હિસાબકિતાબ કે તેનો આંકડો અને તે પણ જો તેને કસી કસીને જોવામાં આવે તો પણ તે ભારતના કુલ જીડીપીના અડધા કરતાં વધારે થવા જાય છે. બાહ્ય ક્ષેત્રના મહત્ત્વના વિવિધ પરિબળો કે જેમાં ઉત્પાદકીય અને સેવામાં તુલનાત્મક અને સ્પર્ધાત્મક લાભો વિદેશી મૂડીની અનિવાર્યતાઓ, ટેક્નોલૉજી કૌશલ્ય અને વ્યવસ્થાપન કુશળતા પ્રાદેશિક મૂલ્ય સાંકળો વગેરેનો સમાવેશ થાય છે. મેક ઈન ઈન્ડિયાની પ્રાથમિકતા કે શરૂઆતને જો બખૂબી સમજવાનો પ્રયાસ કરીએ તો સ્થાનિક અને બાહ્ય પરિમાણો અને તેના અરસ-પરસ આંતરિક જોડાણો એમ બંને આર્થિક બાબતો તેમાં રહેલી છે. ખાસ કરીને શાનદાર આર્થિક મુત્સદ્દીગીરી અને તેની પરિઘરેખામાં રહેલી છે.

એ સમજવું સરળ થઈ પડશે કે ઉત્પાદકીય ક્ષેત્ર (મેન્યુફેક્ચરિંગ) વૃદ્ધિનું ચાલક બળ છે અને તે પુરવઠા અને માંગ એમ બંને બાજુની વૃદ્ધિમાં ફાળો આપે છે. કેમ કે તે સ્તરના આર્થિક તંત્ર દ્વારા ઉત્પાદન અને રોજગારીનું સર્જન કરે છે. અભ્યાસ દર્શાવે છે કે ઉત્પાદન, નાવિન્ય અને રોજગારી સર્જનની ખાસ બાબતોને જોતાં ઉત્પાદકીય ક્ષેત્રમાં વૃદ્ધિ આધારિત મિલકતોની ખાસિયત રહેલી છે. એવું પણ બને કે કોઈ એક દેશમાં ઉત્પાદકીય ક્ષેત્રથી કાયમી ધોરણે વૃદ્ધિ કે વિકાસ ના પણ આવે, કેમ કે જો બજાર અવરોધાત્મક હોય તો અર્થતંત્રના લાભો મેળવતાં અટકાવે છે. એટલે કે માંગ તરફના અવરોધો અને ટેક્નોલૉજી તથા ઉત્પાદકીય અવરોધોને કારણે વિશિષ્ટીકરણને મર્યાદિત તક મળે છે. એ જ રીતે, પુરવઠા બાજુના અવરોધો પર નજર નાખીએ તો વ્યાપાર અને

એફડીઆઈને કારણે દેશભરમાં પ્રાદેશિક આર્થિક સંકલન એ ટકી શકે તેવું વિકલ્પ બને છે. આ એટલા માટે બને છે કારણ કે ઉત્પાદકીય માલ-સામાનમાં જકાતદર અને બિનજકાતદર ઉદારીકરણ અને તેની સામે સેવાકીય બાબતોમાં નિયમોના ઉદારીકરણને કારણે ભાગીદાર દેશોમાં બજાર પ્રવેશ પર ભાર મૂકે છે અને તેનાથી માંગ બાજુના અવરોધોમાંથી મુક્તિ મળે છે. બીજી તરફ પુરવઠા બાજુના અવરોધોને દૂર કરવા માટે પ્રાદેશિક એફડીઆઈની સુવિધા હોવી જોઈએ. તે માત્ર નાણાકીય સંસાધનો જ નહીં લાવે, પરંતુ સ્થાનિક યોગ્ય હોય તેવી ટેક્નોલૉજી અને વ્યવસ્થાપન અને ટેકનિકલ કાર્યકુશળતા પણ લાવશે તે સ્પષ્ટ છે, તેમ છતાં ઉત્પાદકીય ક્ષેત્રને આર્થિક વૃદ્ધિનું ચાલકબળ (એન્જિન ઓફ ગ્રોથ) બનાવવા માટે પ્રાદેશિક વ્યાપાર અને સંકલિત રોકાણ અંગે સંકલિત અભિગમ જરૂરી છે. તેનાથી તે આર્થિક વિકાસમાં ફાળો આપશે અને પ્રાદેશિક સંકલનના અર્થતંત્રને આર્થિક મુત્સદ્દીગીરીને પણ ગંભીરતાથી લેવામાં આવશે.

આ પૃથક્કરણને હજુ વધુ વિસ્તારીએ અને જોઈએ તો જો સેવાકીય વ્યાપારમાં સંસ્થાકીય પદ્ધતિ અમલમાં નહીં હોય તો ઉત્પાદકીય માલ-સામાનના વ્યાપારમાં વધારો થઈ શકે નહીં. દાખલા તરીકે માલ-સામાનનો વ્યાપાર સેવાની વર્તમાન સુવિધાઓ ઉપર અવલંબે છે, જેમ કે પોસ્ટશીપમેન્ટ ક્રેડિટ, માલસામાન વીમો, બેન્કજામીનગીરી, વહાણવટાની સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે. તે માત્ર વ્યાપારને સુવિધા જ આપે તેવું નથી, પરંતુ તે નિકાસની સ્પર્ધાત્મકતામાં પણ ફાળો આપે છે. બીજી તરફ સેવાકીય વ્યાપારમાં જેમ કે આરોગ્ય ક્ષેત્રમાં એક ચોક્કસ માલસામાનના વ્યાપાર ઉપર આધારિત છે. જેમ કે તબીબી સાધનો અને દવાઓનો જથ્થો. આ સાધનો અને જથ્થો પહોંચાડનાર સેવાકીય પરિબળોને વિશ્વાસ હોય છે કે તે જે તે જરૂરિયાતમંદ સુધી પહોંચશે. આમ, કોઈપણ પ્રાદેશિક વ્યાપાર કરાર માલસામાન અને સેવા એમ બે બાબતો ઉપર રહેલો છે. આમ છતાં વાસ્તવિકતામાં તેનો એકબીજા ઉપરનો ઘરોબો-વિશ્વાસ પણ અવલોકન માંગી લે છે.

ગોચર અને અગોચરની વચ્ચે બિનજોડાણના વલણમાં વધારો આપીએ, ખાસ કરીને વાસ્તવિક સેક્ટર અને નાણાકીય સેક્ટરમાં જોઈએ તો માલસામાન વ્યાપાર અને સેવાકીય વ્યાપાર તેમનો સ્વતંત્ર વિકાસ માર્ગ અનુસરે છે. કોઈ પણ કિસ્સામાં માલસામાન અને સેવા એમ બંનેનાં વ્યાપારમાં સ્વાયત્તતા વહે તો તે એકબીજા ઉપર મદાર રાખે છે. આ ઉમેરાયેલી દલીલ એ હકીકતમાંથી ઉત્પન્ન થઈ છે કે આંતરમાળખાકીય સેવામાં સુધારો કરવામાં સહકાર આપવાથી વ્યવહાર કિંમતમાં ઘટાડો કરવામાં મદદ કરે છે અને પ્રાદેશિક સંદર્ભમાં ઉત્પાદનને સસ્તી બનાવે છે.

એ બાબતને વધુ સમર્થન આપવાની જરૂર છે કે પ્રાદેશિક વ્યાપારમાં ઊંચી સપાટી મેળવવામાં અને તેની વિકાસલક્ષી અસરો માટે વ્યાપાર-રોકાણ કડીને મજબૂત બનાવવી તે નિર્ણાયક બને છે. આ પ્રકારની કડીઓ-લીંકેજ જે દેશમાં પ્રાદેશિક જૂથો છે તે દેશોમાં નિકાસ પુરવઠા ક્ષમતામાં વધારો કરવામાં મદદરૂપ નિવડે છે. પ્રદેશમાં તે વધુ રોજગારીનું સર્જન કરે છે, કેમ કે તેમાં વ્યાપારિક ઉદારીકરણના લાભ માટે મૂડીરોકાણ થાય છે. જો મુક્ત વ્યાપાર કરાર (એફટીએ) મૂડીરોકાણનો માર્ગ મોકળો કરે છે જે પ્રાદેશિક માળખામાં કાર્યદક્ષતાને નિહાળે છે તો તે વ્યાપાર સર્જન કરનાર સંયુક્ત સાહસ છે કે આખરે પ્રાદેશિક વ્યાપારના પ્રવાહ ઉપર અસર કરવા માટે નિર્ણાયક હોય છે. વ્યાપાર સર્જન સંયુક્ત સાહસો પ્રાદેશિક મુક્ત વ્યાપાર કરારનો લાભ મેળવવાની સ્થિતિમાં હોય છે. તેની ઉત્પાદકીય ક્ષેત્રની વિકાસ ગતિશીલતા ઉપર સીધી અસર હોય છે.

આ સંદર્ભમાં જોઈએ તો, દેશભરમાંથી મૂડીરોકાણના પ્રવાહની મદદથી જો ઉર્ધ્વઆકાર સંકલન અને ક્ષિતિજતાત્મક વિશિષ્ટીકરણ ઉપર ભાર મૂકવામાં આવે તો તે વ્યાપાર રોકાણ કડીને મજબૂત કરશે, ઉચ્ચસ્તરીય વ્યાપાર અને મૂડીરોકાણમાં સફળતા મળે જે મોટા પાયે રોજગારીનું સર્જન કરવા તરફ દોરી જશે. આનો અર્થ એવો પણ થાય કે કોઈ એક ઉદ્યોગમાં સંકલન કરીને ઉત્પાદનનું વિવિધ તબક્કે વિતરણ કરવું, જેમ કે ઉર્ધ્વ આકાર સંકલન અને સમગ્ર પ્રદેશમાં ઉત્પાદનમાં વિવિધતાની મદદથી એ જ તબક્કામાં ઉત્પાદનનું વિશિષ્ટીકરણ થવું એટલે તે ક્ષિતિજાત્મક વિશિષ્ટીકરણ.

જો ઉપરની બાબતને માનીએ તો પ્રાદેશિક સંદર્ભમાં પ્રદેશ સંકલિત ઉત્પાદનના હેતુને મેળવવા તે પ્રાદેશિક મૂલ્ય શ્રૃંખલાના સર્જનમાં મહત્ત્વનું બની

રહે છે અને તે રોજગાર સર્જન માટે હકારાત્મક અસરો સાથે વિકાસ વૃદ્ધિનું ચાલકબળ તરીકે કામ આપી શકે છે.

જ્યારે ઉત્પાદન સામગ્રીમાં નોંધપાત્ર રૂપાંતર હોય અને ઉત્પાદનનું મૂળ નક્કી કરવામાં અલગ અલગ પદ્ધતિઓ હોય ત્યારે મુક્ત વ્યાપાર કરારમાં વ્યાપાર વિક્ષેપનને અટકાવવા મૂળના નિયમો પ્રાથમિક કાર્ય છે. આમ છતાં જે બાબતની પ્રશંસા થતી નથી તે એ છે કે આ મૂળના નિયમો અને તેમની વિવિધ પદ્ધતિઓ બંને મળીને ઉત્પાદકીય દેશમાં મૂલ્યવૃદ્ધિની સુવિધા મેળવે છે અને રોજગારી સર્જન દ્વારા વિકાસલક્ષી ભૂમિકા નિભાવે છે. તેને લાવવામાં આવ્યું છે કારણ કે ઉત્પાદનની પ્રક્રિયામાં મૂલ્યવૃદ્ધિ પેઢીને શ્રમિકોને પગાર-ભથ્થા ચૂકવવાની મંજૂરી આપે છે. ઉપરાંત મૂડીને વ્યાજ મળે છે, જમીનનું ભાડુ મળે છે અને ઉદ્યોગસાહસિકોને નફો મળે છે. તેનો અર્થ એવો થાય કે ઉત્પાદનમાં ઊંચી મૂલ્યવૃદ્ધિથી માત્ર શ્રમિકોને નહીં પણ ઉત્પાદનના તમામ પરિબળોને સાચવવાની ક્ષમતા મળે છે. ઊંચી મૂલ્યવૃદ્ધિ એક એવો રાજમાર્ગ કે એક એવી જગ્યા છે કે જ્યાં ઉદ્યોગસાહસિકો વધુ નફો રળી શકે છે.

ટૂંકમાં, મુક્ત વ્યાપાર કરાર (એફટીએ) હેઠળ મૂળના નિયમો વિકાસલક્ષી ભૂમિકા નિભાવી શકે છે, તેના પગલે ઉત્પાદનમાં વધારો અને રોજગારી સર્જન થાય.

આમ, મેક ઇન ઇન્ડિયા ઝુંબેશ માસ્ટર સ્ટ્રોક બની શકે છે, જો તેમાં ઉત્પાદનને અન્ય ક્ષેત્રોની સાથે એક સંકલિત બાબતથી જોવામાં આવે તો અને જો તેના બાહ્ય પરિમાણો જેમ કે મૂળના નિયમોને યોગ્ય રીતે સમજવામાં આવે તો તે ચોક્કસપણે માસ્ટર સ્ટ્રોક બની શકે. એ બાબત દર્શાવવી મુશ્કેલ નહીં હોય કે આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓનું અર્થતંત્ર આર્થિક મુત્સદ્દીગીરીનો પાયો બનવો જ જોઈએ અને જ્યારથી એવા પ્રયાસો થયા છે તે આર્થિક મુત્સદ્દીગીરીને એક ઓજાર બનાવવા તરફ લઈ જાય છે કે જેની મદદથી અર્થતંત્ર વિકાસના હેતુઓ જેમ કે રોજગારીનું સર્જન, ગરીબી નાબૂદી અને સમગ્ર રીતે લોકોના જીવનની ગુણવત્તા સુધારવાના હેતુઓ મેળવવામાં મદદ કરશે.

**ઉપસંહાર**

ઉપરોક્ત બાબતોથી સ્પષ્ટ થાય છે કે પારંપારિક સરકાર કક્ષાએ વાતચીત અને રાજકીય તથા સૈન્ય પ્રવૃત્તિઓથી ઉપર ઊઠીને આર્થિક મુત્સદ્દીગીરીનો અર્થ દેશોમાં લોકો-લોકો વચ્ચે સંપર્કો અને આર્થિક પ્રવૃત્તિને વિકસાવવામાં એક મહત્ત્વની ભૂમિકાનો રહેલો છે. આમ, દ્વિપક્ષીય અને પ્રાદેશિક કક્ષાએ શાંતિ મેળવવામાં એક સાધન તરીકે આર્થિક મુત્સદ્દીગીરી વધુ અર્થપૂર્ણ બની છે. ઉપરાંત તેનાથી વિશાળ આર્થિક શ્રૃંખલાઓ બની છે જે વર્તમાન સાહિત્યમાં સૂચવાયેલું છે. તે બાબતની પણ નોંધ લેવાવી જોઈએ કે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓ વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરવી મુશ્કેલ છે, કેમ કે તેના જોખમો બંને દિશામાં દોડે છે. આવી જ એક શરૂઆત કે જે સ્થાનિક ગણાય છે, પરંતુ તેમાં ચોક્કસપણે બાહ્ય પરિમાણો રહેલાં છે અને તે છે મેક ઇન ઇન્ડિયા. તેનો હેતુ ઉત્પાદકીય ક્ષેત્રના વૃદ્ધિ પર ભાર મૂકવો અને રોજગારીની તકોનું નિર્માણ કરવાનો છે અને આ શરૂઆતે મહત્ત્વની રીતે આંતરરાષ્ટ્રીય ધ્યાન આકર્ષિત કર્યું છે. એવું કારણ આપવામાં આવ્યું છે કે ભારત એફડીઆઈને વધુ આકર્ષનાર રાષ્ટ્ર છે ત્યારે મેક ઇન ઇન્ડિયા જેવી શરૂઆત, આર્થિક વિકાસના ઊંચા સ્તરો સર કરવામાં ચાલક તરીકે કામ કરી શકે તેમ છે. પરંતુ તેની સાથે એ બાબતની પણ જરૂર છે કે ઉત્પાદકીય ક્ષેત્રને અર્થતંત્રના બીજા ક્ષેત્રોની સાથે સંકલિત રીતે જોડવું જોઈએ. અને તેની સાથે જ બાહ્ય પરિમાણોને જોડવાની સમજશક્તિ પણ સ્પષ્ટ હોવી આવશ્યક છે.

આમ, આર્થિક મુત્સદ્દીગીરીના ભાગ તરીકે આંતરરાષ્ટ્રીય મંત્રણામાં આર્થિક માન્યતાઓ અને વિદેશનીતિના લક્ષ્યાંકોનો સમાવેશ કરવો તે ખૂબ જ મહત્ત્વનું છે. આ સંદર્ભમાં, ભારતની વિદેશનીતિને સ્થાનિક આર્થિક મુત્સદગીરીને એક ઓજાર તરીકે પ્રસ્થાપિત કરવું અગત્યનું છે, એટલું જ નહીં પણ આર્થિક વિકાસની ક્ષમતાઓને સમજીને વિશ્વમાં મુખ્ય આર્થિક સત્તા બનવાનું છે.

**લેખક નવી દિલ્હી ખાતેની રિસર્ચ એન્ડ ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર ડેવલપમેન્ટ કન્ટ્રી ખાતે પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેઓ વર્લ્ડ વોચ એકેડમી શાંઘાઈ (ચીન) ખાતે માનદ્ ફેલો છે. આ ઉપરાંત તેઓ ઘણી બધી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.**

# સુશાસન – શાસન કરવાનો અસરકારક અને નક્કર અભિગમ

● ડૉ. એ. સૂર્યપ્રકાશ ●

ભારતમાં ૧૯૮૯થી ગઠબંધન રાજકારણના યુગનો પ્રારંભ થયો હતો. તે પછી ૨૫ વર્ષ સુધી રાષ્ટ્રએ ચોક્કસ દિશા ગુમાવી દીધી હોવાની લાગણી વ્યાપક સ્તરે પ્રવર્તતી હતી. એક રાષ્ટ્ર તરીકેનું લક્ષ્યાંક, સુસ્પષ્ટ નીતિનો અભાવ હોવાની લાગણી બધા અનુભવતા હતા. જીવનના તમામ ક્ષેત્રો અને શાસનના તમામ સ્તરે તેની અસર જોવાતી હતી. એકસૂત્રતા અને સાતત્યતાનો અભાવ વર્તાતો હતો. રાજકીય અનિશ્ચિતતાથી શાસનમાં પારદર્શકતાનો અભાવ પ્રવર્તતો હતો, ભ્રષ્ટાચારને ફાલવાફૂલવા માટેનું મોકળું મેદાન મળી ગયુ ંહતું. પણ તેની સૌથી વધુ અસર વિશ્વના દેશો સાથે ભારતના સંબંધમાં સૌથી વધુ વર્તાતી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે અસ્પષ્ટ પ્રતિક્રિયાઓ અને પડોશી દેશોમાંથી ઉશ્કેરણી પ્રત્યે કામચલાઉ પ્રતિભાવોથી ભારતના આત્મસન્માનને ઠેસ પહોંચી હતી અને આંતરરાષ્ટ્રીય સમુદાય ભારતમાં નેતૃત્વનો શૂન્યાવકાશ સર્જાયો હોવાનું માનતો હતો. પરંતુ મે, ૨૦૧૪માં એકાએક સ્થિતિ બદલાઈ ગઈ. જનતાએ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન (એનડીએ)ની સરકારને લોકસભામાં સ્પષ્ટ બહુમતી આપી હતી. છેલ્લાં ૧૨ મહિનાની વડાપ્રધાનથી કામગીરીને ધ્યાનથી જોનાર મોટા ભાગના લોકો સંમત થશે કે તેઓ દેશને સક્ષમ નેતૃત્વ પ્રદાન જ કરતા નથી, પણ આધુનિક ભારતનું નિર્માણ કરવા ઈચ્છતાં દેશના લાખો નાગરિકોને પ્રોત્સાહન પૂરું પાડે છે.

ચોક્કસ, ચૂંટણીમાં વચનો અને તેને પૂર્ણ કરવાની વાસ્તવિકતા વચ્ચે ઘણો બધો ફરક છે તેવી દલીલ થઈ શકે છે. ટીકાકારો એનડીએ સરકાર ચૂંટણી અગાઉ ઊભી કરવામાં આવેલી અપેક્ષાઓ સંતોષવામાં નિષ્ફળ નિવડી છે તેવી દલીલ પણ કરી શકે છે. પણ આપણે બધાએ સ્વીકારવું જ પડે કે દેશમાં હકારાત્મક વાતાવરણ ઊભું થયું છે અને વર્તમાન સરકાર એક પછી એક વચનો પૂર્ણ કરવા પ્રયાસ કરી રહી છે.

વિવિધ મોરચે સરકારની સફળતા અને નિષ્ફળતાનો સવાલ છે ત્યાં સુધી આપણે એનડીએની કામગીરીના વિવિધ પાસાં પર નજર દોડાવવી જોઈએ અને સંપૂર્ણ સ્થિતિનું તટસ્થાપૂર્વક અવલોકન કરવું જોઈએ. સરકારની કામગીરીનું પ્રથમ વર્ષ તોફાની રહ્યું છે, જેમાં મોદી સરકારે અત્યાર સુધી ઉપેક્ષિત ક્ષેત્રોમાં શાસન સ્થાપિત કરવાની પહેલ કરી છે. મોદી સરકારે પ્રથમ વર્ષમાં ઘણા રાષ્ટ્રીય અભિયાનો શરૂ કર્યા છે, જેમાં જાતિગત અસમાનતા, સાફસફાઈ અને સ્વચ્છતા લાવવા માટેના કાર્યક્રમો સામેલ છે, બેન્કિંગ ક્ષેત્રમાં લાખો લોકોનો પ્રવેશ સુનિશ્ચિત કર્યો છે, વીજ ઉત્પાદન સહિત માળખાગત વિકાસના ક્ષેત્રમાં લક્ષ્યાંક કેન્દ્રિત કામગીરી અને તેના પર વધુ ધ્યાન આપ્યું છે, રેલવે, રાજમાર્ગોનું નિર્માણ કરવાની દિશામાં પગલાં લીધા છે, વિદેશી સંબંધો સુધારવા અને કટોકટીમાં ઝડપથી કામગીરી કરવા અગાઉ ક્યારેય ન જોયો હોય તેવો અભિગમ અપનાવ્યો છે, જેમાં કેન્દ્રિય પ્રધાનોના નેતૃત્વમાં સીધી કામગીરી પ્રશંસનિય બની છે. જ્યારે તમે આ દરેક ક્ષેત્રોમાં સરકારની કામગીરીનો સંપૂર્ણ અભ્યાસ કરશો, તો તમને સરકારનો પ્રશંસનિય અને સ્પષ્ટ અભિગમ દેખાશે. ગરીબ તરફી, ખેડૂત તરફી અને રોજગારલક્ષી અનેક યોજનાઓ એક વર્ષના ટૂંકાગાળામાં શરૂ કરવામાં આવી છે, જે સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં ઊંડીને આંખે વળગે તેવી છે.

**અસરકાર વિદેશી નીતિ માટે ઝુંબેશ**

વિદેશી બાબતોમાં વડાપ્રધાનનો પ્રવેશ સરકારના શપથગ્રહણ સમારંભથી જ શરૂ થયો હતો. તેમણે આ સમારંભમાં સાર્ક દેશોના નેતાઓને આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ તેમણે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા, રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુટિન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કલ, ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ ફ્રાન્કોસિસ હોલેન્ડે, જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબે અને કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પર જેવા વૈશ્વિક નેતાઓ સાથે સત્તાવાર મુલાકાતો અને બેઠકોનું આયોજન કરીને એક ઝુંબેશ ચલાવી છે. તેમણે પડોશી દેશો સાથે પણ સંબંધો સુધારવાની પહેલ કરી છે. તેમણે સૌપ્રથમ ભૂતાનની મુલાકાત લીધી હતી. પછી બે વખત નેપાળની મુલાકાત લઈને સંબંધો સુધાર્યા છે. એક વર્ષના ટૂંકા ગાળામાં વડાપ્રધાન મોદીએ વિશ્વના

અલગ અલગ ૧૯ દેશોની મુલાકાત લીધી છે. વૈશ્વિક નેતાઓ સાથે વ્યક્તિગત સંબંધો સ્થાપિત કર્યા પછી તેમણે ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેયરમાં જનસભામાં અને ફ્રાન્સ, જર્મની અને કેનેડામાં હજારો બિનનિવાસી ભારતીયો સાથે સંવાદ સ્થાપિત કર્યો હતો. આ દેશોમાં વસતા ભારતીયોએ અગાઉ કોઈ પણ ભારતીય વડાપ્રધાનને આવો પ્રતિસાદ આપ્યો નહોતો.

**અલગ સરકાર**

વર્તમાન સરકારની કામગીરીની અન્ય એક અલગ તરી આવતી બાબત કટોકટીના વ્યવસ્થાપન અને માનવીય મુદ્દા પ્રત્યેનો અભિગમ છે. તેની શરૂઆત ઈરાકમાંથી નર્સોને હેમખેમ પરત લાવવા સાથે થઈ હતી. પછી યેમનમાં મુશ્કેલ સ્થિતિ સંજોગોમાં ભારતીય વિદેશ કાર્યાલય, ભારતીય એરફોર્સ અને નેવીએ સંયુક્તપણે અભિયાન હાથ ધરીને હજારો લોકોનો જીવ બચાવ્યો હતો, જેમાં વિદેશી નાગરિકો પણ મોટી સંખ્યામાં સામેલ હતા. રાજ્ય કક્ષાના વિદેશ પ્રધાન જનરલ વી કે સિંહે તમામ નાગરિકો હેમખેમ બહાર નીકળે તે માટે જિબૌટીમાં ધામા નાંખ્યા હતા. યેમનમાં સંઘર્ષ ચાલુ હતો તે વિસ્તારમાંથી લોકોને બહાર કાઢવા ભારતના સંયુક્ત પ્રયાસોની આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા થઈ હતી. આ ઓપરેશનમાં ૫૬૦૦ લોકોનો જીવ બચાવવામાં આવ્યો હતો, જેમાં ૪૧ અન્ય દેશના ૯૬૦ નાગરિકો હતા.

સરકારે નેપાળમાં ભીષણ ધરતીકંપ પછી પણ ત્વરા અને પ્રતિબદ્ધતા દાખવી હતી, જે ભારતીયો કે દુનિયાએ અગાઉ ક્યારેય જોઈ નહોતી. ધરતીકંપ આવ્યાના ગણતરીના કલાકોમાં વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ને રવાના કરવામાં આવી હતી અને રાહત અને પુનર્વસન કામગીરી સતત ચાલુ હતી. આ જ પ્રકારની કુદરતી આફત જમ્મુ-કાશ્મીર અને બિહારમાં આવી હતી. જમ્મુ-કાશ્મીરમાં પૂર અને બિહારમાં ધરતીકંપ સમયે કેન્દ્ર સરકારે તમામ પ્રકારની સહાય પૂરી પાડી હતી. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા અને પંજાબમાં માવઠાથી પાકને થયેલા નુકસાનથી ચિંતિત ખેડૂતોને મળવા અને તેમને સહાય આપવા કેન્દ્રના અનેક પ્રધાનોએ મુલાકાત લીધી હતી.

વડાપ્રધાન મોદીએ અન્ય એક વિશિષ્ટ પહેલ "મન કી બાત" સ્વરૂપે કરી હતી. આ રેડિયો ટોક શો છે, જેમાં વડાપ્રધાન લોકો સાથે સીધો સંવાદ સાધે છે. આ માસિક કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો પર પ્રસારિત થાય છે, જેના કારણે ઓલ ઇન્ડિયા રેડિયોના શ્રોતા વધ્યાં છે અને અનેક ટીવી ન્યૂસ ચેનલ્સે શોનું જીવંત પ્રસારણ કરતા તેને સારી એવી સફળતા મળી છે.

નવી સરકારના સુશાસનનું ઉત્તમ ઉદાહરણ વિદેશ પ્રધાન શ્રીમતી સુષ્મા સ્વરાજે પૂરું પાડ્યું છે. લાંબા સમયથી ભારતીય ડાયસ્પોરા અને નાગરિકો સતત ભારતીય એલચી કચેરી અને વિદેશ મંત્રાલયની ફરિયાદો કરતા હતા. હવે ચિત્ર બદલાઈ ગયું છે.અત્યારે એવી સ્થિતિ છે, જેમાં ભારતીય વિદેશ મંત્રાલય વહેલી સવારે બે વાગે પણ દુનિયાના કોઈ પણ ખૂણામાં મુશ્કેલીમાં મૂકાયેલા ભારતીયને સહાય કરે છે, નજીકની એલચી કચેરીને જાણ કરે છે અને સહાય સુનિશ્ચિત ન થાય ત્યાં સુધી તેના પર નજર રાખે છે. વિદેશમાં મુશ્કેલીમાં મૂકાયેલા ભારતીયો એક ટ્વીટ કરીને આવી સહાય મેળવે છે, જેમાં ભારતીય કામદારોનું જૂથ હોઈ શકે છે, જેમને મુશ્કેલ સ્થળોમાંથી બહાર નીકળવાની જરૂર પડી શકે છે કે કોઈ એરપોર્ટ પર પાસપોર્ટ ગુમાવનાર નાગરિક કે ઘરેલુ હિંસાનો ભોગ બનનાર મહિલા પણ હોઈ શકે છે. તેમણે સહાય માટે વિદેશ પ્રધાનને એક ટ્વીટ કરવાની જરૂર પડે છે અને ગણતરીના કલાકમાં મદદ મળી જાય છે. અગાઉ ભારત સરકાર પાસે આટલું સક્ષમ વિદેશ મંત્રાલય કે વિદેશપ્રધાન નહોતા. સુષ્મા સ્વરાજનો અભિગમ અન્ય લોકશાહી દેશોના વિદેશ પ્રધાનો માટે આદર્શ બની ગયો છે.

**અર્થતંત્રને યોગ્ય પ્રોત્સાહન**

સરકાર માટે અન્ય એક ચિંતાનો વિષય ભારતીય અર્થતંત્ર હતું. યુપીએ સરકારના બીજા કાર્યકાળમાં એક પછી એક કૌભાંડો બહાર આવતા અને વહીવટી પ્રક્રિયા સ્થગિત થઈ જતા વિદેશી રોકાણકારોનો વિશ્વાસ ભારતીય અર્થતંત્રમાંથી ડગી ગયો હતો. સરકારની સફળતા કે નિષ્ફળતાનો આધાર નજીકના ભવિષ્યમાં દેશની જીડીપીની વૃદ્ધિ પર હશે. આ કારણે દુનિયાભરના વ્યાવસાયિકો અને ઉદ્યોગપતિઓનો વિશ્વાસ સંપાદિત કરવો અને ભારત રોકાણ કરવા માટે આદર્શ સ્થળ હોવાની ખાતરી કરાવવાની તાતી જરૂરિયાત હતી.

તેના પરિણામે નાણાપ્રધાન અરૂણ જેટલી દ્વારા રજૂ થયેલા પ્રથમ બજેટમાં આયોજનની પ્રક્રિયા વધારે હતી. તેનો આશય રોકાણ આકર્ષવા અને આર્થિક સ્થિતિને સુધારવા મજબૂત સંદેશ હતો, જેને વ્યાવસાયિકો અને ઉદ્યોગજગતનો સારો આવકાર મળ્યો હતો. હવે તેના મીઠા ફળ સ્પષ્ટપણે દેખાઈ રહ્યાં છે. નાણાં મંત્રાલયે ક્રમશઃ રોકાણકારોનો ડર દૂર કર્યો છે અને દેશમાં વેપારવાણિજ્યને સરળ કરવા માટેનું વાતાવરણ ઊભું કરવા આડેના અવરોધો દૂર કરવા

મક્કમતા દાખવી છે. મંત્રાલયે ત્રણ વર્ષમાં રાજકોષીય ખાધ જીડીપીના ત્રણ ટકા કરવાનો લક્ષ્યાંક પણ નિર્ધારિત કર્યો છે. આ તમામ પગલાં લેવાથી રોકાણનું વાતાવરણ સુધર્યું છે અને હાલનો અંદાજ સૂચવે છે કે ભારતની જીડીપી વૃદ્ધિ દર વર્ષે નવ ટકાને આંબી શકે છે અને નજીકના ભવિષ્યમાં ચીનની જીડીપી વૃદ્ધિને પાછળ પાડી દેશે. ઉપરાંત દેશમાં ૩૫૦ અબજ અમેરિકન ડોલરનું વિદેશી હૂંડિયામણ છે.

એટલી જ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે દેશમાં ભ્રષ્ટાચાર મુક્ત સરકારનું શાસન છે. છેલ્લાં થોડાં વર્ષોમાં બહાર આવેલા કૌભાંડોને ધ્યાનમાં રાખીએ તો આ અસાધારણ સિદ્ધિ છે. આ કૌભાંડોના કારણે અગાઉની સરકારને મોટી કિંમત ચુકવવી પડી હતી ત્યારે વર્તમાન સરકારે સ્પેક્ટ્રમ અને કોલસાની ખાણો ફાળવવામાં પારદર્શક પદ્ધતિઓ અપનાવવા નવા માપદંડો સ્થાપિત કર્યા છે. તેના કારણે તેની હરાજી સરળતાપૂર્વક થઈ છે અને કેન્દ્ર સરકારને જંગી આવક થઈ છે.

સુશાસનને લઈને સરકારનો અન્ય એક મહત્ત્વપૂર્ણ નિર્ણય આયોજન પંચને સમેટી લેવાનો છે, જે ભારત માટે ઉદારીકરણના તબક્કામાં સક્ષમતાપૂર્વક કામ કરવાની સ્થિતિમાં નહોતું. તે સમાજવાદનું પ્રતીક હતું એટલે વડાપ્રધાને આ પંચને બંધ કરવાનો અને તેને સ્થાને નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા (નીતિ) આયોગની રચના કરવાની જાહેરાત કરી ત્યારે કોઈએ ટીકા કરી નહોતી. નીતિ આયોગ આર્થિક નિષ્ણાતોનું જૂથ છે અને આધુનિક ભારતના નિર્માણ માટેની જરૂરિયાતો વ્યક્ત કરે છે. તે સરકારને સામાજિક અને આર્થિક મુદ્દાઓ ઉપર સલાહ આપવા ઉપરાંત વિવિધ રાજ્યોની સરકારોને તેમના સંસાધનોને આધારે આર્થિક નીતિ બનાવવા માટે સંકલન સાધવા પ્રોત્સાહિત કરે છે. સરકારે નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે કોલંબિયા યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર ડૉ. અરવિંદ પનગરિયા અને અન્ય સભ્યોની આર્થિક ક્ષેત્રમાં પ્રદાનને આધારે પસંદગી કરી છે, જે આયોગને બૌદ્ધિક માર્ગદર્શન પ્રદાન કરશે. સાથે સાથે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે સંબંધ સુધારવા અને સંઘવાદની ભાવના ખરા અર્થમાં વિકસાવવાની દિશામાં નક્કર કામગીરી હાથ ધરવામાં આવી છે.

૧૪મા નાણાકીય પંચે કેન્દ્રિય કરવેરાઓમાં રાજ્ય સરકારોનો હિસ્સો ૩૨ ટકાથી વધારીને ૪૨ ટકા કરવાની ક્રાંતિકારી ભલામણ કરી છે. વડાપ્રધાન અને નાણાંપ્રધાને તેનો સ્વીકાર પણ કર્યો છે, જેના પગલે રાજ્યોને ૨૦૧૫-૧૬માં વધુ રૂ. ૧.૭૮ લાખ કરોડ મળશે. જેટલીએ કહ્યું હતું કે, કેન્દ્રિય કરવેરામાં રાજ્યોનો હિસ્સો વધારીને ૪૨ ટકા કરવામાં આવ્યો છે, જે ટકાવારીની દૃષ્ટિએ અત્યાર સુધીનો સૌથી મોટો વધારો છે. આ ભલામણનો સ્વીકાર દર્શાવે છે કે સરકાર સહકારયુક્ત સંઘવાદ પ્રત્યે પ્રતિબદ્ધ છે.

**માળખાગત વિકાસને પ્રોત્સાહન**

ભારતે આગામી વર્ષો માટે ઊંચી આર્થિક વૃદ્ધિ હાંસલ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, પણ જો દેશમાં માળખાગત સુવિધાના વિકાસને વેગ ન આપવામાં આવે તો તે હાંસલ ન થઈ શકે. દેશની માળખાગત સ્થિતિ વિદેશી રોકાણકારોમાં સૌથી મોટી ચિંતાનો વિષય છે અને વડાપ્રધાને વિશ્વના વિવિધ દેશોની રાજધાનીઓમાં અગ્રણી વ્યાવસાયિકો અને ઉદ્યોગપતિઓને ખાતરી આપી છે કે તેમની સરકાર માળખાગત વિકાસને પ્રાથમિકતા આપશે. આ કારણે તેમની ઓફિસ માળખાગત પ્રોજેક્ટ્સ પર નજર રાખી રહી છે અને કોલસા, વીજ, હાઇવેઝ, રેલવેઝ અને બંદર જેવા વિવિધ મંત્રાલયો માટે ઊંચા લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

તે જ રીતે વડાપ્રધાન કાર્યાલયે દેશમાં વીજખાધને ૧૦ ટકામાંથી ૩.૬ ટકા કરવાનો ઊંચો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. સરકાર રાષ્ટ્રીય રાજધાની દિલ્હી, રાજસ્થાન અને આંધ્રપ્રદેશ સહિત ઘણાં રાજ્યોમાં સતત વીજળીનો પુરવઠો સુનિશ્ચિત કરવા આતુર છે. વીજ મંત્રાલય એવું પણ ઇચ્છે છે કે મંત્રાલય વીજ ઉત્પાદન માટે ૧૨મી પંચવર્ષીય યોજનામાં નક્કી કરવામાં આવેલા લક્ષ્યાંક કરતા વધારે ઉત્પાદન કરે.આ જ પ્રકારનો ભાર રાષ્ટ્રીય રાજમાર્ગોના નિર્માણ પર મૂકવામાં આવ્યો છે, જેની ગતિ સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન સરકારના એક દાયકાના શાસનકાળમાં ધીમી પડી ગઈ હતી. મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે તમામ પ્રધાનો અને મંત્રાલયોને ચોક્કસ સમયમર્યાદા ધરાવતા લક્ષ્યાંકો આપવામાં આવ્યાં છે, જેથી કોઈ પણ પ્રધાન તેમની કામગીરીમાં બેદરકારી દાખવી શકે તેમ નથી.

**સામાજિક સુરક્ષા વધારવા અને સુશાસન માટે વિવિધ પ્રેરણાત્મક અભિયાન**

સ્થાનિક મોરચે જોઈએ તો કેટલાંક અભિયાન શરૂ કરવામાં આવ્યાં છે, જેમ કે સ્વચ્છ ભારત અને સાફસફાઈ કાર્યક્રમ. મહાત્મા ગાંધીની જન્મજયંતિએ સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને ભારતના ૭૦ ટકા ઘરમાં આજે પણ શૌચાલયની ગેરહાજરી અને તેના કારણે મહિલાઓના સ્વમાન અને તેમની સલામતિ પર થતી અસરની

ચર્ચા જાહેરમાં કરવાનું સાહસ દેખાડ્યું હતું. શૌચલયોનું નિર્માણ કરવાનું અભિયાન મોટા પાયે ચાલુ થયું છે અને સરકાર પણ ગરીબ લોકોને તેમના ઘરમાં શૌચાલયો બનાવવા માટે સહાય કરી રહી છે. સરકાર છ કરોડ શૌચાલયો બનાવવાનો લક્ષ્યાંક ધરાવે છે.

અન્ય એક કાર્યક્રમ પ્રધાનમંત્રી જન ધન યોજનાને અભૂતપૂર્વ સફળતા મળી છે, જેનો હેતુ નાણાકીય સર્વસમાવેશકતા અને ગરીબોને બેન્ક ખાતું ખોલવા અને નાણાકીય સેવા સુલભ કરાવવા સશક્ત કરવાનો છે. તેનાથી તેઓ બેન્કિંગ વ્યવસ્થામાં સામેલ થશે, જેનાથી અત્યાર સુધી ગરીબો વંચિત હતા. આ કાર્યક્રમને અકલ્પનીય સફળતા મળી છે અને યોજના શરૂ થયાના મહિનાઓમાં ભારતના ગરીબો દ્વારા ૧૫ કરોડ નવા બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે ભારતના ગરીબોએ આ બેન્ક ખાતાઓમાં રૂ. ૧૫,૮૦૦ કરોડ મૂક્યાં છે. આ દરેક ખાતાધારકને રુપે ડેબિટ કાર્ડનો લાભ મળશે, જેમાં રૂ. ૧ લાખ સુધીનું ઇનબિલ્ટ અકસ્માત વીમાકવચ છે અને છ મહિના માટે ખાતાની સંતોષજનક કામગીરી પછી રૂ. ૫,૦૦૦ના ઓવરડ્રાફ્ટની સુવિધા છે.

જન ધન યોજનાની સફળતા પછી સરકારે વધુ ત્રણ યોજનાઓ શરૂ કરીને સામાજિક સુરક્ષાને નવી ઊંચાઈએ પહોંચાડી છે, જેનો હેતુ ગરીબોને રાહત પ્રદાન કરવાનો છે. આ યોજનાઓ પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના, પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વિમા યોજના અને અટલ પેન્શન યોજના છે. તેમાં પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજનાનો હેતુ વર્ષે રૂ. ૧૨નું પ્રીમિયમ ચુકવનાર કોઈ પણ વ્યક્તિને રૂ. બે લાખ સુધીનું વિમા કવચ પ્રદાન કરવાનો છે. પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વિમા યોજનાનો હેતુ વર્ષે રૂ. ૩૩૦નું પ્રીમિયમ ચુકવનારને જીવન વિમા કવચ પ્રદાન કરવાનો છે અને અટલ પેન્શન યોજના ઓછું પ્રીમિયમ ધરાવતી યોજના છે, જે વરિષ્ઠ નાગરિકોને તેમના કાર્યકારી વર્ષોમાં યોજનામાં તેમના પ્રદાનને આધારે માસિક રૂ. ૧,૦૦૦થી રૂ.૫,૦૦૦નું પેન્શન ચૂકવશે. સરકારે યુવાનોની રોજગારીક્ષમતા વધારવા અને તેમને રોજગારી પ્રદાન કરવાના વિચાર સાથે સ્કિલ ઇન્ડિયા અને મેક ઇન ઇન્ડિયા નામે બે નવીન યોજના શરૂ કરી છે. વડાપ્રધાન મોદીનો અન્ય એક વિચાર "ઓછી સરકાર, વધુ શાસન"નો એટલે સરકારનો હસ્તક્ષેપ ઓછો, પણ સુશાસન વધારવાનો છે. તેનો હેતુ સરકારની કામગીરીને વધુ સરળ અને અસરકારક બનાવવાનો છે તેમજ વહીવટીમાં પારદર્શકતા લાવવાનો અને સનદી અધિકારીઓમાં જવાબદારીની ભાવના લાવવાનો છે.

**કેન્દ્રિય મંત્રીમંડળ - કેટલાંક ફેરફારો**

કેન્દ્રિય મંત્રીમંડળના મોરચે આપણે થોડા મહિના અગાઉ કેટલાંક ફેરફારો જોયા હતા. તેમાં વડાપ્રધાને સુરેશ પ્રભુને રેલવે પ્રધાન તરીકે અને મનોહર પારિકરને સંરક્ષણ પ્રધાન તરીકે મંત્રીમંડળમાં સામેલ કર્યા હતા. પોતાના પ્રથમ રેલવે બજેટમાં પ્રભુએ સરળ અભિગમ અપનાવ્યો હતો અને રેલવેની નાણાકીય બાબતોમાં સૂક્ષ્મ ફેરફારો કરવાનો ઇરાદો જાહેર કર્યો હતો. તેમણે વ્યાવસાયિક દૃષ્ટિકોણ અપનાવીને લોકરંજક જાહેરાતો કરવાનું ટાળ્યું હતું. તેમના આ લાંબાગાળાના દૃષ્ટિકોણની પ્રશંસા થઈ હતી.

**ઉપસંહાર**

આ તબક્કે કેટલાંક વ્યાપક તારણો મળી શકે છે. પ્રથમ તારણ એ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના સમર્થકો અને ટીકાકારોને પોતાના સંચાલનની શૈલીથી મૂંઝવી રહ્યાં છે. મોદી સરકારે અગાઉની સરકારની તમામ યોજનાઓને રદ કરવાનો અવિચારી અભિગમ અપનાવ્યો નથી એટલે ટીકાકારો મૂંઝવણમાં છે. એનડીએ સરકાર શાસનનો સ્થિર અને જવાબદાર અભિગમ અપનાવી રહી છે. સંપૂર્ણપણે પુનર્ગઠન કરવાથી શાસન, રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશી નીતિ પ્રત્યેના અભિગમના ફાયદાકારક પરિણામો મળી રહ્યાં છે. પણ ટીકાકારો આટલાથી સંતુષ્ટ નથી. તેમનું માનવું છે કે પહેલા વર્ષમાં સરકારે આંગળીના વેઢે ગણી શકાય તેટલી નક્કર સિદ્ધિ મેળવી છે. તેઓ ભૂલી જાય છે કે શાસન કરવું એ ટ્વેન્ટી-૨૦ ક્રિકેટ મેચ નથી. લોકસભામાં સ્પષ્ટ બહુમતી મેળવનાર વડાપ્રધાન પાંચ દિવસની ટેસ્ટ મેચ રમતી ટીમના કેપ્ટન સમાન હોય છે. પ્રથમ વર્ષ ટેસ્ટ મેચના પ્રથમ દિવસ જેવો હોય છે, જેમાં આગામી ચારથી દિવસ માટેનું મેદાન તૈયાર કરવાનું હોય છે. વડાપ્રધાન મોદી પાંચ વર્ષના કાર્યકાળમાં તેમના વચનો પૂર્ણ કરશે તેવી પૂરેપૂરી શક્યતા છે. વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે દેશ પાસે એક એવું નેતૃત્વ છે, જેમણે દેશમાં આશાનો પુનઃસંચાર કર્યો છે અને યુવાનોને પ્રેરણા આપીને તેમને આધુનિક ભારતનું નિર્માણ કરવાના પડકારને ઝીલી લેવા વિવિધ અભિયાનમાં જોડાવા હાકલ કરી છે. જ્યારે એક વર્ષના અંતે તમારી પાસે આટલા બધા જમા પાસા હોય ત્યારે નાની નાની નિષ્ફળતા આગળ જતાં સુધારી શકાય છે અને તેનું ખરેખર કોઈ મહત્ત્વ નથી!

**લેખક પ્રસાર ભારતીના ચેરમેન તથા જાણીતા કોલમિસ્ટ છે. તેઓ ૪૦ વર્ષથી વધુનો મીડિયા અનુભવ ધરાવે છે.**

# ભારત-ચીન સંબંધ – બદલાતાં પરિમાણો

• મનીષ ચાંદ •

ભારત-ચીન સંબંધોના ઇતિહાસમાં સર્વાંગી પરિવર્તનની પળો ચાલી રહી છે, બંને દેશો જે રીતે અન્યોન્ય મળી રહ્યા છે તેમાં નવી ઊર્જા, ગતિશીલતા અને સર્જનશીલતા જોવા મળે છે. પહેલી જ વાર એશિયાના આ બે વિશાળ કદના દેશોએ નવ મહિનાના સમયગાળામાં અન્યોન્યના દેશની મુલાકાત લઈને ઊભરતા એશિયાઈ દેશોના સ્વરૂપમાં સક્રિય સહકાર માટેની વચનબદ્ધતાના સંકેત આપ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૪-૧૫ મે દરમિયાન ચીનના ઝિયાંગ, બેઇજિંગ અને શાંઘાઈ – એમ ત્રણ શહેરોની લીધેલી મુલાકાત અનેક રીતે અનોખી રહી અને વિશ્વની એક તૃતીયાંશ વસ્તિ ધરાવતા તેમ જ એકિકૃત ૧૨ ટ્રિલિયન અમેરિકી ડોલર જીડીપી ધરાવવાનો દાવો કરી રહેલા એશિયાના બે શક્તિશાળી દેશો વચ્ચેના બહુઆયામી સંબંધોના ખરબચડાપણાંને દૂર કરવા માટે પ્રયાસ આદર્યો. ચીની પ્રમુખ શી જિનપિંગે સપ્ટેમ્બર ૨૦૧૪માં ભારતની લીધેલી પ્રથમ મુલાકાતથી પકડાયેલી ગતિને પ્રધાનમંત્રી શ્રી મોદીની ચીન યાત્રાએ વેગીલી બનાવી. આ બંને મુલાકાતો અને દિલ્હીની પુરોગામી સરકારની મુદત દરમિયાન થયેલી પહેલનો સરવાળો માંડવામાં આવે તો ભારત ચીન સંબંધોનું કાંઈક આ રીતનું શબ્દચિત્ર ઉપસી આવે છે. 'એ' - એશિયા, 'બી' - બિઝનેસ, 'સી' - કલ્ચર અને 'ડી' - ડિપ્લોમસી અને ડેવલપમેન્ટ જેવા નવા શબ્દો અને નવા અર્થનિર્ધારણ જ હવે એશિયા ખંડમાં જેમનું ચિત્રણ માત્ર હરિફ અને સ્પર્ધકો તરીકે થયું છે તેવા બે પડોશી દેશો વચ્ચેના સંબંધોનો નવો પથ કંડારશે.




**વતન મુલાકાતની મુત્સદ્દીગીરી**

મુત્સદ્દીગીરી, સંસ્કૃતિ, બિઝનેસ અને ભૌગોલિક રાજકારણ એમ તમામ મોરચે પ્રધાનમંત્રી મોદીની ચીન મુલાકાતે પ્રતિકાત્મક અને નક્કર એમ બંને પ્રકારની ફળશ્રુતિઓનો ઊંચો સ્કોર ખડક્યો કે જેણે નિર્ણાયત્મક રીતે બદલાઈ રહેલા સંબંધોના નવા વલણોના સંકેત આપ્યા. પહેલી જ વાર આ પ્રકારની ચેષ્ટા કરતાં ચીની પ્રમુખ શી જિનપિંગે પણ પોતાના વતન શાન્ક્ષી પ્રાંતના પાટનગર ઝિઆન ખાતેના ભવ્ય સરકારી અતિથિગૃહમાં પ્રધાનમંત્રી શ્રી મોદીને આવકાર્યા. ઔપચારિક બેઠકમાં જ પ્રમુખ શી જિનપિંગે ભારત-ચીન સંબંધોના ઊંચા જઈ રહેલા ગ્રાફના સંકેત આપી દીધા. પ્રમુખ શી જિનપિંગે ભારતના પ્રધાનમંત્રીને કહ્યું કે, ''ચીન - ભારત સંબંધો સ્થિર વૃદ્ધિનો અનુભવ કરી રહ્યા છે અને વિશાળ સંભાવનાઓનો સામનો કરી રહ્યા છે.'' પ્રધાનમંત્રીએ ટેરાકોટા વોરિયર્સ મ્યુઝિયમ અને સંસ્કૃતમાંથી જેનું રૂપાંતર થયું છે એવી રચનાઓને જતનથી સાચવી રહેલા બૌદ્ધ મંદિરની મુલાકાત લેતાં એશિયાના બે શક્તિશાળી દેશો વચ્ચેના સદીઓ જૂની સભ્યતાના જોડાણના તાર ઝંકૃત થયા હતા. ચીન પ્રમુખ શી જિનપિંગ પહેલી જ વાર

કોઈક મુલાકાતી વિદેશી નેતાને પોતાના વતનમાં આવકારી રહ્યા હતા. આ ઘટનાને પણ ભારત - ચીન સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાની તેમની વ્યક્તિગત વચનબદ્ધતા છતી કરી હતી. ભારતના નેતા તરફ ઉષ્મા અને વ્યક્તિગત આતિથ્યભાવ દર્શાવીને પ્રમુખ શી જિનપિંગે જાણે કે શ્રી મોદીએ અમદાવાદમાં જે રીતે ચીની નેતાને સત્કાર્યા હતા તેનું સાટું વાળ્યું હતું. પહેલી જ વાર એવું બન્યું હતું કે ભારતીય અને ચીની નેતાઓએ એકબીજાના દેશની મુલાકાતની શરૂઆત દેશના પાટનગરથી નહીં પરંતુ રાજ્યોના પાટનગરથી કરી હતી. એ રાહે ભારત ચીન સંબંધોમાં વતનની મુલાકાતની મુત્સદ્દીગીરી (હોમટાઉન ડિપ્લોમસી)ના નવા આયામનો ઉમેરો થયો હતો. વ્યક્તિગત સંબંધોનો વિસ્તાર કરવા અને બંને દેશના હૃદય તથા માનસને સાંધવા માટે દ્વિપક્ષી સંબંધોને રાબેતા મુજબની મુત્સદ્દીગીરીથી પરે લઈ જવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. શિયાનમાં ટોળાએ હર્ષોલ્લાસથી તેમને વધાવી લેતાં શ્રી મોદીએ ટ્વીટ કરીને કહ્યું હતું કે, "ચીનના લોકોનો ઉત્સાહ જોઈને હું આનંદ અનુભવું છું. બંને દેશના નાગરિકોને જોડતા તાંતણા હંમેશાં ખાસ હોય છે."

### એશિયાઈ સદીનું નવું ગાન

રાજદ્વારી સંબંધોમાં ચેષ્ટા જ મહત્ત્વની હોય છે. ચીન ભારતના સંબંધો વચ્ચેની નવી રૂપરેખાને વર્ણવવી હોય તો તે બંને દેશોના ૨.૬ અબજ લોકોના જીવન અને નિયતિ અંગેના લાંબાગાળાના દૃષ્ટિકોણ પર સીધી અસર ઉપજાવનારી પ્રતિકાત્મકતા, રાજદ્વારી ચેષ્ઠાઓ અને નક્કર હકીકતોનું મિશ્રણ કહી શકાય. નિવેદનમાં કહેવામાં આવ્યું કે, "બંને નેતા એ વાતે સહમત થયા છે કે પ્રદેશ અને વિશ્વમાં ભારત અને ચીન એમ બંને દેશનો બે શક્તિશાળી દેશનો સમાંતરે થઈ રહેલો પુનઃઉદય એશિયાઈ સદીને સાકાર કરવાની તકને વેગીલી બનાવે છે."

### લક્ષ્મણ રેખા

"ભારત - ચીન સંબંધોની ક્ષમતાનું પૂર્ણ રીતે દોહન અને સંવાદિતાથી ઊભરાતી એશિયાઈ સદીનું સપનું ત્યારે જ સાકાર થઈ શકે કે જ્યારે બંને પક્ષો અન્યોન્ય ભણી પારસ્પરિક સન્માન અને સંવેદનશીલતા દાખવે." વૈશ્વિક મંચ પર બંને દેશો અન્યોન્યનો ઉદય ઈચ્છતા હોય તો બંને દેશો વ્યૂહાત્મક અવિશ્વાસ અને હરિફાઈની મનઃસ્થિતિ વિના આ લક્ષ્મણ રેખાનું પાલન કરે તે ખૂબ જ જરૂરી બની રહે છે. મે મહિનામાં લીધેલી ચીન મુલાકાત દરમિયાન યજમાન દેશને આ મર્યાદારેખાની યાદ અપાવી હતી. વડાપ્રધાન લી સાથેના સંયુક્ત નિવેદનમાં શ્રી મોદીએ સંબંધોને પૂર્ણપણે મુખરિત કરવા બંને દેશોને રોકી રહેલા કેટલાક પ્રશ્નો અંગેના વલણોની પુનઃવિચારણા કરવા અપીલ કરી હતી. બેઈજિંગમાં ચીની પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલી સંયુક્ત પત્રકાર પરિષદમાં શ્રી મોદીએ દિલ્હી ચીનના જે કેટલાક પગલાં અને વ્યવહારોને અસ્વીકાર્ય માને છે તેવા ભારતના વાંધાઓની તીવ્રતાથી બેઈજિંગને વાકેફ કર્યું હતું. તેમાં જમ્મુ કાશ્મીર તેમજ અરૂણાચલના નાગરિકોને અપાતા સ્ટેપલ્ડ વીઝા, ભારતીય સીમાડામાં ચીની સૈન્ય દ્વારા થતી રહેતી ઘુસણખોરી તેમજ કાશ્મીરના વિવાદાસ્પદ ભાગમાં પસાર થતા સૂચિત પાકિસ્તાન - ચીન આર્થિક કોરિડોર જેવા મુદ્દાઓનો સમાવેશ થતો હતો. આ પ્રશ્નો લાંબા સમયથી ભારત - ચીન સંબંધોને રુંધી રહ્યા છે, ભારતીયોના માનસને તે પ્રશ્નો ખરાબ રીતે પ્રભાવિત કરી રહ્યા છે અને બેઈજિંગના ઈરાદાઓ અંગે નવી દિલ્હીમાં પણ વ્યૂહાત્મક અવિશ્વાસનું વાતાવરણ સર્જી રહ્યા છે.

### અર્થતંત્રથી પ્રથમ પહેલ

આ પ્રશ્નોનો જાહેરમાં મતભેદો સ્પષ્ટ કરવાથી કદાચ સંબંધો કથળી પણ શકે, પરંતુ ભારત - ચીન સંબંધોમાં એક નવા જ પ્રકારની મુત્સદ્દીગીરીના દર્શન થયા. બંને દેશો વચ્ચે આવા પ્રશ્નો પ્રવર્તી રહ્યા હોવા છતાં બંને દેશોએ બંને દેશને લાભ થાય તેવી સહભાગિતા ભરેલી ભાગીદારીનો વિસ્તાર કરતાં હકારાત્મક આર્થિક તકો પર ધ્યાન કેન્દ્રીત કરવાનું પસંદ કર્યું. માળાખાકીય સુવિધા, સ્માર્ટ સિટિ અને રેલવેથી માંડીને સાંસ્કૃતિક, કૌશલ્ય વિકાસ, અંતરિક્ષ અને આબોહવા પરિવર્તન સહિતના વિશાળ ફલકને આવરી લેતાં થયેલા ૨૪ કરારો પર થયેલા હસ્તાક્ષર આ મુત્સદ્દીગીરીને પ્રદર્શિત કરે છે. બંને પક્ષોએ નિયમિત શિખર બેઠકો યોજતા રહેવા ઉપરાંત ચેંગદુ તેમજ ચેન્નાઈ ખાતે નવા કોન્સ્યુલેટ ઊભા કરવાનો નિર્ણય લઈને રાજદ્વારી પરામર્શને સઘન બનાવવા પણ પ્રયાસ કર્યો હતો. એક મહત્ત્વનું પગલું ભરતાં બંને દેશોએ પહેલી જ વાર સ્ટેટ/પ્રોવિન્સિયલ નેતાઓના મંચની રચના કરવા ઠરાવ્યું હતું. તે રાહે બંને દેશોના પ્રાંતો અને રાજ્યો વચ્ચે સંવાદ

વધારવાની તક વધશે. ૧૫ મે, ૨૦૧૫ના રોજ આવા મંચની પ્રથમ બેઠક બેઇજિંગમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં જ મળી હતી. ભારતના પક્ષ તરફથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબહેને તે બેઠકમાં ભાગ લીધો હતો.

**મેક ઈન ઈન્ડિયા**

એક ખાસ જોમ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેઇજિંગમાં જણાવ્યું હતું કે, ''આર્થિક ભાગીદારી માટે અમે ઊંચી મહત્ત્વાકાંક્ષા ધરાવીએ છીએ. અમે મબલક દ્વિપક્ષીય અવસરો અને શહેરીકરણ જેવા સમાન પડાકોરોને જોઈ રહ્યા છીએ.'' પ્રમુખ શી જિનપિંગ અને વડાપ્રધાન લી એમ બંને સાથે થયેલી વાટાઘાટો પરત્વે ખુશી જાહેર કરતાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ''બંને નેતાઓએ અમારા મેક ઈન ઈન્ડિયા મિશન તેમજ માળખાકીય ક્ષેત્રમાં ચીની સહભાગિતા વધારવાના મુદ્દે સમર્થન જાહેર કર્યું છે.''

આર્થિક મોરચે મળેલી ફળશ્રુતિ નોંધપાત્ર રહી. ચીની પ્રમુખે સપ્ટેમ્બર ૨૦૧૪માં ભારતની લીધેલી મુલાકાત સાથે આ દિશામાં આરંભિક ડગ મંડાયા હતા. તે સમયે ભારતમાં આગામી પાંચ વર્ષ દરમિયાન ૨૦ અબજ ડોલરનું રોકાણ કરવા ચીને પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને ૧૬ મેના રોજ શાંઘાઈમાં બંને દેશના ઉદ્યોગપતિઓએ ૨૨ અબજ ડોલરના વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. ભારત - ચીન સીઈઓ ફોરમને સંબોધન કરતાં પ્રધાનમંત્રી મોદીએ બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ વધારવા પર ભાર મુક્યો હતો. શ્રી મોદીની ચીન મુલાકાતના ગણતરીના સપ્તાહમાં જ ભારત ખાતેની ચીની રાજદૂત લી યુચેંગે ''મેક ઈન ઈન્ડિયા'' અને ''મેડ ઈન ચાઈના'' વચ્ચે તાલમેલ સાધતાં ''મેડ ઈન ચાઈના'' નવો સુર વહેતો મુક્યો હતો. એશિયાના બે શક્તિશાળી દેશો વચ્ચે ઉત્પાદન અને બિઝનેસ ક્ષેત્રે ઘનિષ્ઠ સહયોગની એક નવી તક તે સાથે ખુલ્લી થઈ હતી. નવી દિલ્હીમાં ફીકી દ્વારા ૧૦ જૂનના રોજ આયોજિત ચીન - ભારત ઔદ્યોગિક સહકાર સેમિનારને સંબોધતાં ચીની રાજદૂતે પણ ચીને આરંભેલા 'મેડ ઈન ઈન્ડિયા' અભિયાનની વાત કરતાં જણાવ્યું હતું કે ભારતમાં બિઝનેસ કરવા સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે ભારતની નવી સરકાર દ્વારા લેવાયેલા પગલાંની ચીની બિઝનેસ સમુદાયમાં પ્રશંસા થઈ રહી છે. ચીની કંપનીઓ ભારતમાં અનેક પ્રોજેક્ટમાં રોકાણ કરવા ઉત્સુક છે.

**વિકાસ ભાગીદારી**

એશિયાના આ બે શક્તિશાળી દેશોએ સહકારના જે પથ પર પદાર્પણ કરવા પ્રયાસ કર્યો તેમાં વિકાસ સહભાગિતા ઊભી કરવા થયેલા પ્રયાસનો પણ સમાવેશ થાય છે. આ સંદર્ભમાં મોદી સરકારે પુરોગામી સરકારો દ્વારા થયેલી સારી પહેલો પર નવું ચણતર કરવા પ્રયાસ કર્યો. મે મહિનામાં મળેલી શિખર બેઠકમાં કેટલાક ચરમસીમા રૂપ નિર્ણયો લેવાયા. જેમાં (૧) ચીન દ્વારા ગુજરાત અને મહારાષ્ટ્રમાં બે ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ઊભા કરવા. (૨) ચેન્નાઈ - બંગલુરૂ મૈસુર લાઇન પર ગતિ વધારવા, દિલ્હી - નાગપુર રેલવે પર હાઈસ્પીડ રેલ લિન્ક ઊભી કરવા ફીઝીબિલિટી અહેવાલ તૈયાર કરવો અને રેલવે યુનિર્વસિટી ઊભી કરવી. (૩) ચીનના ગુઆંગડોંગ શહેર અને ગુજરાતના અમદાવાદ વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોની સ્થાપના (૪) ભારતના ગિફ્ટ સિટી અને ચીનના શેન્ઝેન વચ્ચે પાઈલોટ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ (૫) મુંબઈ અને શાંઘાઈ, અમદાવાદ અને ગુઆંગડોંગ, હૈદરાબાદ અને કિયાંગદાઓ, ચેન્નાઈ અને ચોંગકિંગ વચ્ચે સિસ્ટર સિટી તેમજ ગુજરાત અને ગુઆંગડોંગ અને કર્ણાટક સિચાઉન વચ્ચે મૈત્રીપૂર્ણ રાજ્ય પ્રાંતીય સંબંધો માટે પણ સહમતિ સાથે તખ્તો તૈયાર થયો.

**સિંહાવલોકન - વૈશ્વિક સહકાર**

પોતાના સંબંધોને વૈશ્વિક સંદર્ભમાં મુલવતાં ભારત અને ચીને આબોહવા પરિવર્તન, ત્રાસવાદ અને અફઘાનિસ્તાનમાં પ્રાદેશિક સહકારને શક્તિશાળી બનાવવા બહુમુખી વેપાર વાટાઘાટોને બળવત્તર બનાવવા સહિત પશ્ચિમ એશિયામાં પ્રવર્તી રહેલી કટોકટી જેવા પ્રશ્નો સહિતના મુદ્દે બંને દેશોની સક્રિયતા વધારવાના મુદ્દે પણ ચર્ચા કરી હતી. આંતરરાષ્ટ્રીય ત્રાસવાદ સામે વ્યાપક ધારાધોરણ નક્કી કરવા માટે થઈ રહેલી વાટાઘાટો જલદી પૂરી કરવા ભારત દ્વારા થઈ રહેલા આગ્રહને ચીની સમર્થન મળી રહેવા સાથે ત્રાસવાદનો સામનો કરવાના દૃષ્ટિકોણમાં બંને દેશો વચ્ચે જોવા મળેલી સમાનતા નોંધપાત્ર રહી. મનમોહનસિંઘ સરકાર વખતે અફઘાનિસ્તાનમાં સહકારની જે પહેલ થઈ તેના પર પ્રાદેશિક અને વૈશ્વિક નજર રખાતી રહેશે. એશિયાના આ બંને શક્તિશાળી દેશોએ સંયુક્ત રાષ્ટ્ર, બ્રિક્સ, જી-૨૦

અને એસસીઓ સહિતના સંગઠનોમાં સહકાર અને સંકલન વધાર્યા છે.

વર્ષ ૨૦૧૫-૨૦૨૦ અંતરિક્ષ સહકાર કાર્યક્રમ પર હસ્તાક્ષર થતાં બંને દેશો વચ્ચે સહકારની નવી ક્ષિતિજો ખુલ્લી થઈ હતી. ચીને પહેલી જ વાર પરમાણુ સપ્લાયર્સ જૂથમાં સામેલ થવાની ભારતની મહત્ત્વાકાંક્ષાની નોંધ લીધી હતી. ચીને આ મુદ્દે ભારતને સમર્થન આપવા મન બનાવ્યું હતું, પરતું સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ માટેની ભારતની ઉમેદવારીને સ્પષ્ટ સમર્થન માટે હજી આનાકાની ચાલુ રાખી હતી. ચીને સુરક્ષા પરિષદમાં સ્થાયી પદ માટેની ભારતની ઉમેદવારીને સમર્થન આપ્યું હોત તો બંને દેશો વચ્ચેની વાટાઘાટોમાં અંતરાયરૂપ બનતી આવેલી વિશ્વાસની ખાઈ પુરવામાં મદદ મળી રહેત.

## સાંસ્કૃતિક મુત્સદ્દીગીરી મન અને હૃદયનું સંધાન

મનને આહ્લાદ આપનારી ઘટના એ ઘટી છે કે ભારત - ચીન સંબધોમાં આવી રહેલા વર્ષોમાં સાંસ્કૃતિક મુત્સદ્દીગીરી, લોકો - લોકો વચ્ચેનો સંપર્કના આયામો વધુ ગહેરા બનશે. તે સદર્ભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તાજેતરની ચીન યાત્રાએ ભારત ચીન વચ્ચે વિસ્તરી રહેલી સહભાગિતાના કેન્દ્ર સાથે લોકો - લોકો વચ્ચેના સંપર્કોને મૂકી દીધા છે. યોગા તાઈ ચી નું થયેલું સંયુક્ત નિદર્શન તે દ્વિપક્ષી સંબંધોને ઘાટ આપવા માટે સાંસ્કૃતિક જોડાણોને મોકળું મેદાન આપવામાં આવે તો ભારત - ચીન સંબંધો કેટલી હદ સુધી આગળ વધી શકે છે તેનું ઉદાહરણ છે. ૧૫ મેના રોજ બેઈજિંગ ખાતેના ટેમ્પલ ઓફ હેવન ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીની વડાપ્રધાનની ઉપસ્થિતિમાં ભારતીય બાળકોએ તાઈ ચી અને ચીની બાળકોએ યોગ નિદર્શન કર્યું ત્યારે વાતાવરણ ચુંબકીય તત્ત્વથી લદાઈ ગયું હતું. શ્રી મોદીએ એ પ્રસંગે જણાવ્યું હતું કે, ‘પ્રધાનમંત્રી લીએ આ કાર્યક્રમ માટે ટેમ્પલ ઓફ હેવન જેવા સ્થળની પસંદગી કરી તેની હું સરાહના કરું છું. સ્વર્ગનો અનુભવ કરવો હોય તો મન અને શરીર બંને સંતુલિત હોવા જોઈએ. યોગ તે શરીર અને મનને સંતુલિત કરવાની કળા છે. વિશ્વના તમામ વિસ્તારમાં આજકાલ હતાશા પ્રવર્તી રહી છે અને યોગ તે સમસ્યાનો ઉકેલ છે.’’ પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ‘‘એ પણ આશ્ચર્યજનક યોગાનુયોગ છે કે ચીની બાળકો યોગ જ્યારે ભારતીય બાળકો તાઈ ચી નું નિદર્શન કરી રહ્યા છે. ‘‘આપણા સાંસ્કૃતિક વારસાને સાંધવા આ મોટું માધ્યમ છે. આપણે આ પરંપરાને આગળ વધારવી જોઈએ.’’

ચીનમાં શાંઘાઈ ખાતેની ફુદાન યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર ગાંધીયન એન્ડ ઈન્ડિયન સ્ટડીઝ, દ્વિપક્ષી થીંક ટેન્ક મંચ, ઉચ્ચસ્તરીય ભારત - ચીન મીડિયા ફોરમ, કુનમિંગમાં યોગ કૉલેજ ઊભી કરવા થયેલી પહેલ અને યોગ કૉલેજ ઊભી કરવા માટે ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન અને યુનાન નેશનલ યુનિવર્સિટી વચ્ચે સહયોગ માટે થયેલી પહેલને પગલે સાંસ્કૃતિક અનુસંધાન સ્થાપવા માટેનો માર્ગ મોકળો કર્યો હતો.

કઠોર કૈલાશ માનસરોવર કરતા ભારતના શ્રદ્ધાળુઓ માટે પણ સારા સમાચાર રહ્યા. બંને પક્ષો વચ્ચે સમજૂતિ પર હસ્તાક્ષર થતાં કૈલાશ માનસરોવર માટેના વર્તમાનના ઉત્તરાખંડના લિપુલેક ઘાટ ઉપરાંત સિક્કીમ નાથુલા ઘાટનો વધારાનો માર્ગ પણ ખુલ્લો થયો છે. નવો રૂટ યાત્રીને ભોગવવી પડતી હાડમારી ઘટાડનારો અને સમયની બચત કરનારો હોવાથી વૃદ્ધો પણ કૈલાશ માનસરોવર યાત્રાનો લાભ લઈ શકશે.

પ્રવાસન અને લોકો - લોકો વચ્ચેના સંપર્કને વેગ આપવાની દિશાની પહેલ કરતાં પ્રધાનમંત્રી મોદીએ ચીની પ્રવાસીઓને ઇ વીઝા સુવિધા આપવાની પણ જાહેરાત કરી હતી. પ્રિમિયર ત્શિંગુઆ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ આ જાહેરાતને આવકારી હતી. ચીનના વિદેશમંત્રી વાંગ યીએ આ જાહેરાતને ‘‘ભેટ’’ જેવા શબ્દથી નવાજી હતી. ‘‘વિઝિટ ઈન્ડિયા યર ઈન ચાઈના ૨૦૧૫’’ તેમજ ‘‘વિઝિટ ચાઈના યર ૨૦૧૬’’ થકી લોકો - લોકો વચ્ચેનો સંપર્ક વધશે તેવી આશા સેવાઈ રહી છે. સંયુક્ત ફિલ્મ નિર્માણ મુદ્દે થયેલી સંધિ પણ એકબીજાના દષ્ટિકોણને બદલવામાં મદદ મળશે. શ્રી ઈડિયટ્સ અને પીકે જેવી ભારતીય ફિલ્મોની ચીનમાં લોકપ્રિયતા આ દિશાની સંભાવનાઓની વાત કરી જાય છે.

**લેખક ઈન્ડિયા રાઈટ્સ નેટવર્કના સીઈઓ અને મુખ્ય તંત્રી છે. આ મેગેઝિન આંતરરાષ્ટ્રીય સંબંધો અંગેનું ઓનલાઈન જર્નલ છે. તેઓએ અનેક વખત ચીનની મુલાકાત લીધી છે અને ભારત-ચીન મીડિયા ફોરમમાં ભાગ લીધો છે.**

# એક્ટ ઇસ્ટ પોલિસી : પૂર્વ અને અગ્નિ એશિયાના દેશોના સંબંધોને નવી દિશા

• સુનંદા દિક્ષિત •

ભારત આઝાદી પછી અમેરિકા અને રશિયાએ ઊભા કરેલા જૂથોથી અળગું રહ્યું હતું અને બિનજોડાણવાદી નીતિ અપનાવી હતી. પણ સોવિયત રશિયાના પતન, શિતયુદ્ધના અંત અને આર્થિક ઉદારીકરણની શરૂઆત સાથે ભારતે તેની વિદેશી નીતિમાં પણ ધીમે ધીમે પરિવર્તન કર્યું હતું. ૧૯૯૧માં તત્કાલિન વડાપ્રધાન નરસિંહરાવે લૂક ઇસ્ટ પોલિસીની શરૂઆત કરી હતી, જેનો આશય પૂર્વ અને અગ્નિ એશિયાના પડોશી દેશો સાથે સંબંધોને વિકસાવવાનો હતો. વર્ષ ૨૦૧૪માં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે તાજેતરમાં આ નીતિનું નામ બદલીને એક્ટ ઇસ્ટ પોલિસી કર્યું છે, જેનો આશય દક્ષિણ પૂર્વ એશિયાના સંગઠન (આસિયાન)ના ૧૦ સભ્યો દેશો અને તેના આઠ પૂર્ણકાલિન સંવાદન ભાગીદારો કે વિશ્લેષકો સાથે સુરક્ષા, વેપાર, આર્થિક અને પરિવહન જોડાણને પરિપક્વ બનાવવાનો છે.

ભારતીય ઉપખંડ આસિયાનના કેટલાંક દેશો સાથે પ્રાચીન સમયથી સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે. ચોલ શાસનના સમયથી આ દેશો સાથે ભારતના સંબંધોના પુરાવા પણ મળી આવે છે. પણ કમનસીબી એ છે કે સદીઓ જૂના આ સાંસ્કૃતિક સંબંધો સંસ્થાનવાદના પરિણામે મજબૂત રાજકીય સંબંધોમાં પરિવર્તિત થઈ શક્યાં નહોતા. ૧૯૪૭માં ભારતને આઝાદી મળી પછી થોડી આશા જન્મી હતી, પણ શિતયુદ્ધના કાળમાં દક્ષિણ પૂર્વ એશિયાના દેશો વચ્ચે સંબંધો મજબૂત થવાને બદલે તિરાડ પડી હતી. હકીકતમાં આસિયાનની સ્થાપના શિતયુદ્ધની જ આડપેદાશ છે, જેનો આશય વિયેતનામ અને સામ્યવાદી વિચારસરણીના પ્રસારને અટકાવવાનો હતો.

૧૯૫૦ના દાયકાથી ૧૯૯૦ સુધી એમ લગભગ ચાર દાયકાના શિતયુદ્ધમાં દુનિયાના મોટાભાગના દેશો મોટા ભાગે મૂડીવાદી અને સામ્યવાદી જૂથો વચ્ચે વહેંચાયેલા રહ્યાં હતાં. પણ વીસમી સદીના અંતિમ દાયકાની શરૂઆતમાં સોવિયત રશિયાનું વિઘટન થયું હતું અને ભારતમાં આર્થિક ઉદારીકરણની શરૂઆત થઈ હતી. બિનજોડાણવાદી અભિયાન (એનએએમ)નો પ્રભાવ સંપૂર્ણપણે ઓસરી ગયો હતો. આ સમયે ભારતે ૧૯૯૧માં લૂક ઇસ્ટ પોલિસીની શરૂઆત કરી હતી. બ્રુનેઈમાં રાજદ્વાર કાર્યાલયની સ્થાપના થઈ હતી, જ્યારે વિયેતનામ જેવા પરંપરાગત ભાગીદાર દેશોએ સંબંધો ચાલુ રહેશે તેવી ખાતરી આપી હતી. આગળ જતા દક્ષિણ પૂર્વ એશિયાના દેશોની સાથે કોરિયા દ્વિપકલ્પ, ચીન, જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે પણ સંબંધો સુધારવાની દિશામાં સક્રિય પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા.

છેલ્લાં અઢી દાયકામાં આંતરરાષ્ટ્રીય સ્થિતિ સંજોગોમાં મોટું પરિવર્તન થયું છે અને તેને અનુરૂપ આસિયાન સંગઠન પણ બદલાયું છે. તેની સ્થાપના ૧૯૬૭માં થઈ હતી અને ત્યારે તેના પાંચ સ્થાપક સભ્યો હતા – થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપોર, ફિલિપાઈન્સ અને ઈન્ડોનેશિયા. ૧૯૮૪માં છઠ્ઠા સભ્ય તરીકે બ્રુનેઈનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વીસમી સદીના અંતિમ દાયકાની મધ્યમાં લાઓસ, કંબોડિયા, વિયેતનામ અને મ્યાન્માર (એલસી વીએમ)ના સમાવેશ સાથે આસિયાનના સભ્યોની સંખ્યા ૧૦ થઈ હતી.

પછી આસિયાનના સભ્યોની સંખ્યા યથાવત્ રહી છે, પણ તે પ્રાદેશિક અને અન્ય દેશો સાથે ગાઢ સહકાર ધરાવે છે. ૧૮ સભ્યોની ઈસ્ટ એશિયા સમિટમાં ભારત સામેલ થયું છે, જેમાં આસિયનના ૧૦ સભ્ય દેશો ઉપરાંત ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ન્યૂઝિલેન્ડ, ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને રશિયા સામેલ છે. ભારત ૨૫ સભ્યોના આસિયાન રિજનલ ફોરમ (આસિયાન પ્રાદેશિક મંચ)માં સામેલ છે. આસિયાન દેશોના સંરક્ષણ પ્રધાનોની બેઠક મિટિંગ પ્લસમાં ભારત સુરક્ષા અને સલામતિ સંબંધિત મુદ્દા પર ચર્ચા કરે છે. ઉપરાંત ભારત આસિયાન સાથે અલગ સમિટ બેઠક પણ ધરાવે છે, જેમાં ક્ષેત્રવાર બેઠકો સિવાય આર્થિક પ્રધાનો વચ્ચેની બેઠકનું આયોજન પણ સામેલ છે.

ભારત પૂર્વના શક્ય તેટલા વધારે દેશો સાથે વેપાર, સંરક્ષણ અને ઊર્જા ક્ષેત્રમાં સંબંધોને વ્યાપક અને ગાઢ બનાવવાના ભાગરૂપે આસિયાન સાથે મજબૂત સંબંધ બનાવવાની ઇચ્છા ધરાવે છે. અનેક નિકાસલક્ષી દેશો અને તેમના પ્રભાવશાળી કોર્પોરેટ પણ ભારત સાથે મજબૂત સંબંધ સ્થાપિત કરવા આતુર છે, કારણ કે ભારત વિશ્વના સૌથી મોટા

બજારોમાં સામેલ છે અને આપણા દેશનું અર્થતંત્ર ધીમે ધીમે પ્રગતિના માર્ગે અગ્રેસર છે.

આસિયાન સાથે સંબંધને મજબૂત બનાવવા વર્ષ ૨૦૦૨માં ભારત-આસિયાન સમિટ યોજાઈ હતી. અગાઉ ૧૯૯૬માં ભારતને પૂર્ણકાલીન સંવાદ ભાગીદારનો દરજ્જો આપ્યો હતો, જેમાં વિવિધ વિષયો સામેલ કરવામાં આવ્યા હતા. આ રીતે છેલ્લાં અઢી દાયકાના પ્રયાસોને સ્વરૂપે સંબંધ વધારે મજબૂત થયા છે. ભારતે આસિયાન દેશો સાથે આદાનપ્રદાન કરવા જાકાર્તામાં સ્થિત તેના સચિવાલયમાં રાજદૂતની નિમણૂક પણ કરી છે.

ભારતીય અર્થતંત્રનું ઉદારીકરણ થતા દક્ષિણ કોરિયા, જાપાન, સિંગાપોર, મલેશિયા અને થાઈલેન્ડ સહિત ઘણા આસિયાન-પૂર્વ એશિયાના દેશોએ આર્થિક સંબંધોને મજબૂત કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. વર્ષ ૨૦૦૯માં આસિયાન સાથે ભારતે ચીજવસ્તુઓમાં મુક્ત વ્યાપાર સમજૂતિ (એફટીએ) પર હસ્તાક્ષર કર્યા હતા અને પછી બે વર્ષમાં તમામ દેશો દ્વારા તેનો અમલ ક્રમશઃ થયો હતો. વર્ષ ૨૦૧૪માં સેવા અને રોકાણના ક્ષેત્રમાં એફટીએ થયા હતા, જેના પર ચાલુ વર્ષના અંતે અમલ શરૂ થશે અને સેવા ક્ષેત્રમાં મજબૂત સ્થિતિ હોવાથી ભારતને ફાયદો થઈ શકે છે.

ભારત હવે આસિયાનના ૧૦ સભ્ય દેશો અને અન્ય પાંચ સંવાદ ભાગીદારો — ચીન, દક્ષિણ કોરિયા, જાપાન, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ સાથે વિસ્તૃત પ્રાદેશિક આર્થિક ભાગીદારી (આરસીઈપી)ની ચર્ચા કરી રહ્યું છે. ભારતની આ સૌથી મહત્ત્વાકાંક્ષી એફડીએ છે, જેમાં ભારત માટે પ્રચૂર સંભવિતતા રહેલી છે, કારણ કે ભારત સહિત આ ૧૬ દેશો સંયુક્તપણે વિશ્વના અર્થતંત્રનો ૨૫ ટકા હિસ્સો ધરાવે છે.

આસિયાનના નૈતિક બળનો પુરાવો મ્યાંમારના ક્રમશઃ લોકશાહીકરણ પર તેના પ્રભાવ સ્વરૂપે જોવા મળે છે. ચીન પણ સુરક્ષા સંબંધિત મુદ્દા પર ચર્ચા કરી રહ્યું છે અને દક્ષિણ ચીન સમુદ્રમાં આચારસંહિતા પર ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા છે, જે રાજકીય-લશ્કરી વાતાવરણમાં ક્રમશઃ સુધારાનો સંકેત છે. ભારતે આસિયાન દેશો સાથે દ્વિપક્ષીય આધારે સંબંધોને મજબૂત કરવાની પ્રક્રિયા પણ જાળવી રાખી છે. વિયેતનામ જેવા દેશો સાથે જૂની ભાગીદારી જાળવી રાખવા ઉપરાંત મલેશિયા, ઇન્ડોનેશિયા અને સિંગાપોર જેવા દેશો સાથે સુરક્ષા અને સલામતિ વિકસવાથી પારસ્પરિક વિશ્વાસમાં વધારો થયો છે. ભારતે પૂર્વ એશિયાના અન્ય દેશો સાથે દ્વિપક્ષીય સંબંધો સુધારવાની પ્રક્રિયાને વેગ પણ આપ્યો છે. લૂક ઈસ્ટ પોલિસીની શરૂઆતમાં ૧૯૯૩માં ચીન સાથે સરહદ પર ઘર્ષણ ટાળવા એક સમજૂતિ કરવામાં આવી હતી તેમજ ભારતમાં રોકાણ કરવા આસિયાન કોર્પોરેટ માટે લાલ જાજમ પાથરવામાં આવી હતી. આ ભારતની લૂક ઈસ્ટ પોલિસીનો પ્રથમ તબક્કો હતો.

આ પોલિસીના બીજા તબક્કામાં અનેક આંતરરાષ્ટ્રીય ઘટનાઓ જોવા મળી હતી, જેમ કે સપ્ટેમ્બર, ૨૦૦૧માં અમેરિકા પર આતંકવાદી હુમલો અને અફઘાનિસ્તાનમાં સંઘર્ષ. તેના પગલે સુરક્ષાના વાતાવરણમાં એકબીજા પરનો વિશ્વાસ ઓછો થયો હતો. ઇન્ડોનેશિયા અને ભારતે મલક્કાની ખાડીમાં નજર રાખવા સંકલન કર્યું છે, જે કિંમતી દરિયાઈ જહાજો માટે સાંકડો માર્ગ છે અને નાકાબંધી માટે સંવેદનશીલ છે. મૈત્રીપૂર્ણ સંબંધ ધરાવતા સશસ્ત્ર દળો વચ્ચે આપત્તિના સમયે માનવીય સહાય (એચએડીઆર) ૨૦૦૪ના સુનામી પછીની કામગીરીમાં દેખાઈ હતી અને ભારતીય નૌકાદળે પોતાના ટાપુઓ અને દરિયાઈ વિસ્તારો ઉપરાંત ઇન્ડોનેશિયા અને શ્રીલંકામાં અસરગ્રસ્ત લોકોના જીવ બચાવ્યા હતા. તમામ દેશોએ વધુ એચએડીઆર કવાયતને વધારે પ્રોત્સાહન આપ્યું છે, જે સૈન્યદળો વચ્ચે વ્યાપક આદાનપ્રદાન તરફ દોરી ગઈ છે. જમીનની ખેંચને કારણે વિયેતનામ ચાર પેટ્રોલ બોટ મેળવશે, ત્યારે સિંગાપોરના સૈન્યદળોએ ભારતમાં કેટલીક કવાયત આદરી હતી અને રશિયન ઉપકરણના સંબંધમાં મલેશિયા અને ઇન્ડોનેશિયા સાથે ગાઢ સહકાર દાખવવામાં આવ્યો હતો. ભારતીય નૌકાદળ અવારનવાર કવાયત કરે છે, જેના પગલે દરિયાઈ માર્ગોની સમજણ વધી છે.

પૂર્વ એશિયાના દેશો સાથે ભારતના સંબંધોને સૌથી મોટું પ્રોત્સાહન વર્ષ ૨૦૦૮માં ભારત-અમેરિકા નાગરિક પરમાણુ સમજૂતિ સાથે મળ્યું હતું. પરમાણુ અપ્રસાર સંધિ (એનપીટી) પર હસ્તાક્ષર ન કર્યા હોય તેવા કોઈ પણ દેશ સાથે અમેરિકાની આ પ્રથમ સમજૂતિ હતી, જેણે પરમાણુ શસ્ત્રોની ટેક્નોલૉજીના પ્રસાર ન કરનાર દેશ તરીકે ભારતને માન્યતા આપી હતી. સાથે સાથે અન્ય ઘટનાઓ પણ જોવા મળી છે. ચીનમાં જાપાન વિરોધી તોફાનો થયા હતા અને પૂર્વ ચીન અને દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનનું આક્રમક વલણ જોવા મળ્યું હતું, જેને જાપાન અને દક્ષિણ કોરિયા જેવા અસરગ્રસ્ત દેશોમાં ચિંતા પેઠી હતી અને ચીનની વિસ્તારવાદી નીતિને અંકુશમાં રાખવા ભારત સાથે તેમણે વ્યૂહાત્મક સંબંધો મજબૂત કર્યા છે. અમેરિકાએ પણ એશિયા પ્રશાંત ધરીને સમર્થન જાહેર કરીને ચીનના ઉદયને સંતુલિત કરવાના પ્રયાસો શરૂ કરી દીધા છે.

જાપાન, દક્ષિણ કોરિયા અને સિંગાપોરે ભારત સાથે અલગથી વિસ્તૃત આર્થિક સહકાર સમજૂતિ કરી હતી. ભારતના માળખાગત ક્ષેત્રમાં જાપાન સૌથી મોટું રોકાણકાર બન્યું છે, જે મહત્ત્વાકાંક્ષી ઈસ્ટર્ન અને વેસ્ટર્ન ફ્રેઈટ કોરિડોર પ્રોજેક્ટ્સમાં મુખ્ય ધિરાણકાર છે. આ બંને પ્રોજેક્ટ્સ પૂર્ણ થશે ત્યારે બંદરો અને ઉત્પાદન કેન્દ્રો વચ્ચે પરિવહન સમયમાં નોંધપાત્ર ઘટાડો થવાની સાથે ભારતીય ઉદ્યોગની કાર્યદક્ષતામાં વધારો થશે. આ દેશોએ ભારત સાથે ઉચ્ચસ્તરીય આદાનપ્રદાન શરૂ કર્યું છે અને અત્યાધુનિક સુરક્ષા સમજૂતિઓ કરી છે, જે સુરક્ષા ઉપકરણમાં સહકારને આગળ ધપાવવા પર ભાર મૂકે છે. આસિયાનના અન્ય દેશોએ પણ ભારત સાથે સુરક્ષા ભાગીદારીને મજબૂત કરવા આવશ્યક પગલાં લીધા છે. ભારતે આધુનિક સુખોઈ-૩૦ એમકેએમ ફાઈટર જેટ્સને સમાવવામાં મલેશિયાને મદદ કરી હતી, જે છેલ્લા બે દાયકાથી કાર્યરત હતા. ભારત અને ઈન્ડોનેશિયાએ સંરક્ષણ ઉપકરણમાં સહકાર વધારવા તેમને સંરક્ષણ સમજૂતિનું વૈવિધ્યકરણ કર્યું છે.

સૌથી મોટું પરિવર્તન ભારત-જાપાન સંરક્ષણ અને સલામતિની સમજૂતિઓમાં આવ્યું છે. જાપાને તેના શાંતિવાદી બંધારણમાં ફેરફારની શરૂઆત કરી છે અને ભારતને તેના અત્યાધુનિક મહત્ત્વાકાંક્ષી વિમાન શિન્માયા ટૂનું વેચાણ કરવા સમજૂતિ કરીને સુરક્ષા ઉપકરણની નિકાસ ન કરવાની લાંબાગાળાની નીતિમાં અપવાદરૂપ નિર્ણય લીધો છે. શિન્માયા ટૂ લશ્કરી અને નાગરિક એમ બંને ક્ષેત્રમાં ઉપયોગી છે. ભારત સિવાય ઓસ્ટ્રેલિયા એકમાત્ર દેશ છે, જેના માટે જાપાને તેના સંરક્ષણ નિકાસ નિયમો હળવા કર્યા છે.

વ્યૂહાત્મક સમજૂતિઓનો વ્યાપ વધવાની શરૂઆત થઈ છે. દક્ષિણ કોરિયાએ નાગરિક પરમાણુ સંધિ તેમજ સંરક્ષણ સમજૂતિ કરી છે. તેની જહાજ નિર્માણ કંપનીઓએ ભારતીય નૌકાદળને આધુનિક ઓપ આપવા વાટાઘાટ શરૂ કરી છે. ભારતે પ્રથમ વખત જાપાન સાથે ૨ + ૨ ફોર્મેટમાં વાટાઘાટ યોજી હતી, એટલે કે બંને દેશોના સંરક્ષણ અને વિદેશી સચિવોની સંયુક્ત બેઠકો યોજી હતી. ભારતના ૧૯૯૮ના પરમાણુ પરિક્ષણના આઘાતમાંથી જાપાન બહાર નીકળી ગયું છે અને વિદેશી વિકાસ સહાય (ઓડીએ) ફરી શરૂ કરી છે.

જાપાન અને દક્ષિણ કોરિયા સાથે સમજૂતિઓ કરીને ભારતે આસિયાન સમુદાય સિવાયના દેશો સાથે સંબંધો સુધારવા નજર દોડાવી છે. ચીન અને ભારત દર વર્ષે ઉચ્ચસ્તરીય બેઠકો યોજે છે. તેના પરિણામે બંને દેશો વચ્ચે અંકિત ન હોય તેવા વિસ્તારોમાં સૈનિકો વચ્ચે પ્રત્યક્ષ સંઘર્ષ ટાળવા વધુને વધુ સમજૂતિઓ થઈ છે. બંને પક્ષ વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ ઓછું થયું છે અને વેપાર અને રોકાણ માટેનો માર્ગ વધુ મોકળો થયો છે. ચીનની ધનિક કંપનીઓ ઉપકરણને ધિરાણ પૂરી પાડવાની ઓફર સાથે માળખાગત ક્ષેત્રોમાં પ્રવેશી રહી છે અને ભારતીય રેલવેમાં રોકાણ પર વાટાઘાટ નિર્ણયાત્મક તબક્કામાં પ્રવેશી છે.

ભારતે કંબોડિયા, લાઓસ, વિયેતનામ, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા, ચીન અને જાપાન જેવા બૌદ્ધ દેશો સાથે પ્રાચીન સાંસ્કૃતિક, ધાર્મિક અને વંશીય સંબંધોને પ્રોત્સાહન પણ આપ્યું હતું. ભારતની વિઝા-ઓન-એરાઈવલ યોજનાનો પ્રથમ લાભ આસિયાન દેશોને જ મળ્યો હતો, જેનાથી પ્રવાસનને, ખાસ કરીને ધાર્મિક પ્રવાસનને પ્રોત્સાહન મળ્યું છે. ભારતે નાલંદા વિશ્વવિદ્યાલયને નવજીવન આપ્યું છે, જે બિહારમાં રાજગીરમાં પ્રાચીન શૈક્ષણિક કેન્દ્ર હતું અને તેને પૂર્વ એશિયાના દેશોના સાથસહકારથી નવેસરથી ધમધમતું કરવામાં આવ્યું છે. પદ્મવિભૂષણ વિજેતા અને સિંગાપોરના વિદેશ પ્રધાન જ્યોર્જ યેવનને તેના નવા કુલપતિ બનાવવામાં આવ્યાં છે, જેમણે ૮૧ વર્ષીય અમર્ત્ય સેનનું સ્થાન લીધું છે.

આસિયાન સાથે સંબંધો સ્થિર અને મજબૂત થયા પછી ભારતે તેની નજર ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને પ્રશાંત ટાપુના દેશો તરફ દોડાવી હતી. ઓસ્ટ્રેલિયાએ એનપીટી પર હસ્તાક્ષર ન કરનાર ભારતને યુરેનિયમનું વેચાણ કરવાની મંજૂરી આપીને તેની નીતિમાં ફેરફાર કર્યો છે અને ભારતની ઊર્જા જરૂરિયાતો પૂર્ણ કરવામાં સક્રિય ભાગીદાર બન્યો છે, ખાસ કરીને કોલસા અને સીએનજીમાં.ઓસ્ટ્રેલિયામાં સ્ટુડેન્ટ અને વર્ક વિઝા પર જઈને કાયમ માટે સ્થિર થયેલા ભારતીય સમુદાયમાં મોટો વધારો થયો છે, જેણે બંને દેશ વચ્ચેના સંબંધને મજબૂત કરવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ન્યૂઝીલેન્ડ સાથે સંબંધ વિકસાવવા પર પણ ધ્યાન આપવામાં આવ્યું છે. લૂક ઈસ્ટ પોલિસીના ભાગરૂપે વર્ષ ૨૦૧૨થી ભારતે ફિજી સહિત ૧૬ દેશોને સમાવતા પેસિફિક આઈલેન્ડ ફોરમ સાથે સંબંધો શરૂ કર્યા છે, જેમાં ભારતીયો મોટી સંખ્યામાં રહે છે.

લૂક ઈસ્ટ પોલિસીનો બીજો તબક્કો તાજેતરમાં પૂર્ણ થયો છે, જેમાં ભારતે પ્રથમ તબક્કામાં તૈયાર કરેલી પૃષ્ઠભૂમિના આધારે પૂર્વ અને અગ્નિ એશિયાના દેશો સાથેના સંબંધોને મજબૂત કર્યા છે. પોલિસીના અનેક પાસાં કાર્યરત કરવા માટે સજ્જ થયેલા ભારતે હવે આ નીતિને એક્ટ ઈસ્ટ પોલિસી નામ આપ્યું છે. આસિયાનના મંચ અને દ્વિપક્ષીય સમજૂતિઓ ઉપરાંત ભારતની પૂર્વ અને

અગ્નિ એશિયાના દેશો માટેની વિદેશ નીતિમાં બીઆઈએમએસટીસી પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં ભારત ઉપરાંત બાંગ્લાદેશ, થાઈલેન્ડ, શ્રીલંકા, મ્યાનમાર, ભૂતાન અને નેપાળ સામેલ છે.

મુક્ત વેપાર અને જોડાણના મુદ્દા ઉપરાંત આસિયાન અને બીઆઈએમ એસટીસી દેશો સાથે સામાજિક, સુરક્ષા સંબંધિત અને માનવીય મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવ્યાં છે. વિકાસના અભાવે અનેક સમાજને નુકસાનકારક અનેક પ્રવૃત્તિઓ આ વિસ્તારમાં મૂળિયા ધરાવે છે. આ બંને સંગઠન નશીલા દ્રવ્યો અને મહિલાઓની દાણચોરી, બાળકોની ઉઠાંતરી અને આતંકવાદને પોષવા સહિત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પગલાં છે.

ભારતે ચારે બાજુ જમીનથી ઘેરાયેલા અને અવિકસિત ઉત્તરપૂર્વના રાજ્યોને ખુલ્લાં મૂકતા આ સમસ્યાઓ જાહેર થઈ છે. તેના સમાધાનની દિશામાં પ્રથમ કદમ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાનું છે. ભારત કલાદાન નદી મારફતે મ્યાંમારના સિતવે બંદર સુધી ચીજવસ્તુઓ મોકલવા અને મિઝોરમ તરફનો માર્ગ ખુલ્લો કરવા ઈચ્છે છે, જેથી બંને દેશ વચ્ચેના અંતરમાં નોંધપાત્ર ઘટાડો થશે. અત્યારે સિલિગુડી કે ચિકન્સ નેક કોરિડોર મારફતે દેશ વચ્ચેનો વ્યવહાર થાય છે, જે અત્યંત સાંકડો હોવાથી વ્યસ્ત રહે છે.

બાંગ્લાદેશ સાથે સંબંધોને સુધારવાથી ૧૯૬૦ના દાયકાથી બંને દેશ વચ્ચેના આદાનપ્રદાનનો માર્ગ ખુલ્લો થયો છે. બાંગ્લાદેશ મારફતે ભારતમાંથી ઉત્તરપૂર્વના દેશોમાં અવરજવરનો અતિ ઉપયોગી માર્ગ ટૂંક સમયમાં ખુલી જશે. તેનાથી પરિવહન ખર્ચમાં મોટો ઘટાડો થશે. ભૂતાન અને નેપાળ સાથે સંબંધોમાં મહત્ત્વપૂર્ણ સુધારો થયો છે, જેમણે બાંગ્લાદેશના બંદરોનો ઉપયોગ શરૂ કર્યો છે. ભારત, નેપાળ, ભૂતાન, મ્યાનમાર અને બાંગ્લાદેશ જેવા દેશો વચ્ચે પ્રાદેશિક સહકાર માટે તાજેતરમાં મોટર વાહન સમજૂતિ થઈ છે, જે પૂર્વ એશિયાના દેશો વચ્ચે સતત જોડાણને પ્રોત્સાહન આપશે.

ભારત અને પૂર્વ એશિયાના દેશો વચ્ચે દરિયાઈ જોડાણ પરિવહન વ્યવસ્થાને વધારે મજબૂતિ પ્રદાન કરશે અને વધારે અસરકારક પુરવાર થશે, કારણ કે પૂર્વ એશિયા સાથેની સરહદ પર્વતીય અને ગાઢ જંગલોનો વિસ્તાર છે. થાઈલેન્ડે મ્યાનમારમાં ઊંડું બંદર વિકસાવ્યું છે, જે આર્થિક પ્રવૃત્તિ માટે મુખ્ય કેન્દ્ર બનશે. પણ ભારત એશિયા-પ્રશાંત કોરિડોરમાં વધુ સક્રિય છે, જેને હવે અમેરિકાનું પીઠબળ છે. આ પ્રોજેક્ટમાં ભારતમાંથી બાંગ્લાદેશને જોડતો અને મ્યાનમારમાંથી નીકળીને થાઈલેન્ડ સુધી પહોંચતો માર્ગ બનાવવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતા અને વિઝા-ઓન-એરાઈવલ યોજનાની મદદથી પ્રવાસીઓનું આગમન વધતા પડોશી દેશો વચ્ચે મજબૂત સંપર્ક સ્થાપિત થશે, જે સમાન સાંસ્કૃતિક મૂલ્યો ધરાવે છે.

પૂર્વ એશિયાના દેશોમાં સૌથી અનુકૂળ પરિબળ એકસમાન જીવનશૈલી અને તેમની વચ્ચે સેતુરૂપ અંગ્રેજી ભાષા છે, જે દ્વિપક્ષીય રોકાણનો પ્રવાહ સુનિશ્ચિત કરે છે. આ દેશોમાં ભારતીય ઉદ્યોગપતિઓએ જેટલું રોકાણ કર્યું છે, તેટલું જ રોકાણ આ દેશોમાંથી ભારતમાં આવ્યું નથી. મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે જાપાન અને દક્ષિણ કોરિયા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જે ચીન સિવાય અન્ય દેશોમાં રોકાણ કરવા આતુર છે. ચીનના ટોચના સીઈઓએ પણ ભારતના વ્યવસાયને અનુકૂળ અભિગમને ધ્યાનમાં લીધો છે અને રોકાણની તકો શોધી રહ્યાં છે. ચીને આધુનિક માળખા ઉપરાંત બે રોકાણ પાર્કની ખાતરી આપી છે. આ દેશોની ટોચની કંપનીઓ ભારતની સ્માર્ટ સિટીની પહેલ અને ગ્રીન એનર્જી (પર્યાવરણને અનુકૂળ ઊર્જાના ક્ષેત્રમાં રોકાણ કરવા નજર દોડાવી રહી છે.

એટલે લૂક ઈસ્ટ પોલિસી કે હવે એક્ટ ઈસ્ટ પોલિસી તરીકે ઓળખાતી આ નીતિનો ત્રીજો તબક્કો શરૂ થવાની અણી ઉપર છે. ભારતે વિશ્વમાં અન્ય જગ્યાએ કરેલી પહેલની સરખામણીમાં આ પોલિસી પર ઓછું ધ્યાન આપતા સફળતા ધીમે ધીમે મળી છે. પણ તેની અસર સ્થાયી છે, કારણ કે ભારત અને ચીન સિવાય બાકીના દેશો વચ્ચે વ્યૂહાત્મક મતભેદો નથી. ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીનું જહાજ આસિયાન દેશોના કિનારાથી આગળ વધ્યું છે અને તમામ દેશો સાથે વધુ ગાઢ સંબંધ વિકસાવવા માંગે છે. કેટલાંક દેશો ભારતની ટેકનોલોજી ઉપકરણ અને ઉપભોક્તા સામગ્રીની જરૂરિયાત પૂર્ણ કરે છે, અન્ય કેટલાંક દેશો તેની ઊર્જા જરૂરિયાતો પૂર્ણ કરે છે, તો કેટલાંક દેશ ભારતની ચીજવસ્તુઓને રોકાણ માટેની તક પ્રદાન કરે છે.

સંપૂર્ણપણે જોઈએ તો શિતયુદ્ધના અંત પછી અત્યાર સુધી ભારતે તેના પૂર્વ પડોશી દેશો સાથે મજબૂત સંબંધોનું નિર્માણ કર્યું છે, જે વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવા બંને પક્ષને મદદ કરે છે. એકથી વધારે ક્ષેત્રોમાં આદાનપ્રદાન અને સ્વતંત્રતા હવે એટલી હદે વિકસી છે કે ભારત અને ૨૦ અલગ દેશો (પેસિફિક આઈલેન્ડ્સ ફોરમને બાદ કરતા) સહકારની નવી દિશાઓમાં શરૂઆત કરી શકે છે.

**લેખિકા વરિષ્ઠ પત્રકાર અને જનસંપર્ક નિષ્ણાંત છે.**

# એશિયા : પૂર્વ અને દક્ષિણ પૂર્વ

• પુષ્પેશ પંત •

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતા સંભાળી ત્યારથી ભારતનો ઝુકાવ પૂર્વના દેશ તરફ વધતો જાય છે. "લૂક ઈસ્ટ" નીતિ હવે પૂર્વ સાથે એક્ટ ઈસ્ટ બની છે. પૂર્વના દેશોમાં ચીન, જાપાન, કોરિયા અને મોંગોલિયા વગેરેનો સમાવેશ થાય છે. પૂર્વ એશિયાનું મહત્ત્વ સ્વીકારી ભારતે જબરી દૂરંદેશી દાખવી છે.

દુનિયામાં સૌથી વધુ વસતિ ધરાવતું ચીન દુનિયાનું બીજા નંબરનું અર્થતંત્ર પણ છે. સંયુક્ત રાષ્ટ્ર સલામતિ પરિષદમાં કાયમી સભ્યપદ ધરાવતું ચીન આપણા દેશ સાથે ખૂબ લાંબી સરહદ પણ ધરાવે છે. આઝાદી પછી ચીન સાથે લડાઈની નોબત આવતા હંમેશાં તેની સાથેના સંબંધોમાં ચઢાવ ઉતાર આવતા રહ્યાં છે. છતાં આંતરરાષ્ટ્રીય વેપારમાં ભારતની સૌથી મોટી ભાગીદારી ચીન સાથે છે. આમ તો ભારત અને ચીન વચ્ચેના સાંસ્કૃતિક સંબંધો ૧૫૦૦ વર્ષ જૂના છે અને અંગ્રેજોની ગુલામીમાંથી છુટવા બંનેએ લાંબો સંઘર્ષ કરવો પડેલો.

સરહદની માલિકીનો વિવાદ ૧૯૬૨માં એટલો ઘેરો બન્યો કે હિમાલયમાં લડાઈ ફાટી નીકળેલી. સરહદની આંકણી નિશ્ચિત નહીં હોવાથી આજે પણ ચાલતો વિવાદ એટલો ઊંડો છે કે બંને દેશ વચ્ચે અવિશ્વાસની ઊંડી ખીણ ઊભી થઈ ચૂકી છે. રાજદ્વારી કક્ષાએ શાંતિ જાળવવાની ગમે તેટલી વાટાઘાટ થાય છતાં એકબીજાની સરહદમાં ઘુસણખોરીના આરોપ સાથે સમયાંતરે તંગદિલી ઊભી થતી જ રહી છે. અરૂણાચલ પ્રદેશની માલિકી પોતાની હોવાનો દાવો સદાય કરતું રહેલું ચીન તેની પાસેનો જમ્મુ-કાશ્મીરનો હિસ્સો પાકિસ્તાનને સોંપી ત્યાં સૈનિકો લાગે તેવા માણસો ગોઠવતું રહ્યું છે. એક રીતે મ્યાનમારથી માંડી પાકિસ્તાન વચ્ચે વર્તુળાકાર ગોઠવણી કરી ચીન હંમેશાં જાણે ભારતને ઘેરતું રહ્યું છે. આવી પરિસ્થિતિમાં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે જ્યારે સૌથી શક્તિશાળી દેશ તમારી તરફેણમાં નથી ત્યારે "એક્ટ ઈસ્ટ" નીતિ રાખવાનો કોઈ ફાયદો ખરો ? જવાબ જાણવા માટે આગળ ઉપર થોડું અર્થઘટન પણ વાંચો.

પશ્ચિમનું મોડેલ અપનાવી મહાસત્તા બન્યો હોય તેવો એશિયાનો પહેલો દેશ હતો જાપાન. ચીનની તેની પાસે કોઈ વિસાત નહોતી. વિશ્વ યુદ્ધમાં જર્મની સાથે હાથ મિલાવીને જાપાને આજના વિયેતનામ, ઈન્ડોનેશિયા અને સિંગાપોરમાંથી ફ્રાંસ, ડચ અને બ્રિટનના સૈનિકોને ખદેડી કાઢ્યા હતા. અમેરિકાના હાથે ત્યારબાદ તબાહ થઈ ચૂકેલું જાપાન ૧૯૬૦ના દાયકાથી જહેમતના પગલે રાખમાંથી બેઠું થઈ ઔદ્યોગિક તથા આર્થિક મહાસત્તા બની ગયું. ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ ક્ષેત્રમાં જાપાને કેળવેલી તાકાત આગળ દુનિયા ઝુકી ગઈ હતી. ચીન માફક જાપાન સાથે પણ ભારત ઐતિહાસિક સંબંધ ધરાવે છે. જેમાં બૌદ્ધ ધર્મનો ફાળો મોટો છે. ભારતની આઝાદી માટે નેતાજી સુભાષચંદ્ર બોઝને જાપાને કરેલી મદદ બદલ ભારત તેનું ઋણી છે. નેતાજીના સંભારણા આજે પણ જાપાન સાચવી બેઠું છે. તો ટોકયો વોર ક્રાઈમ ટ્રિબ્યુનલમાં ભારતીય ન્યાયધીશે જાપાનની તરફેણમાં ચુકાદો આપેલો તે જાપાને સદાય યાદ રાખ્યું છે.

શિતયુદ્ધના સમયમાં અમેરિકાનું છત્ર સ્વીકાર્યા બાદ જાપાન અને ભારત વચ્ચેના સંબંધમાં ઓટ આવી હતી. પરંતુ ધીમે ધીમે આર્થિક સંબંધો સુધારતા ગયા તેમ મનમેળ વધતો ગયો. જાપાની કંપનીઓ દ્વારા ભારતમાં સંયુક્ત સાહસ સ્થપાતા અનેક બ્રાન્ડ ભારતમાં ઘેરઘેર જાણીતી બની ગઈ. સુઝુકી, નેશનલ પેનાસોનિક, સોની, યામાહા, હોંડા, નિકોન અને કેનન જેવા નામ ૧૯૭૦ના દાયકાથી ભારતમાં જાણીતા બની ચૂક્યા છે.

પૂર્વ એશિયાના બે સૌથી સમર્થ દેશ એવા જાપાન અને ચીન વચ્ચે કડવી હરિફાઈ રહેતી આવી હોવા છતાં ભારતની વિદેશનીતિ બંને પ્રત્યે સમાન રહી છે. એશિયા ખંડ ઉપર યુરોપનું આધિપત્ય

ફગાવી દેવા માટે ચીને કરેલી મહેનત લાંબા સંઘર્ષ બાદ ફળીભૂત થઈ અને મહાસત્તા તરીકે પોતાનું ઘડતર તેણે શરૂ કર્યું, પરંતુ અમેરિકા સાથેની મૈત્રીના પ્રતાપે જાપાન પ્રત્યે તેનો અવિશ્વાસ કાયમ રહ્યો. સોવિયેત રશિયા સાથે મૈત્રી કેળવી ચીને મજબૂત ટેકો ઊભો કરેલો પરંતુ સાઈબીરિયામાં ઊસુરી નદી પાસે બંને વચ્ચે લશ્કરી અથડામણ થતાં સંબંધો બગડ્યા. અંતે માઓની આગેવાનીમાં પોતે પોતાના પગ ઉપર સમર્થ બનવા ચીને દૃઢ નિર્ણય કર્યો અને કરી બતાવ્યું. આજે મધ્ય એશિયામાં તેની આણ પ્રવર્તે છે તેનો જરાય ઈન્કાર થઈ શકે તેમ નથી.

ઈન્ડોનેશિયા વસતિની દૃષ્ટિએ દુનિયાનો ત્રીજા નંબરનો દેશ હોવાં ઉપરાંત સૌથી વધુ મુસ્લિમ નાગરિકો ધરાવતો મુલક હોવાની ખાસિયત ધરાવે છે. હિંદ મહાસાગરથી દક્ષિણ પશ્ચિમ પ્રશાંત મહાસાગર વચ્ચેના દરિયાઈ માર્ગે આવેલું ઈન્ડોનેશિયા અનેક ટચૂકડા ટાપુઓમાં વહેંચાયેલો એવો દેશ છે જેનો એક છેડો ઓસ્ટ્રેલિયાને તો બીજો છેડો ન્યૂઝીલૅન્ડને સ્પર્શે છે. ઈન્ડોનેશિયાની સંસ્કૃતિમાં હિન્દુસ્તાનના બૌદ્ધ ધર્મ, આરબ દેશોનો ઈસ્લામ અને યુરોપની વલંદા પ્રજાની અસર સહિયારાપણે વણાયેલી છે. વલંદાઓના તાબામાં વસાહત તરીકે ઈન્ડોનેશિયાનો ગુલામી અનુભવ તેના પાડોશી ગુલામ દેશો કરતા થોડો અલગ, થોડો સુખદ કદાચ હતો. તેની ફરતે આવેલા દેશો પૈકી મલેશિયા તથા સિંગાપોર અંગ્રેજોના તાબામાં હતા, જ્યારે વિયેતનામ, કંબોડિયા અને લાઓસ ઉપર ફ્રાંસનો કબજો હતો. વલંદા તરીકે ઓળખાતી ડચ પ્રજા પાસેથી આઝાદી મેળવવામાં ભારતે કરેલી મદદને લીધે ઈન્ડોનેશિયા શરૂથી જ મિત્ર દેશ રહ્યો છે અને પંડિત નહેરૂ સાથે સુકર્ણોને સારા સંબંધ હતા. અલિપ્તવાદ ચળવળના સ્થાપક સભ્યોમાં નહેરૂ, નાસર, ટિટો અને સિંહાલુક સાથે સુકર્ણો પણ હતા.

કમનસીબે ભારત સાથે ઈન્ડોનેશિયાને બાંડુંગ કોન્ફરન્સથી વાંકુ પડ્યું ત્યારે સુકર્ણોની પક્કડ છુટી ગઈ હતી અને પાંચ વર્ષ બાદ બેલગ્રેડ કોન્ફરન્સ પછી તો ઈન્ડોનેશિયા અલિપ્તવાદ ભૂલી ગયું અને ચીન તથા પાકિસ્તાન સાથે ભળી ભારત વિરોધી ધરી રચવામાં ભાગીદાર બની ગયું. સામ્યવાદી પક્ષને સત્તા મળ્યા બાદ મલેશિયા સાથે બોર્નિયોમાં સરહદનો વિવાદ પેદા કર્યો પરંતુ વિયેતનામમાં લડાઈ ફાટી નિકળતા સામ્યવાદીઓ તેની અસરરૂપે સત્તામાંથી ફેંકાઈ ગયા. નવી સરકારે લાભ માટે અમેરિકા તરફ ઢળવાનું નક્કી કર્યું અને પ્રાદેશિક સ્થિરતા માટે આશિયાન જેવો મંચ તેની પ્રેરણાથી રચાયો. આ બધી રાજકીય અનિશ્ચિતતા વચ્ચે ૧૯૭૦થી ૧૯૯૦ના દાયકામાં ઈન્ડોનેશિયાનું અર્થતંત્ર ખનિજતેલની કમાણી ઉપર ખાસ્સું મજબૂત બની ચૂક્યું હતું. પરંતુ વિયેતનામ યુદ્ધમાંથી બહાર આવતા તે ક્ષેત્રમાં શાંતિ સ્થપાઈ તેનો લાભ બધાને થયો. દુર્ભાગ્યે, આપણી વિદેશનીતિમાં દક્ષિણ પૂર્વ એશિયાને ક્યારેય મહત્ત્વ મળ્યું નહોતું.

૧૯૯૦માં પહેલી વખત ''લૂક ઈસ્ટ'' શબ્દ ભારતમાં વહેતો થયા બાદ આપણા દેશના નેતા ત્યાં સત્તાવાર પ્રવાસે જતા થયા ખરા પરંતુ ચીન અને પાકિસ્તાન જેવા વસમા પાડોશી પ્રત્યેનું વળગણ પૂર્વ એશિયાના અન્ય દેશો સાથે સંબંધ બાંધવામાં જાણે અજાણ્યે વિઘ્ન બનતું જ રહ્યું. એક તરફ મહાસત્તા સાથે સંબંધ બાંધવાનો મોહ હતો. તો બીજી તરફ નહેરૂકાળથી કોમનવેલ્થમાં જ ભાઈબંધી રાખવાની લઢણ પડી ગયેલી એટલે આ બધા કદ અને મહત્તામાં નાના કહેવાય તેવા દેશ સાથે મૈત્રી કોઈને ગળે ઉતરી નહોતી. ભારતના રાજદ્વારી સંબંધો જાળવવાનું કામ કરતી ટીમ આંતરરાષ્ટ્રીય પ્રવાહ સાથે કદમતાલ મિલાવવામાં એટલી વ્યસ્ત રહી કે પૂર્વના પાડોશીઓ સદ્ધર દેશ બની ગયા ત્યાં સુધી ધ્યાન ગયું નહીં. અંતે ''લૂક ઈસ્ટ''ના પગલે પગલે ''લૂક એક્ટ'' અભિગમ ભારતમાં જન્મ્યો અને મ્યાનમાર તથા બાંગ્લાદેશ સાથે નવેસરથી ભાઈબંધી ગોઠવવાથી ''લૂક એક્ટ''ની શરૂઆત થઈ. ચીનને વશમાં લેવું હોય તો પહેલા મલેશિયા, સિંગાપોર, ઈન્ડોનેશિયા, થાઈલૅન્ડ, લાઓસ, કંબોડિયા અને વિયેતનામને પાક્કા દોસ્ત બનાવવા પડે તે હવે સમજાયું છે. વિદેશ વેપારની મજબૂરી હેઠળ ચીન, જાપાન અને કોરિયા જેવી મોટી હસ્તી આપણા દેશની દોસ્તી ઝંખે છે. જાપાન અને કોરિયા જેવા દેશના ભૂગોળ, ઈતિહાસ અને સંસ્કૃતિ તદ્દન વિરોધાભાસી હોવા છતાં ભારત સાથે ઐતિહાસિક કાળથી વ્યવહાર ધરાવે છે એટલે મૈત્રી કેળવવી પ્રમાણમાં સરળ બની

છે. ચીનનો વધતો પ્રભાવ ખાળવા માટે ભલે અમેરિકા આપણા દેશને હાથો બનાવવા માંગતું હોય, પરંતુ મોંગોલિયા જેવા નાના દેશ પણ ઈતિહાસની સાક્ષીએ ભારત પાસેથી સારા અને સાચા સંબંધની ઈચ્છા રાખતા થયા છે, તે આપણી જીત નથી તો શું છે ?

બસ, પ્રધાનમંત્રી મોદી આ ભૂલ સુધારવામાં માટે ''એક્ટ ઈસ્ટ'' પોલીસી લાવી બહુ ઝડપથી અહીંનાં બધા દેશો સાથે મૈત્રી કેળવવી શરૂ કરી ચૂક્યા છે. ચીન સાથે સરહદ વિવાદ વચ્ચે લાવ્યા વગર વેપાર વધારવાની ખુલ્લી પહેલ કરી છે. તો ચીનને રોકડું પરખાવી પણ દીધું છે કે, વેપાર કરવો હોય તો સરહદ સળગતી રહે તે નહી પાલવે. ચીને થોડામાં ઘણું સમજાવી દેવામાં આવ્યું છે કે બંને દેશ વચ્ચે વેપારમાં સમતુલા રહેવી જોઈએ, ભારતને ફાયદો થાય તેમ ચીને પોતાના બજાર ખોલવા પડશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાપાન સાથે ઝડપભેર સંબંધો સુધારી ચીનને સંકેત આપી દીધો છે કે દક્ષિણ એશિયામાં દોસ્તીના બહેતર વિકલ્પ ભારત પાસે ઉપલબ્ધ છે. જાપાન સાથે કરોડો ડોલરના કરાર કરી ભારત પાછા ફરેલા પ્રધાનમંત્રી મોદી વાસ્તવમાં ચીનને ઝાટકો આપી આવ્યા હતા.

સેનકાકુ ટાપુઓની માલિકી માટે એક સમયે યુદ્ધે ચડવાની તૈયારી કરી ચૂકેલું ચીન તથા જાપાન ગઈ સાલ ખૂબ નજીક આવી દોસ્તી વડે લાભ પામવાની નીતિ અખત્યાર કરી ચૂક્યા છે. ત્યારે સામ્રાજ્યનો ભૌગોલિક વિસ્તાર કરવાની નીતિ આજના સમયમાં સંદર્ભ ગુમાવી બેઠી છે તેવા ભારતના નિવેદનનું ખૂબ મહત્ત્વ છે. સરહદ વિવાદના સંદર્ભમાં આ વાત ચીનને ગમે નહીં તે સ્વાભાવિક છે. દક્ષિણ ચીન સમુદ્રમાં ભારત અને વિયેતનામ સાથે મળીને ખનિજ તેલની શોધખોળ કરવા સંમત થયા તે પણ ચીનને ગમ્યું નથી, છતાં ભારત તેને ક્યાં ગાંઠ્યું છે ?

નિષ્ણાંતો અચૂકપણે માને છે કે, ઊર્જા તથા ખોરાક સલામતિ જેવા ક્ષેત્રમાં ભારત અને ચીન વચ્ચે સખત સ્પર્ધા થવાની હોવાથી ચીન પૂરેપૂરું આપણું ભાઈબંધ બની જાય તેવી આશા રાખવી નકામી છે. ઉપરાંત છેલ્લા ૫૦ વર્ષથી તેણે પાકિસ્તાન સાથે સંબંધો ખીલવ્યા છે તે ભારત માટે જતા કરે તેવી આશા પણ રખાય નહીં. રશિયા સહિત મધ્ય એશિયામાં બનતી ઘટનાઓ ઉપર નજર રાખવા સાથોસાથ ભારતને કાબૂમાં રાખવા માટે ચીન તરફથી પાકિસ્તાન સાથે દોસ્તી વધુને વધુ ગાઢ બનાવાઈ રહી છે. પ્રધાનમંત્રી મોદીની દુરંદેશી એટલી કાબીલેદાદ સાબિત થઈ છે કે તેમણે ચીનને બાદ કરતા બચેલા પૂર્વના બધા નાના મોટા દેશ સાથે ઉષ્માભરી શરૂઆત કરી છે. નેપાળ સાથે બૌદ્ધ ધર્મનો સહિયારો વારસો તેમણે કેન્દ્રમાં રાખી ભાઈબંધી પાકી કરી તો ભુતાન અને શ્રીલંકાને પણ બૌદ્ધ વારસા હેઠળ ભારતની વધુ નજીક ખેંચવા પ્રયાસ કર્યા. જાપાન, કોરિયા અને મોંગોલિયાને પણ સાંસ્કૃતિક સંબંધોના ઈતિહાસ ઉપર સંબંધ સુધારવા તેમણે આહવાન કર્યું છે. હિંદ મહાસાગરમાં આવેલા નાનકડા દેશોની યાત્રા શરૂ કરી પ્રધાનમંત્રી મોદીએ ત્યાં સ્થાયી થયેલા ભારતીયોની મદદ વડે આપણા દેશની તરફેણમાં એવી ધરી રચવાની કોશિશ કરી છે જેના આધારે ચીનને દબાણમાં રાખી શકાય. પ્રધાનમંત્રી મોદી જ્યારે ''એક્ટ ઈસ્ટ''ની વાત લાવ્યા ત્યારે જ સમજાઈ ગયું હતું કે, પશ્ચિમના દેશોની દશા કેવી છે તેનાથી પોતે પૂરેપૂરા વાકેફ છે.

અમેરિકા તથા કેનેડાની અત્યંત ફળદાયી યાત્રાના પગલે પગલે પ્રધાનમંત્રી મોદીએ ફ્રાંસ તથા જર્મની સાથેના આર્થિક સંબંધો નવી ઊંચાઈએ લઈ જવા ખૂબ કોશિશ કરી છે જે તેમની દુરંદેશીનો પુરાવો છે. વોટબેન્ક માનસિકતાથી સાવ વિપરિત તેમણે ઈઝરાયલ સાથે ગાઢ સંબંધ કેળવવાની તૈયારી કરી લીધી છે. અફઘાનિસ્તાન, ઈરાક, ઈરાન અને સિરીયા જેવા સળગતા મુલક પ્રત્યે ભારતે પોતાના દષ્ટિકોણને જાળવી રાખી શાંતિ સ્થાપવાને ઉત્તેજન આપ્યું છે તો યુક્રેન બાબતે રશિયાને કડવા શબ્દો કહેવાના અમેરિકી દબાણને ભારતે જરાય ગાંઠ્યું નથી. વિદેશનીતિમાં મોદી કસબના અનેક ઝબકારા છેલ્લા ૧ વર્ષમાં જોવા મળ્યા છે.

**લેખક દિલ્હી યુનિવર્સિટી અને જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીનો ૩૨ વર્ષનો ટીચિંગનો અનુભવ ધરાવે છે. તેઓએ નવી દિલ્હી ખાતેની આંતરરાષ્ટ્રીય કાયદા અને રાજદ્વારી અંગેની ભારતીય એકેડમીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે કાર્ય કરેલ છે.**

# વિદેશનીતિમાં સંરક્ષણ સહયોગને પહેલી વખત મળેલી અગ્રતા

• આલોક બંસલ •

મોદી સરકારે માત્ર ૧ વર્ષમાં હાંસલ કરેલી અનેક સિદ્ધિઓ પૈકી સૌથી શ્રેષ્ઠ બાબત આંતરરાષ્ટ્રીય સંબંધોની સુધારણા ગણવી જ પડે. દુનિયાની નજરમાં ભારતનું સ્થાન ઉન્નત બન્યું છે, સૌ કોઈ હિંદુસ્તાનને માનભરી નજરે જોતું થયું છે. ભારતે પોતાની સલામતિની બાબત વિદેશી સંબંધોમાં એટલી બખૂબી વણી લીધી હોવાથી, વિદેશ નીતિ અસરદાર બની છે. લશ્કરી તાકાત સદાય મજબૂત રાખવાની, યુદ્ધ માટે સદાય તૈયાર રહેવાની મિલિટરી ક્ષમતા પણ સલામતિ માટેની વ્યૂહરચનાનો હિસ્સો હોવાથી ભારતે આંતરરાષ્ટ્રીય સંબંધો બહેતર બનાવવાની જહેમતમાં લશ્કરી સજ્જતાનો હેતુ સામેલ કરી દીધો છે.

ભારત પોતાની સેના માટે શસ્ત્ર અને દારૂગોળાની મોટાપાયે આયાત કરતું હોવાથી ભૂતકાળમાં ઘણી વખત એવું બન્યું છે કે, લડાઈના સમયે જ પુરવઠો મળે નહી. શસ્ત્ર આયાતનું અવલંબન ઘણી વખત ભારત ઉપર દબાણ ઊભું કરવામાં પણ વપરાય તેવી શક્યતા છે. પોખરણમાં પરમાણું ધડાકો કર્યા બાદ અગ્રણી દેશોની ખફગી ઊતરતા ભારત ઉપર આર્થિક પ્રતિબંધ મુકાયેલા, જેની સૌથી મોટી અસર લશ્કરી ખરીદી ઉપર પડેલી. આ કારણે જ મોદી સરકારે સંરક્ષણ ઉત્પાદનમાં 'મેક ઇન ઇન્ડિયા' દ્વારા વિદેશી કંપનીઓને ભારતમાં કારખાના નાખવા તૈયાર કરી છે. ખરીદીનો મોટો ઓર્ડર મળતો હોય અને સસ્તા શ્રમિક મળતા હોય પછી વિદેશી કંપની પ્લાન્ટ જરૂર નાખવાની. લશ્કરી સરંજામનું ઉત્પાદન કરતી ટેક્નોલૉજી ગુપ્ત રાખવાનું વલણ શસ્ત્ર ઉત્પાદક રાષ્ટ્રો અખત્યાર કરતા હોવાથી ભારતે તેમને ખરીદીનો ઓર્ડર આપવા સાથે ટેક્નોલૉજી આપવા પણ ફરજ પાડી છે, જેનો લાંબાગાળે ખૂબ લાભ થશે.

મોદી સરકારે પોતાની શપથવિધિમાં પાડોશી દેશના વડાઓને હાજર રાખી તેમને સધિયારો આપવા કોશિશ કરેલી કે ભારતનું વિરાટ લશ્કર તમારી ઉપર ચડાઈ કરવા માટે નથી, પરંતુ પ્રાકૃતિક આપત્તિ સમયે તમને રાહત બચાવમાં ખડેપગે મદદગાર બને તેવી શક્તિ છે. નેપાળમાં ભૂકંપ સમયે આપણી સેનાએ બજાવેલી કામગીરી આ વાતનો પુરાવો છે, તો યમનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને યુદ્ધ વચ્ચે હેમખેમ બહાર કાઢી સ્વદેશ લાવવા માટેનું ઓપરેશન આપણી વિદેશી ધરતી ઉપર ઓપરેશન પાર પાડવાની કાબેલિયતનો નમૂનો છે. લશ્કરી તાકાત નિખારવા માટે ભારત ચાલુ વર્ષે અનેક દેશો સાથે વ્યૂહાત્મક સહકાર માટે કરારબદ્ધ થવાનું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દક્ષિણ એશિયા બહાર પોતાની પહેલી વિદેશ યાત્રા માટે જાપાનને પસંદ કર્યું, તે બાબત ખૂબ મોટો સંકેત એટલા માટે હતો કે, ટચૂકડા જાપાન પાસેથી લશ્કરી ઉત્પાદનમાં મોટી મદદ લેવાનો ઈરાદો હતો. લશ્કરી શસ્ત્ર સરંજામ સાથોસાથ હાઈટેક મશીનરીનું ઉત્પાદન કરવાનું જ્ઞાન ભારતને આપવા જાપાન સંમત થયું છે, જેમાં જમીન અને દરિયામાં ઉતરાણ કરી શકે તેવા 'એમ્ફીબિયન' વિમાનનું ઉત્પાદન કરવાની વાત તો શિરમોર છે. શાંતિ, સ્થિરતા અને દરિયાઈ સલામતિ જેવા ત્રણ મુદ્દે ભારત અને જાપાન સંમત થયા બાદ સહિયારું સમજૂતિપત્ર પણ બહાર પડાયેલું. ડિફેન્સ ટેક્નોલૉજી ભારતને આપવાની તૈયારીરૂપે ૧૯૯૮ના પરમાણુ પરિક્ષણ બાદ હિન્દુસ્તાન એરોનોટિક્સ ઉપરાંત પાંચ કંપનીઓ ઉપર મૂકેલા પ્રતિબંધ હવે જાપાને ઉઠાવી લીધા છે. બંને દેશની સેના સંયુક્ત યુદ્ધ અભ્યાસ કરવાની છે, તો 'મેક ઇન ઇન્ડિયા' હેઠળ અનેક જાપાની કંપનીઓ ભારતમાં કારખાના નાખવા તૈયાર થઈ છે.

**ભારત-અમેરિકા સંરક્ષણ સહકાર**

દુનિયામાં દર વર્ષે થતા કુલ લશ્કરી ખર્ચમાં એકલા અમેરિકાનો ખર્ચ ૩૩ ટકા જેટલો છે. મહાસત્તા અમેરિકાનું સૈન્ય લશ્કરી ટેક્નોલૉજીની દૃષ્ટિએ સૌથી આધુનિક હોવાથી તેની સાથે સહકાર સાધવામાં ભારતને ચોખ્ખો ફાયદો છે. તાજેતરમાં ભારત અને અમેરિકાના લશ્કરી તંત્ર દ્વારા સહકારની રૂપરેખા ઘડવામાં આવી છે જે અન્વયે ભારતનું લશ્કરી સામર્થ્ય ખીલે તેવી પૂરતી સહાય અમેરિકા કરવાનું છે. સહકાર કરારનો

મુસદ્દો રાષ્ટ્રપતિ બરાક ઓબામાની ભારત યાત્રા સમયે ઘડાયેલો જેને અંતિમ સ્વરૂપ હમણા ભારત આવેલા સંરક્ષણમંત્રી એશ કાર્ટરે આપ્યું હતું. બાયોલોજિકલ તથા કેમિકલ શસ્ત્ર વપરાયા હોય તેવી લડાઈમાં ભાગ લેનારા સૈનિકો માટે ખાસ પોષાક બનાવવામાં ભારતને મદદ તથા જ્ઞાન મળવાના છે. શસ્ત્ર પુરવઠા માટે અમેરિકા સાથેનો વેપાર ભારતને રશિયાથી વધારે સ્તર ઉપર હમણા લાવી દીધો છે, પરિણામે ત્યાંની સંખ્યાબંધ કંપની ભારતમાં સંયુક્ત સાહસ ઊભા કરવા સંમત થઈ છે. સૈનિકો માટે નિર્ભય પોષાકનું નિર્માણ તથા લડાઈના મેદાનમાં વીજળીનો પુરવઠો કઈ રીતે ઉપલબ્ધ રાખવો તેવી બે બાબતના પ્રોજેક્ટ પાછળ ભારત અને અમેરિકા સરખા ભાગે ૧૦ લાખ ડોલરનું રોકાણ કરવાના છે.

જાસૂસીમાં વપરાતા પાયલટ વગરના ટચૂકડા વિમાન (UAV) તથા વિરાટ ટ્રાન્સપોર્ટ વિમાન હરક્યુલીસના સર્વેલન્સ મોડ્યુલ ઘરઆંગણે બનાવવા માટે ભારતને અમેરિકાની ગરજ છે, તો વિમાનવાહક જહાજ ઉપરથી યુદ્ધ વિમાન ઉડાડવા માટેના પ્લેટફોર્મની ટેક્નોલૉજી મેળવીને ભારતે પોતાના ૩૦ વર્ષ અગાઉ બ્રિટન પાસેથી લીધેલા વિમાનવાહક જહાજમાં તેનો ઉપયોગ કરવાનો ઈરાદો છે. પ્રધાનમંત્રી મોદીએ લશ્કરી સરંજામની ખરીદી સામે અમેરિકી કંપનીઓને આપણા દેશમાં કારખાના નાખવા તૈયાર કરી છે, જેથી અન્ય દેશમાં નિકાસ થાય તેનો લાભ ભારતને આપોઆપ મળે.

**ભારત-ફ્રાંસ સંરક્ષણ સહકાર અને રફાલ વિમાન સોદો**

સંરક્ષણની દૃષ્ટિએ પ્રધાનમંત્રી મોદીની ફ્રાંસ યાત્રા સૌથી શાનદાર રહી. સંરક્ષણ ક્ષેત્રમાં લાંબાગાળાની ભાગીદારી ઉપરાંત વિલંબમાં પડેલા જૈતાપુર પરમાણુ મથકનું કામ લાર્સન એન્ડ ટુબ્રો જેવી ભારતીય કંપની સાથે આગળ ધપાવવાના કરાર થયા હતા. પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ ફ્રાંકોઈસ હોલાન્ડ વચ્ચે લાંબી વાટાઘાટ બાદ પરમાણુ વીજમથક બાંધવા માટેની ટેક્નોલૉજી ભારતને આપવા ફ્રાંસ તૈયાર થયું હતું. મહારાષ્ટ્રમાં જૈતાપુર ખાતે બંધાનાર અણુવીજળી મથકનો ખર્ચ ઘટાડવા માટે ટેક્નોલૉજી ટ્રાન્સફર કરાર ઉપયોગી થશે. ઉપરાંત 'મેક ઈન્ડિયા'ને પણ બળ મળશે.

ભારતના ઈસરો અને ફ્રાંસની સ્પેસ એજન્સી વચ્ચે અંતરિક્ષ વિજ્ઞાનમાં સહયોગ આપવાના કરાર થયા છે, જે હેઠળ ૨૦૧૧માં ભારતે પોતાના પીએસએલવી રોકેટ વડે છોડેલા 'મેઘા' ઉપગ્રહનો ડેટા વધુ બે વર્ષ માટે ફ્રાંસ ભારતને આપશે. રીમોટ સેન્સિંગ, કોમ્યુનિકેશન તથા હવામાન શાસ્ત્ર જેવા ક્ષેત્રમાં બંને દેશની સ્પેસ એજન્સી સાથે મળી કામ કરવાની છે.

અલબત ફ્રાંસ પાસેથી ૩૬ જેટલા રફાલ યુદ્ધ વિમાન ખરીદવાનો સોદો સૌથી મહત્ત્વનો સાબિત થયો છે. ભારતીય હવાઈદળે કાતિલ ઝડપ અને પ્રહાર શક્તિ ધરાવતા રફાલ જેટ પસંદ કર્યા બાદ ભારત સરકારે એક સમયે ૧૨૬ વિમાન ખરીદવા કરાર કરેલો અને ૧૮ વિમાનની ડિલીવરી લઈ બાકીના યુદ્ધ વિમાન હિન્દુસ્તાન એરોનોટિક્સના કારખાનામાં બનાવવાની વાત હતી, પરંતુ વિમાન ઉત્પાદન માટે અધુરી સગવડ ધરાવતા કારખાનામાં બનેલા યુદ્ધ વિમાન માટે રફાલ ઉત્પાદક કોઈ ગેરંટી આપવા તૈયાર નહોતા, પરિણામે સોદો ઘોંચમાં પડ્યો હતો, જેને પ્રધાનમંત્રી મોદીએ ફટાફટ ઊકેલી નાંખ્યો. ભારત અને ફ્રાંસની સરકાર વચ્ચે ફરીથી ૩૬ વિમાન ખરીદવાનો સોદો થયો છે, જે પૈકી અડધા યુદ્ધ વિમાનની ડિલીવરી ફ્રાંસે વહેલી તકે આપવાની છે. ફ્રાંસની કંપની ભારતમાં ઉત્પાદન કરવા માટે તૈયાર થાય તેવી ગોઠવણ હવે મેક ઈન ઈન્ડિયા હેઠળ થવાની છે.

**ભારત-રશિયા વચ્ચે સંરક્ષણ કરાર**

છેલ્લા ૫૦ વર્ષ પહેલાનું સોવિયેત સંઘ અને હાલનું રશિયા શસ્ત્ર પુરવઠા માટે ભારતનો સૌથી મોટો સપ્લાયર દેશ રહ્યો છે. રશિયા સમયની એરણ પર મદદગાર નિવડેલ મિત્ર દેશ હોવાથી તેની પાસેથી હાર્ડવેર ખરીદવાનું ભારતે ચાલુ રાખ્યું છે. મોદી સરકારે સતા સંભાળ્યા બાદ રાષ્ટ્રપતિ પુતિન ડિસેમ્બર ૨૦૧૪માં ભારત આવી લાંબા સમય માટે સંરક્ષણ પુરવઠાના કરાર કરી ગયા.

રશિયા હવે મેક ઈન ઈન્ડિયા હેઠળ ભારતમાં મીગ-૧૭ અને કામોવ-૨૨૬ પ્રકારના લડાકૂ હેલિકોપ્ટરનું ઉત્પાદન કરવા સંમત થયું છે. ઉપરાંત લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ બનાવવામાં પણ ભારતને મદદ કરવા રશિયા તૈયાર છે. સુખોઈ યુદ્ધ વિમાનનું પાંચમી જનરેશનનું મોડેલ હિન્દુસ્તાન એરોનોટિક્સ સાથે ઉત્પાદન કરવા સંમતિ સધાઈ છે, જે લાંબાગાળે ફાયદેમંદ સાબિત થશે. ટૂંક સમયમાં આ યુદ્ધ વિમાનના નવા મોડલની ડિઝાઈનને મંજૂરી અપાશે. ભારતને આઈએનએસ ચક્ર જેવી સબમરિન લીઝ ઉપર આપ્યા બાદ અકૂલા વર્ગની બીજી પરમાણુ સબમરિન પણ લીઝ ઉપર રશિયા પાસેથી મળવાની છે.

તાજેતરમાં રશિયા અને પાકિસ્તાન

વચ્ચે મી-૩૫ પ્રકારના લડાયક હેલિકોપ્ટરનો સોદો થયો, ત્યારે ભારત ચોંકી ગયું હતું, પરંતુ રશિયાના રાજદૂતે ખાતરી આપી હતી કે, ભારતનું હિત ઘવાય તેવો કોઈ સોદો રશિયા નહીં કરે. ત્યારબાદ ખુદ રાષ્ટ્રપતિ પુતિને પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યૂમાં કબુલ કરેલું કે, પાકિસ્તાન રશિયા વચ્ચેનો લશ્કરી સોદો ખરેખર તો લાંબાગાળે ભારતને ફાયદો કરાવશે.

**ભારત-ઓસ્ટ્રેલિયા સંરક્ષણ કરાર**

પ્રાદેશિક શાંતિ, આર્થિક સહકાર અને ત્રાસવાદ ડામવા માટે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે લશ્કરી હેતુ માટે સહકાર કરાર થયા છે. પ્રધાનમંત્રી મોદી અને તેમના સમકક્ષ પ્રધાનમત્રી ટોની એબોટ વચ્ચે લશ્કરી સહકાર માટેના કરારનું માળખું ઘડવા ખૂબ ઊંડી વાટાઘાટ યોજાઈ હતી. બંને દેશો દરિયાઈ સલામતિની સાથોસાથ વૈશ્વિક મંચ ઉપર એકબીજાના દૃષ્ટિબિંદુને ટેકો આપવા માટે સમજૂતિ કરી શકે છે.

દરિયામાં હેરફેર કરતા માલવાહક જહાજોની સલામતિ માટે ઓસ્ટ્રેલિયાનો સાથ લેતા અગાઉ ભારતે મ્યાનમારમાં યોજાયેલા આશિયાન સમિટમાં પૂર્વ એશિયાની પણ મદદ માંગી હતી. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી દર વર્ષે ભારત સાથે એવી બેઠક યોજવા સંમત થયા છે, જેમાં વિદેશ નીતિને લગતી એવી વાટાઘાટ થાય જેમાં પરસ્પર હિત હોય. બંને દેશના પ્રધાનમંત્રી તથા સંરક્ષણ મંત્રી વર્ષમાં એક વખત મળે તેવો નિર્ણય પણ થયો છે. ભારત અને ઓસ્ટ્રેલિયાના ઔદ્યોગિક પ્રતિનિધિ મંડળો ભેગા મળી શસ્ત્ર સરંજામ સહિતની લશ્કરી સામગ્રીનું ઉત્પાદન કરવા માટે નિયમિતપણે એકબીજાના દેશનો પ્રવાસ ગોઠવતા રહે તેવું નક્કી થયું છે.

ત્રાસવાદને નાથવા ઉપર એક સાથે વધુ દેશમાં ફેલાઈ હોય તેવી બહુરાષ્ટ્રીય ગુનાખોરીને ડામવા બંને દેશના નિષ્ણાતો જ્ઞાન, ટેક્નોલૉજી અને અનુભવનો વિનિમય કરવાના છે. આ બાબતે સહકાર કરાર જેવા એક્શન પ્લાનનું ઘડતર ભારત અને ઓસ્ટ્રેલિયાના વિદેશમંત્રી તથા સંરક્ષણ મંત્રી ઘડવાના છે.

**અન્ય દેશો સાથે સંરક્ષણ સહયોગ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દક્ષિણ કોરિયા યાત્રા દરમ્યાન બંને દેશો દ્વારા બહાર પડાયેલા સંયુક્ત નિવેદનમાં સામેલ ૧૦ પૈકી ૭ મુદ્દા સંરક્ષણને લગતા હતા. બંને દેશના નૌકાદળ વચ્ચે સહકાર સાથે યુદ્ધ અભ્યાસ અને જહાજ બાંધકામ કરતા શીપયાર્ડને લગતી બાબત તેમાં કેન્દ્રસ્થાને હતી. યુદ્ધ જહાજ બાંધવામાં દક્ષિણ કોરિયા મદદ કરવાનું છે.

ભારત અને કેનેડાની કંપનીઓ વચ્ચે વર્ષ દરમ્યાન એરોસ્પેસ, લશ્કરી સરંજામનું ઉત્પાદન તથા પરમાણુ વીજળીના ક્ષેત્રમાં સહયોગ માટે અનેક કરાર થયા છે. આવતા પાંચ વર્ષ દરમ્યાન યુરેનિયમનો ૭૦ લાખ પાઉન્ડ જેટલો પુરવઠો આપવા કેનેડાની કેમિયો કંપની સંમત થઈ છે. ભારત કેનેડા વચ્ચે પરમાણુ સહકાર કરાર થવાના પગલે યુરેનિયમનો આ જથ્થો મળવાનો છે.

ભારત સાથે ખૂબ જૂના સંબંધ ધરાવતા મોરેશિયસ સાથે પણ દરિયાઈ સલામતિને કેન્દ્ર સ્થાને રાખતા સંરક્ષણ સહકારની પ્રક્રિયા નવેસરથી ખુલી છે. નવેમ્બરમાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ મોરેશિયસ ગયા ત્યારે આપણા કોસ્ટ ગાર્ડ અને તેમના નૌકાદળ વચ્ચે દરિયામાં હેરફેર કરતા માલવાહક જહાજોની સલામતિ જળવાય તેવી વ્યવસ્થા ગોઠવવા સમજૂતિ થઈ હતી. નૌકાદળના ત્રણ યુદ્ધ જહાજ મોરેશિયસની મુલાકાતે જઈ ચૂક્યા છે.

ઈઝરાયલ સાથે પણ લશ્કરી બાબતોમાં સહયોગ સાધીને ભારતે તેની પાસેથી આધુનિક શસ્ત્રો, મિસાઈલ તથા પાયલટ વગરના ટચૂકડા વિમાન મેળવવાનો બંદોબસ્ત કર્યો છે. ત્રાસવાદ સાથે કડક હાથે કામ લેવાનો ઈઝરાયલનો અનુભવ ભારતને કામ લાગશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચાલુ વર્ષે ઈઝરાયલ જવાના છે. પહેલી વખત કોઈ ભારતીય પ્રધાનમંત્રી ઈઝરાયલનો પ્રવાસ કરવાના હોવાથી ઈઝરાયલમાં પણ ઉત્સાહ છે.

ભારતે લશ્કરી સામર્થ્ય વધારવા માટે અનેક દેશો સાથે સંરક્ષણ સહકાર સાધવાની નીતિ અપનાવી છે, તો આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ ભારત પ્રત્યે વિશ્વાસ વધતો જતો હોવાથી ગુપ્ત ટેક્નોલૉજી આપવા હવે સૌ કોઈ તૈયાર છે. ભારતીય સંરક્ષણ દળ સાથે સહકાર વધારવા ઉત્સુક એવા દેશો લશ્કરી સામગ્રીનું ઉત્પાદન કરવા સંમત થયા હોવાથી 'મેક ઈન ઈન્ડિયા'માં તેનો ફાળો ખૂબ મોટો રહેશે, તેમાં શંકા નથી.

**લેખક ઈન્ડિયા ફાઉન્ડેશન ખાતેના સિક્યુરિટી એન્ડ સ્ટ્રેટેજી સેન્ટરના નિયામક છે. છેલ્લાં ૧૧ વર્ષોથી તેઓ વિવિધ બૌદ્ધિક મંચ સાથે જોડાયેલા રહેલા છે. તેઓ ડિફેન્સ બેકગ્રાઉન્ડ ધરાવે છે અને ભારતીય નૌકાદળમાં કમિશન્ડ ઓફિસર તરીકેની કારકિર્દી ધરાવે છે.**

# વૈશ્વિક મંચ જેવી સંસ્થાઓની નિષ્ક્રિયતા વચ્ચે પ્રાદેશિક સહકારનો ઉદય

• દિલીપ સિંહા •

પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં સદાય વહેંચાયેલી દુનિયામાં નાણાકીય કટોકટીને પગલે તંગદિલી વધતી જાય છે, પરિણામે બહુરાષ્ટ્રીય મંચ બનેલી અનેક સંસ્થા અસર ગુમાવતી જાય છે. ૧૯૯૦ના દાયકામાં જોવાયેલા વૈશ્વિકીકરણનો ઉમંગ શમી ગયો છે અને બેકારી, અસમાનતા અને ધાર્મિક ઘર્ષણમાં બેફામ વધારો થતાં વૈશ્વિકરણના હિમાયતીઓ સાવ ચૂપ થઈ ગયા છે.

ઈરાક, અફઘાનિસ્તાન, લિબિયા તથા દક્ષિણ સુદાનમાં ફેલાયેલી અરાજકતા અને અશાંતિ કાબૂમાં લેવામાં વિશ્વ નિષ્ફળ રહ્યું છે, તો બીજી બાજુ વિકાસશીલ દેશો હવે ધનાઢ્ય દેશની નિયત પ્રત્યે સાવચેતીભરી શંકા રાખતા થઈ ગયા છે. આંતરિક લડાઈમાં ખુવાર થઈ રહેલા આ દેશોમાંથી નાસી છૂટેલા શરણાર્થીઓ માનવતાવિહોણી હાલતના સાક્ષી બન્યા છે.

દુનિયા માટે સૌથી મોટો પડકાર એવા ત્રાસવાદી સંગઠન બનતા જાય છે, જે મોટું ભંડોળ ભેગું કરી પુષ્કળ શસ્ત્રો ખરીદી લશ્કરી લડાઈ દ્વારા પ્રદેશોના પ્રદેશ કબજે કરવા લાગ્યા છે. બીજા વિશ્વયુદ્ધ પછી રચાયેલી અનેક સંસ્થાઓ શિતયુદ્ધમાં ભલે ટકી ગઈ, શસ્ત્ર દોડમાં પણ ચાલતી રહી પરંતુ હવે તેનું કામકાજ મુશ્કેલ બની ગયું છે. પૂર્વ અને પશ્ચિમ વચ્ચે રહેલી આર્થિક અસમાનતા હવે પડકાર બની ચૂકી છે.

**પૂર્વ અને પશ્ચિમ દુનિયા વચ્ચે કરી તંગદિલી**

એક સમયે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે ચાલેલો શિતયુદ્ધનો દૌર આમ તો ખતમ થઈ ચૂકેલો, પરંતુ યુક્રેન - ક્રિમિયા વિવાદમાં રશિયાએ જક્કી વલણ પકડતા તંગદિલીભર્યા દિવસો ફરી પાછા આવ્યા છે. જર્મનીના અલમૌ ખાતે જૂનમાં યોજાયેલા જી-૭ સમિટમાં બધા દેશોએ ભેગા મળી રશિયાને કહી દીધું કે ક્રિમિયા પડાવી લેવાના માઠા પરિણામ ભોગવવા તૈયાર રહે. જી-૮માંથી રશિયાની બાદબાકી કરી જી-૭ બની ચૂકેલા સમૂહને રાષ્ટ્રપતિ પૂતિને પણ ચોખ્ખો સંકેત આપી દીધો કે ૨૦૧૪માં યુક્રેનમાં મતદાન યોજાયું તેમાં રશિયન મૂળના લોકો રશિયા સાથે જોડાવા તૈયાર હોવાથી જનમત પ્રમાણે ક્રિમિયા જતું કરવામાં નહીં આવે. ઊલટું યુક્રેનમાં વસતા રશિયનોને બધી જ મદદ કરવાનું રશિયાએ ચાલુ રાખ્યું છે. પશ્ચિમના દેશોએ નાટોની સભ્ય સંખ્યા વધારી લશ્કરી શક્તિમાં ઉમેરો કર્યો તેનાથી રશિયા નારાજ છે. અગાઉ વોર્સો સંધિમાં હતા તેવા ૧૦ દેશો હવે નાટોમાં જોડાઈ ચૂક્યા છે. પરિણામે એકલું અટુલું પડી ગયેલું રશિયા હવે ચીન સાથે સંબંધ બહેતર બનાવવા લાગ્યું છે.

રશિયા ઉપર મૂકાયેલા આર્થિક પ્રતિબંધ યુરોપિયન યુનિયનને પણ એટલા માટે લાગુ પડાયા છે કે, રશિયા તેમાં ત્રીજા નંબરનો વેપાર ભાગીદાર દેશ છે. ખાડીના આરબ દેશોમાં યુદ્ધ જેવી દશા હોવાથી તેલ તથા ગેસ માટે ત્યાંનું અવલંબન ઘટાડવા યુરોપ ધીરેધીરે રશિયા પાસેથી પેટ્રોલિયમની ખરીદી વધારી રહ્યું હતું, બીજી બાજુ રશિયાના બજારમાં તેમનો હાઈટેક માલ-સામાન ઠલવાતો હતો. હવે ફરીથી યુરોપના રશિયા પાસેથી ખરીદી ઘટાડવાના દિવસો આવતા વેપાર સંતુલનનો સવાલ ઊભો થયો છે.

રશિયાની માફક ચીનનો પ્રભાવ ખાળવા પણ પશ્ચિમના દેશો મથામણ કરી રહ્યા છે. રશિયા માટે ક્રિમિયાનો ઝઘડો તેમને હાથવગો છે તેમ દક્ષિણ ચીન સમુદ્રમાં આવેલા છૂટાછવાયા ટાપુઓની માલિકીના મુદ્દે ચીનને દબડાવવાની કોશિશ ચાલે છે. લશ્કરી તાકાત વડે ચીન દક્ષિણ સમુદ્રમાં કબજો જમાવે નહીં તેની સૌ તકેદારી રાખી રહ્યાં છે.

શિતયુદ્ધના દિવસો શું ખરેખર પાછા આવ્યા છે ? તેવો સવાલ નિષ્ણાતોને પૂછો તો ના પાડે છે. બીજા વિશ્વ યુદ્ધની સમાપ્તિ વખતે હાલત અલગ હતી. હવે કોઈ દેશ ચડાઈ કરીને જમીન કબજે કરી મોટો બનવા માગતો નથી, વેપાર ઉપર દુનિયા ચાલવા લાગી છે. આર્થિક હિત પ્રમાણે સૌ સંબંધ બાંધતા અને નિભાવતા થયા છે અને છતાં જો મતભેદ ઊભા થાય તો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પહોંચી તેની

ચર્ચા કરતા અચકાતા નથી. યુદ્ધ જેવા ઘર્ષણને ટાળી સૌ કોઈ દેશ પોતાનો વિદેશ વેપાર વધારી મજબૂત બનવા ઈચ્છે છે. આર્થિક વિકાસ હવે દુનિયાનો ગુરુમંત્ર છે. સાર્ક જેવા સંગઠનો પણ રચાતા થયા છે જે પ્રાદેશિક એકતા વડે સહિયારું આર્થિક હિત સાધવામાં નિમિત્ત બને છે.

**જી-૨૦**

દુનિયાની આર્થિક બાબતોને સ્પર્શતા મુદ્દાઓની ચર્ચા માટે સૌથી વધુ ગતિએ પ્રગતિ કરતા વિકાસશીલ દેશોને એક મંચ હેઠળ ભેગા કરી ધનાઢ્ય દેશોએ જી-૨૦ની સ્થાપના ૧૯૯૯માં કરવામાં આવેલી. ૨૦૦૮ની વૈશ્વિક મંદી ખાળવામાં જી-૨૦ થોડું ઘણું ઉપયોગી પણ સાબિત થયું, પરંતુ આ મંચ તેના નિર્ણયોનો અમલ કરી શકે તેટલો અસરદાર નથી. નવેમ્બરમાં બ્રિસ્બેન ખાતે યોજાયેલા સમિટમાં નક્કી થયું હતું કે, ૨૦૧૦ના નિર્ણય પ્રમાણે વેપાર ક્વૉટાનો અમલ શરૂ કરવો તથા આંતરરાષ્ટ્રીય મોનિટરી ફંડના વહિવટમાં ધરમૂળથી ફેરફાર આણવા. આ બંને નિર્ણય અને ઠરાવ માત્ર કાગળ પર જ છે. આઈ.એમ.એફ. પાસે પડેલું ધન દુનિયામાં બધાને ન્યાયપૂર્ણ ઢબે વાપરવા મળે તેવો ફેરફાર જી-૨૦ના સભ્ય છે તેવા ધનાઢ્ય દેશો કરવા ઇચ્છતા જ નથી.

**યુ.એન. સલામતિ પરિષદ**

શિતયુદ્ધ બાદ ખાસ્સી સક્રિય રહેલી યુ.એન. સલામતિ પરિષદનું ખાસ કંઈ ઉપજણ હવે દેખાતું નથી. માનવતા દાખવવા સૌ કોઈને અપીલ કરતાં ઠરાવો અહીં પસાર થતા રહે છે અને ઈન્સાનિયત શરમાઈ ઊઠે તેટલી બર્બર લડાઈ ઠેરઠેર ફાટી નીકળી છે અને તંગદિલી વધતી જાય છે. છેલ્લું શાંતિ મિશન ૨૦૧૧માં દક્ષિણ સુદાનમાં મોકલાવ્યા બાદ આ સંસ્થા ચૂપ છે. જ્યારે લશ્કરી પગલું લેવાની પરવાનગી છેલ્લે તેણે લિબિયા ઉપર બોંબમારો કરવા માટે આપેલી પરંતુ આ ઠરાવમાં પણ ચીન તથા રશિયા જેવા દેશ બિલકુલ સંમત નહોતા. સિરીયા સામે લશ્કરી પગલું ભરવાના પ્રસ્તાવને પણ રશિયા અને ચીને વીટો પાવર વાપરી ઊડાડી દીધેલો. હવે જે સલામતિ પરિષદની વાત કોઈ માનતું નથી તેનો પ્રભાવ ઘટવો સ્વભાવિક છે.

૧૯૯૨માં યુનોના તત્કાલિન મહાસચિવ બુત્રોસ ધાલીએ ''એજન્ડા ફોર પીસ'' નામે રિપોર્ટ આપી સલામતિ પરિષદના ઢાંચામાં આમૂલ ફેરફારનો મધપુડો છંછેડ્યો હતો અને અગ્રણી દેશો વચ્ચે આ મુદ્દે ૨૦૦૫ સુધી ખૂબ ચર્ચાઓ પણ થઈ, પરંતુ ફેરફાર એટલે કેવા ફેરફાર તે નક્કી થતું નથી. પરિણામે આ મુદો ઠંડો પડી ગયો છે. નવું સ્વરૂપ નક્કી કરવાની પદ્ધતિ અંગે એટલી અસંમતિ પ્રર્વતે છે કે ખુદ સભ્ય દેશો પણ સંમત નથી એટલે સલામતિ પરિષદમાં દાખલ થવા માગતા દેશોની વાત ક્યાં કરવી. પોતે જ વિભાજિત છે તેવી સલામતિ પરિષદ પાસે સત્તા વધી નથી એટલે સન્માન પણ જાણે મળવું બંધ થઈ ગયું છે.

**જી-૭ નું પુનરાગમન**

વિશ્વના સાત ધનાઢ્ય રાષ્ટ્રોએ ૧૯૭૫માં સ્થાપેલી પોતાની આગવી ક્લબ જેવી જી-૭ ફરી સક્રિય બની છે અને રશિયાને તેમાં ઊમેરી જી-૮ બનવા તેઓ હવે તૈયાર નથી. ગયા સપ્ટેમ્બરમાં સોચીને બદલે બ્રસેલ્સમાં સમિટ યોજવાનો કડક નિર્ણય લીધા બાદ રશિયાને હાંકી કાઢી જી-૮ ઘટીને મૂળ જી-૭ સ્વરૂપે પાછું ફર્યું છે. રશિયા આ ક્લબમાંથી બાકાત થયા બાદ સભ્ય દેશોની ભાષા અને અભિગમ રશિયા ઉપરાંત ચીન સાથે ખાસ્સા બરછટ બનતા ગયા છે. તો વિકાસશીલ દેશોની માંગણી પ્રત્યે કઠોર અવગણના દેખાય છે. મલાઉમાં યોજાયેલી છેલ્લી સમિટ બાદ જી-૭ આખી દુનિયા ઉપર પોતાનો એજન્ડા લાદવા તૈયાર થયું છે અને પોતાને ફાયદેમંદ હોય તેવી રીતે વિદેશ વેપાર બધા સાથે ગોઠવે છે.

વિશ્વ વેપાર સંસ્થાનો દોહા ઘોષણાપત્ર છેલ્લાં ૧૫ વર્ષથી સભ્ય દેશો વચ્ચે પરસ્પર ફાયદો કરાવતો વેપાર ગોઠવવાની વકીલાત કરતો હતો અને લગભગ બધા તેના ઉપર સંમત પણ હતા. હવે પશ્ચિમના દેશોએ દોહા ડેવલપમેન્ટ રાઉન્ડમાંથી ટ્રેડ ફેસિલીટેશન એગ્રીમેન્ટને તેમાંથી બાકાત કરાવી દેવાની ચાલબાજી કરી છે, જેથી પોતાને ફાવે તેવી શરતોએ પોતાના તાબામાં રહે તેવા દેશો સાથે વેપાર ગોઠવી શકાય. નૈરોબીમાં નવેમ્બર આસપાસ યોજાનાર ડબલ્યુટીઓની મંત્રી કક્ષાની પરિષદ યોજાય તે અગાઉ ટ્રેડ ફેસિલીટેશન કરાર લાગુ કરી દેવાનું દબાણ જી-૭ દ્વારા શરૂ થયું છે. અગાઉ ક્યારેક આનાથી ગંભીર બાબતો ઉપર પણ કદી આટલી ઉતાવળ જોવાઈ નથી. સ્વાર્થ પ્રમાણે વિશ્વ વેપાર ગોઠવવાની કુનેહ મોટા દેશ વાપરતા થયા છે.

ઈલામુ ઘોષણાપત્ર સમાન વેપાર વ્યવસ્થાને બદલે થોડા દેશોના સમૂહ વચ્ચે પરસ્પર કરાર કરવા ઉપર ભાર મૂકે છે. પ્રાદેશિક સ્તરે મુક્ત વેપાર સંધિને

પ્રાધાન્ય આપવા ઉપરાંત ટ્રેડ ઈન સર્વિસીસ એગ્રીમેન્ટ, ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી એગ્રીમેન્ટ, એન્વાયરોનમેન્ટલ ગુડ્ઝ એગ્રીમેન્ટ વગેરે માટે પણ અલગ પ્રકારના કરાર અલગ દેશ વચ્ચે થાય તેવું જી-૭ ઇચ્છે છે. હકીકતે દુનિયાભરમાં મુક્ત વેપારનો ઢાંચો રચવા માટે તથા વિદેશ વેપાર વચ્ચેના અવરોધ ખતમ કરવા માટે ડબલ્યુ.ટી.ઓ.ની સ્થાપના થયેલી, હવે જાતજાતના કરાર ઊભા કરી ફરીથી વિશ્વ બજારને વહેંચી નાખવાની કોશિશ નવા સ્વરૂપે જાણે શરૂ થઈ છે.

**આબોહવા પરિવર્તન મુદ્દે રાજકારણ**

સંયુક્ત રાષ્ટ્રસંઘની આબોહવા પરિવર્તન વિશેની ૨૧મી વૈશ્વિક પરિષદ ચાલુ વર્ષે પેરિસમાં મળશે. જેમાં ઉત્સર્જનનું પ્રમાણ ઘટાડવાના ચોખ્ખા લક્ષ્યાંક દરેક દેશને આપવામાં આવે તેવી સમજૂતિ થવાની શક્યતા છે. સન ૨૦૫૦ સુધીમાં દુનિયાનું તાપમાન બે સેલ્સિયસ જેટલું ઘટાડવા માટે પેરિસમાં કવાયત થવાની છે. પરંતુ ઉત્સર્જન ઘટાડવા માટે સ્વૈચ્છિક કામગીરી અસરકારક કેટલી રહેશે તે વિશે શંકા છે તો બીજી બાજુ દુનિયાના બધા દેશો ભેગા મળી ઉત્સર્જન ઘટાડે નહિં ત્યાં સુધી વૈશ્વિક તાપમાન ઘટવાનું જ નથી. બે ટકા તાપમાન ઘટાડવું હોય તો દુનિયાએ ઉત્સર્જનનું પ્રમાણ હમણાં જ ૭૦ ટકાથી ઘટાડી ૪૦ ટકાએ લાવવા મહેનત શરૂ કરવી પડશે.

૧૯૯૭માં ક્યોટો સંધિ હેઠળ નક્કી થયું હતું કે, કાર્બન ડાયોક્સાઇડ જેવા ગેસ છોડવાનું પ્રમાણ સૌથી તવંગર દેશોએ સૌથી પહેલું શરૂ કરવું અને સૌથી વધુ ઘટાડો ઉત્સર્જનમાં લાવવો. ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર મોટા દેશોએ આ સંધિ લાગુ થવા દીધી નથી. વિકાસશીલ દેશોમાં ઉત્સર્જન પેદા થતું રોકવા માટે તેમને સ્વચ્છ ટેક્નોલૉજી પૂરી પાડવાનું ૨૦૦૯ની કોપનહેગન સંધિમાં નક્કી થયેલું પરંતુ કોઈ સસ્તા ભાવે ટેક્નિકલ મદદ કરતું નથી. સૌને સ્વચ્છ ટેક્નોલૉજી આપવામાં વેપાર કરવો છે. આવી હાલતમાં વિકાસશીલ દેશોએ આર્થિક પ્રગતિ માટે મહેનત કરવા સાથોસાથ ઉત્સર્જન રોકવાના ખર્ચને પણ વેઠવો પડશે. ગ્લોબલ વોર્મિંગના જનક એવા દેશ સરવાળે મદદનો વેપાર કરવાના મૂડમાં છે.

દુનિયામાં સમર્થ દેશોની ચાલ બધી બાબતમાં વેપાર ખેલવાની બની ચૂકી છે. ત્યારે વિકાસ કરવા માટે સહયોગ મળે તેવી આશા જ રાખવી નકામી છે. પરિણામે જંગી વિદેશી મૂડીરોકાણ અને પોતાના માલને વેચવા માટે વૈશ્વિક બજાર શોધી રહેલા ભારત માટે ખરેખર કપરા ચઢાણ છે. વિકાસશીલ દેશોને મદદ કરવાને બદલે આ ધનાઢ્ય દેશો તેમનું બજાર ખોવા માંગતા નથી. ઊલટું વિકસતા દેશોને મુક્ત વેપાર માટે સમજાવી તેમને ત્યાં પોતાનો માલ ઠાલવવાની ગોઠવણ કરે છે. પોતાની કંપનીઓને કયાંક સ્પર્ધા કરવી પડે નહીં તેનું ધ્યાન રાખનાર દેશોને પોતાના અર્થતંત્રની ફિકર પહેલી હોય છે, બીજાનું જે થવું હોય તે થાય. વિશ્વ બજારમાં પોતાની કંપનીઓને ખુલ્લી હરિફાઈ ન કરવી પડે એટલે આવા પૈસાદાર દેશો ચતુરાઈપૂર્વક બૌદ્ધિક સંપત્તિ અધિકાર, મજૂરની દયનીય હાલત અને પર્યાવરણને લગતા પ્રશ્નો ઊભા કરતા રહે છે.

**ભારત અને પાડોશી દેશના સંબંધ**

વૈશ્વિક સહકાર માટે રચાયેલા મંચ ધીરેધીરે બેઅસર થતાં ગયા તેમ દુનિયામાં પોતાની આસપાસના દેશો સાથે દોસ્તી વધુ પાક્કી બનાવતા પ્રાદેશિક સહકારના મંચ રચાવા લાગ્યા છે. અને "સાર્ક", "આશિયાન" વગેરે તે પૈકીની સંસ્થા ગણાય. ભારત પણ પાડોશી દેશો સાથે આર્થિક સંબંધો મજબૂત બનાવવા માટે મતભેદને બાજુએ રાખીને પણ કોશિશ કરવા લાગ્યું છે તે કદમ સાચી દિશામાં છે. પાડોશી દેશો સાથે ઐતિહાસિક સંબંધ તાજા કરવા ઉપરાંત આફત સમયે તેમને ભરપૂર મદદ કરી તેમના દિલોદિમાગ જીતી લેવાનો વ્યૂહ ભારતને લાંબાગાળે ફાયદો આપશે. બાંગ્લાદેશ સાથે સરહદ ઉપર જમીનની આપલે કરતી સંધિ બહુ જૂના સંવેદનશીલ પ્રશ્નનું નિરાકરણ લાવી છે, તો હમણાં જ થયેલી મોટર વાહનવ્યવહાર સંધિના પ્રતાપે બાંગ્લાદેશ, ભૂતાન, નેપાળ અને ભારત વચ્ચે સડક માર્ગ ખુલશે અને મુકતપણે માલની સાથોસાથ મુસાફરોની હેરફેરનો નવો યુગ શરૂ થશે.

આફ્રિકા ખંડના ૫૪ દેશોને પોતાને ત્યાં બોલાવી ભારત ચાલુ વર્ષે જ ઇન્ડિયા આફ્રિકા સમિટ યોજવાનું છે, જેનું કદ એટલું વિરાટ હશે કે ૧૯૮૩ની નામ સમિટ બાદ ભારતમાં પહેલી વખત આટલો ભવ્ય આંતરરાષ્ટ્રીય મેળાવડો યોજાશે. આફ્રિકાના ટચૂકડા દેશોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં મદદ કરવાની ચીન જેટલી શક્તિ ભારત પાસે નહિ હોવા છતાં ઈન્ફોર્મેશન ટેક્નોલૉજી અને કુશળ શ્રમશક્તિનો લાભ આપી ભારત સારો ધંધો મેળવી શકે તેમ છે. વળી, આફ્રિકા સાથે સદીઓ જૂના સંબંધોની દુહાઈ આપી તેમને ભારતના ટેકેદાર, સાથીદાર કે ભાગીદાર બનાવી શકાય તેમ છે.

### બ્રિક્સ

વૈશ્વિક નાણાપ્રવાહને લાભદાયક રીતે નાથવા માટે ભારતે બ્રિક્સ બેન્કની સ્થાપના માટે મૂકેલો પ્રસ્તાવ મંજૂર થયો અને એક ભારતીયના અધ્યક્ષપદે આ બેન્ક ચાલુ વર્ષે કાર્યરત થવાની છે. ૫૦ બિલિયન ડોલરની મૂડીથી શરૂ થનાર આ બેન્ક વિકાસલક્ષી પ્રોજેક્ટ માટે નાણાં પૂરાં પાડવાની વ્યવસ્થા સભ્ય દેશો માટે કરશે. વિદેશ વેપારમાં ચૂકવણીની સમતુલા જાળવવા માટે જરૂરી ચલણની મોટી અનામત ઊભી કરી સભ્ય દેશોને તેમાંથી ચલણમાં ધિરાણ આપવાની પણ યોજના છે.

વૈશ્વિક નાણાં સંસ્થાઓ વિકાસશીલ દેશોને તેમના અર્થતંત્રના કદ અને કમાણીની શક્તિ પ્રમાણે ધિરાણ આપવામાં ઠાગાઠૈયા કરવા લાગી ત્યારથી ભંડોળ માટે પોતાની બેન્ક ખોલવાની જરૂરિયાત અનેક દેશોને સમજાઈ અને ભારતની પહેલ હેઠળ બ્રિક્સ બેન્કનો જન્મ થયો. પશ્ચિમના દોરીસંચાર હેઠળ ચાલતી વૈશ્વિક નાણા સંસ્થાઓ પર્યાવરણ અને માનવાધિકાર જેવા મુદ્દા ઊભા કરી વિકાસશીલ દેશોને ધિરાણથી વંચિત રાખતી હતી. પરિણામે આવા પ્રશ્નોના જવાબ દુનિયાને આપી આપી થાકી ગયેલા દેશોએ પોતાની બ્રિક્સ બેન્ક ઊભી કરી નાખી.

પ્રાદેશિક સહકાર વડે આર્થિક વિકાસની નીતિ અખત્યાર કરવામાં ભારત કરતાં ચીન બહુ આગળ છે. ચીને પોતાની આર્થિક તાકાતનો પરચો આપવા માટે ૫૭ દેશોને ભાગીદાર બનાવી ૧૦૦ બિલિયન ડૉલરની મૂડી વડે એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક ખોલવા તૈયારી કરી છે, જેમાં ભારત પણ જોડાયું છે. હવે અમેરિકા વિશ્વ વેપાર સંસ્થાની આડમાં ટ્રાન્સ પેસિફિક પાર્ટનરશીપ સંધિ કરવા મથી રહ્યું છે, જેમાં તેને માફક આવે તેવા દેશો વચ્ચે મૂડીરોકાણ સંધિ કરવાની વાત છે, પણ એશિયામાં આ અખતરો કેટલો સફળ થશે તે જોવું રહ્યું.

### વિશ્વ યોગ દિવસ

વૈશ્વિક ભલાઈ માટે કામ કરતી સંસ્થાઓને ટેકો આપવાની ભારતની નીતિ સદાય રહી હોવાથી સંયુક્ત રાષ્ટ્રસંઘે વિશ્વ યોગ દિવસ માટેનો પ્રસ્તાવ સહર્ષ સ્વીકારી ફટાફટ નિર્ણય લઈ લીધો. યોગાસન એક વ્યક્તિગત ક્રિયા હોવા છતાં સામાજિક તંદુરસ્તીનો દૃષ્ટિકોણ સમગ્ર દુનિયામાં એકતા માટે નિમિત્ત બને તેટલો શક્તિશાળી હોવાથી યોગવિદ્યાને સ્વીકૃતિ મળી. વિશ્વને નડતી રાજકીય, આર્થિક તથા પર્યાવરણને લગતી સમસ્યાઓ એટલી વિરાટ છે કે વૈશ્વિક મંચ બનેલી સંસ્થાઓ દ્વારા દુનિયાની સહિયારી જવાબદારી નક્કી કરવાની સાથોસાથ વ્યક્તિગતપણે પ્રત્યેક દેશ પાસેથી કેટલી અપેક્ષા છે તે નક્કી કરવું પડે. રાષ્ટ્રીય આદર્શને દુનિયા માનતી થાય તે માટે ભારતે બખુબી સંયુકત રાષ્ટ્રસંઘનો ઉપયોગ કરી જાણ્યો અને વિશ્વ યોગ દિવસ ઉપર ૧૭૭ દેશોની મહોર વાગી. વૈશ્વિક ફલક ઉપર ભારતે મેળવેલી આ સિદ્ધિ ખૂબ ખૂબ મોટી ગણાય.

સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી સંસ્થા શિત યુદ્ધ બાદ મહત્તા ગુમાવી બેઠી હોવા છતાં યોગની વાત તેની પાસે મનાવી ભારતે મુત્સદ્દી રીતે પરિવર્તનમાં નિમિત્ત બનવાની ભૂમિકા તેને સોંપી ગણાય. યોગના વૈશ્વિક પ્રચારમાં જોડાયેલું સંયુક્ત રાષ્ટ્રસંઘ રંગભેદની નાબૂદી, સંસ્થાનવાદની ગુલામી ખતમ કરાવવી, સમાનતા માટે કોશિશ કરવી તથા સર્વના વિકાસને ઉત્તેજન આપવા જેવા ઉમદા લક્ષ્યાંક હાથ ધરી પોતાની શાખ અને અસરકારતા સુધારી શકે છે. પ્રાકૃતિક સંપત્તિના અતિદોહનથી પીડાતી દુનિયાને પ્રકૃતિ સાથે તાદાત્મ્ય કેળવીને જીવવાની કળા શીખવતું ભારતીય તત્ત્વજ્ઞાન માગદર્શક બની શકે.

વૈશ્વિક મંચ બનેલી સંસ્થાઓનું ભાવિ કેવું હશે તે નક્કી કરવું બદલાયેલા સમયમાં થોડું અઘરું હોવા છતાં પરિવર્તનના કેટલા મુદ્દા લાગુ થઈ શકે છે તેના પર બધી વાતનો આધાર છે. બીજા વિશ્વ યુદ્ધે વેરેલી વિનાશક બદહાલતમાંથી દુનિયાને બહાર કાઢવા રચાયેલી વૈશ્વિક સંસ્થાઓ ઉપર પશ્ચિમના દેશોનું આધિપત્ય રહ્યું હોવાથી તેમાં ફેરફારની સત્તા અને જવાબદારી પણ તેમની પાસે છે. બદલાયેલી દુનિયા સાથે કદમતાલ મિલાવી શકે તેવા બદલાવની સર્વત્ર જરૂર છે. આશા રાખીએ કે દુનિયાના નાનામોટા, ગરીબ અમીર તથા સુખી અને દુઃખી દેશોને એક તાંતણે બાંધતી વૈશ્વિક સંસ્થાઓ તેમની મહત્તા અને સંદર્ભ ખોઈ બેસે નહીં.

**લેખક જિનિવા અને ગ્રીસ ખાતે સંયુક્ત રાષ્ટ્ર સંઘના ભારતીય રાજદૂત તરીકે રહી ચૂક્યા છે. તેઓએ આંતરરાષ્ટ્રીય સંગઠન તેમજ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈરાનની વિદેશી બાબતો સંભાળતા વિભાગના વડા તરીકેની કામગીરી પણ સંભાળી છે.**

# મહિલાઓ અને બાળકોના વિકાસ માટે સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાની પહેલ

• ચંદ્રાણી બેનર્જી •




સંપૂર્ણ અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા સરકારે સમાજમાં મહિલાઓના વિકાસને અવરોધતા પરિબળોને દૂર કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે. આ માટે સરકારે વિવિધ સ્તરે અનેક પહેલ હાથ ધરી છે. આ પહેલ આવકારદાયક હોવા છતાં આગામી દિવસોમાં ઘણી બધી કામગીરીની અપેક્ષા છે. કન્યા ભ્રણહત્યાને રોકવાથી લઈને છોકરીઓના જન્મને પ્રોત્સાહન આપીને ભેદભાવરહિત સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા સરકારે તેના મુખ્ય કાર્યક્રમોમાં વિવિધ પહેલ હાથ ધરી છે અને આ તમામ મુદ્દા આવરી લીધા છે. જોકે આ યોજનાઓ વાસ્તવિક રીતે અસરકાર પુરવાર થાય તે સુનિશ્ચિત કરવા યોગ્ય વ્યવસ્થા સ્થાપિત કરવાની જરૂર છે.

સમાજમાં મહિલાઓની સ્થિતિ સુધારવા ખરેખર તો સામૂહિક માનસિકતા બદલવાની જરૂર છે. જોવાની ખૂબી એ છે કે પંજાબ, હરિયાણા અને ગુજરાત જેવા સૌથી વધુ સમૃદ્ધ રાજ્યો કન્યા ભ્રૂણહત્યા અને પુરુષની સરખામણીમાં સ્ત્રીઓની ઓછી સંખ્યાની સમસ્યા સામે ઝઝૂમી રહ્યાં છે. અગાઉ આ માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે, પણ જાગૃતિ અને કેળવણીના અભાવે હજુ નોંધપાત્ર હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા છે. તમામ યોજનાઓને સફળ બનાવવા શિક્ષણ, સ્વાસ્થ્ય, પ્રસૂતિ પૂર્વે અને પ્રસૂતિ પછી માતા અને બાળકની સારસંભાળ પ્રત્યે લોકોની માનસિકતા બદલવા સભાનપણે પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ઉપરાંત રેલવે સ્ટેશન પર મળી આવતા બાળકોની સારસંભાળ અને સલામતિ સુનિશ્ચિત કરવાની જરૂર છે.

આ તમામ સમસ્યાઓનું સમાધાન કરવા મંત્રાલયે મહિલાઓના કલ્યાણની યોજના શરૂ કરી છે, જે મહિલાઓને મદદરૂપ નિવડશે, પણ હજુ જોઈએ તેવી સફળતા મળી નથી. મહિલાઓ સામે હિંસા જેવી સમસ્યાઓનું વધુ અસરકારક રીતે સમાધાન કરવા વન સ્ટોપ સેન્ટર એટલે કે એક જગ્યાએ તમામ સહાય આપતા કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યાં છે. હવે આ યોજનાને લક્ષિત લાભાર્થીઓ સુધી પહોંચાડવાનું સુનિશ્ચિત કરવા બીજું કદમ ઉઠાવવામાં આવ્યું છે. અંતરિયાળ વિસ્તારોમાં માહિતી ફેલાય તે જરૂરી છે, જેથી લાભાર્થીઓ તેનો લાભ લઈ શકે.

ચાલુ વર્ષે સરકારે પણ એક યોજના શરૂ કરી છે, જે અંતર્ગત દરેક જિલ્લામાંથી એક મહિલાને જિલ્લા સન્માન એવોર્ડ આપવામાં આવશે અને એક મહિલાને પ્રાદેશિક સ્તરે રાજ્ય સન્માન એવોર્ડ આપવામાં આવશે. વર્તમાન સરકારે જૂન, ૨૦૧૪માં આ એવોર્ડ્સ શરૂ કર્યા છે, જેથી છેવાડાના વિસ્તારોમાં આ સમસ્યાનું સમાધાન કરતી મહિલાઓનું સન્માન કરવામાં આવે છે. આ એવોર્ડ યોજનાનો અમલ શરૂ થઈ ગયો છે.

સરકારની મુખ્ય યોજના "બેટી બચાવો, બેટી પઢાવો" યોજના ચાલુ વર્ષે શરૂ કરવામાં આવી છે, જેમાં કન્યા ભ્રૂણહત્યાને અટકાવવાનો સંદેશ આપવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે કે દિકરા અને દિકરી

વચ્ચેનો ભેદભાવ માનસિક બિમારી છે અને ૧૮મી સદીના લોકોની માનસિકતા છે. તેમનું આ કથન હકારાત્મક અસર કરે છે. આ યોજના સારી રીતે આગળ વધી રહી છે. નોંધપાત્ર વાત એ છે કે આ યોજનાને હરિયાણાથી શરૂ કરવામાં આવી છે, જ્યાં દેશમાં સ્ત્રીઓની સંખ્યા સૌથી ઓછી છે.અહીં મહેન્દ્રગઢમાં ૧૦૦૦ છોકરાઓ સામે ૭૭૫ છોકરીઓ છે, જ્યાંથી યોજનાએ ગતિ પકડી છે. હરિયાણાની સરકારે કન્યાઓની ભ્રૂણ હત્યા અટકાવવા નાણાકીય લાભ પ્રદાન કરતી યોજના શરૂ કરી છે. હરિયાણા સરકારે સમાજને હાનિકારક આ અપરાધમાં સંકળાયેલા લોકોની માહિતી પ્રદાન કરનારને રૂ. એક લાખનું ઇનામ આપવાની જાહેરાત પણ કરી છે.

"બેટી બચાવો, બેટી પઢાવો" યોજનાનો દેશના ૧૦૦ જિલ્લાઓમાં અમલ થઈ રહ્યો છે, જેમાં હરિયાણાના ૧૨ જિલ્લા સામેલ છે. તેમાં ૮૭ જિલ્લાઓમાં બાળકોમાં છોકરાઓ કરતા છોકરીઓની સંખ્યા રાષ્ટ્રીય સરેરાશથી ઓછી છે, જ્યારે આઠ જિલ્લામાં આ રેશિયો રાષ્ટ્રીય સરેરાશથી વધારે છે, પણ તેમાં ઘટાડો થઈ રહ્યો છે અને પાંચ જિલ્લામાં રેશિયો રાષ્ટ્રીય સરેરાશથી વધારે છે અને સુધારો થઈ રહ્યો છે. ઉપરાંત હિંસાનો ભોગ બનતી મહિલાઓની સહાય પ્રદાન કરતા વન-સ્ટોપ સેન્ટર્સ સ્થાપિત કરવાની માર્ગદર્શિકા બનાવવામાં આવી છે. વન સ્ટોપ સેન્ટર (ઓએસસી) યોજનાના પ્રથમ તબક્કામાં નિર્ભયા ફંડનો ઉપયોગ થઈ રહ્યો છે, જેમાં દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં મહિલાઓને તબીબી, કાયદાકીય અને માનસિક સલાહ આપવા આ પ્રકારના એક-એક સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. ઓએસસીને ૧૮૧ અને અન્ય કાર્યરત હેલ્પલાઇન સાથે સંકલિત કરવામાં આવશે. આ યોજનાનો અમલ કરવા મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે સપોર્ટ એજન્સીઓ, તેમજ રાજ્ય, જિલ્લા અને મૂળભૂત સ્તરે માર્ગદર્શિકા બનાવી છે, જે રાષ્ટ્રીય, પ્રાદેશિક અને કેન્દ્રશાસિત સ્તરે નીતિ માર્ગદર્શિકા અને નિરીક્ષણ માટે અધિકારોનું સંદર્ભ મેન્યુઅલ તરીકે કામ કરશે. આ કેન્દ્રો સમગ્ર દેશમાં તબક્કાવાર સ્થાપિત કરવામાં આવશે,જેથી એક જ જગ્યાએ હિંસાથી પીડિત મહિલાઓને સંકલિત સહાય પ્રદાન કરી શકાશે. આ માર્ગદર્શિકા વિવિધ વિભાગોની ભૂમિકા અને જવાબદારીઓ પણ સૂચવશે. તે વિવિધ સ્તરે ઉપયોગ કરી શકાય તેવી રૂપરેખા અને નિરીક્ષણ પણ પ્રદાન કરે છે.

બાળ ગુનાખોરી ન્યાય (બાળકોની સારસંભાળ અને તેમનું સંરક્ષણ) બિલ, ૨૦૧૪માં પણ સુધારા કરવામાં આવ્યા છે. સરકારનો હેતુ દત્તક લેવાની જટિલ પ્રક્રિયામાં ફેરફાર કરવાનો છે. સરકારે દેશમાં જે લોકો બાળકને દત્તક લેવા ઇચ્છતાં નથી તેઓ માટે પાલનપોષણ સંબંધિત વિચાર રજૂ કર્યો છે. તેમાં તમામ પાલકઘરોને અને બાળકોને દત્તક લીધા વિના પોતાના ઘરમાં પાલનપોષણ આપવા ઇચ્છતાં લોકોને પ્રોત્સાહન આપવામાં આવશે. મૂળ વાત બાળકોને બાળ સંરક્ષણ ગૃહોમાંથી બહાર કાઢવાની અને આઠથી ૧૦ વર્ષના બાળકોને અનુકૂળ પાલનપોષણ કે સારસંભાળ આપવાની હતી. આ કાયદાની કેટલીક ખાસિયતો પણ હતી.

કાયદામાં કોઈ પણ નવી જોગવાઈઓ ઉમેરવા ઉપરાંત મંત્રાલયે લાખો લોકો પાસેથી સૂચનો પણ માંગ્યા હતા, જે અંતર્ગત ૨,૦૦૦ પાનામાં સમાય તેટલી ટિપ્પણીઓ અને સૂચના મળી હતી. તેમાંથી કેટલી સૂચનાઓ વ્યવહારિક છે તેની ચકાસણી કરવા ત્રણ અઠવાડિયા સુધી દરરોજ નિષ્ણાતોની સેવા લેવામાં આવી હતી.

ઉંમર ઘટાડવા વિશે ત્રણ પ્રકારના મત મળ્યાં હતાં. તેમાંથી એક મતમાં ઉંમરમાં ઘટાડો ન કરવા જણાવવામાં આવ્યું હતું, તો બીજા મતમાં ઉંમર ઘટાડવી જોઈએ, પણ સરકારે તાત્કાલિક બાળકોને સજા કરવાના અધિકારો છોડવા ન જોઈએ અને ત્રીજો મત એવો હતો કે કોર્ટની વ્યવસ્થા મારફતે બાળકોને જેલમાં મોકલી દેવા જોઈએ અને તેમાં બાળ ગુનાખોરી ન્યાય બોર્ડનો હસ્તક્ષેપ ન હોવો જોઈએ. આ ત્રીજા મતને સૌથી વધુ સમર્થન મળ્યું હતું.

છેવટે મધ્યમ માર્ગ અપનાવવામાં આવ્યો હતો અને સરકારને હસ્તક્ષેપ કરવાની તક આપવામાં આવી નહોતી. કિશોર વયના બાળક દ્વારા કરવામાં આવેલ જઘન્ય અપરાધના દરેક કેસની ચકાસણી બાળ ગુનાખોરી કાયદા મારફતે થશે, પછી ભલે તેની સુનાવણી બાળ ગુનાખોરી અદાલતમાં થાય કે પુખ્ત વયના લોકોની અદાલતમાં. બાળ ગુનાખોરી બોર્ડ ચુકાદો આપવા સક્ષમ સત્તામંડળ

છે, કારણ કે તેની પાસે મનોચિકિત્સકો અને નિષ્ણાતોની પેનલ હોય છે.

મંત્રાલયે દેશમાં રિમાન્ડ હોમની સ્થિતિની સમીક્ષા પણ કરી છે, જે ખરાબ હાલતમાં છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ્સ બ્યૂરો મુજબ વર્ષ ૨૦૦૧થી જૂન, ૨૦૧૩ વચ્ચે દેશમાં બાળક સારસંભાળ સુવિધાઓ વિશે ૨,૩૩૩ રજિસ્ટર્ડ ફરિયાદો મળી હતી. મંત્રાલય હેઠળના રિમાન્ડ હોમની ચકાસણી કરવામાં આવશે અને વિસ્તૃત વિગતો મેળવવા નિષ્ણાતોની ટીમ મોકલવામાં આવશે. મંત્રાલય ચાઇલ્ડલાઇન કાર્યરત કરવા પણ વિચારે છે, જે અત્યારે દેશના ફક્ત ૧૦ મોટા શહેરોમાં જ કાર્યરત છે. દેશના ૧૦૦ શહેરોમાં આવી ચાઇલ્ડલાઇન કાર્યરત કરવાની યોજના છે.

દેશમાં મહિલાઓને ઉત્તમ રોજગાર આપવા સરકાર સ્ટેપ (મહિલાઓ માટે તાલીમ અને રોજગાર કાર્યક્રમને પ્રોત્સાહન) યોજનાને પણ સુધારી રહી છે, જેનો હેતુ નાના વ્યવહારિક જૂથોમાં મહિલાઓને કાર્યરત કરવાનો અને તાલીમ અને ધિરાણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. આ યોજના કૌશલ્ય સંવર્ધન માટે તાલીમ પ્રદાન કરશે અને મહિલાઓના જૂથને બેકવર્ડ અને ફોરવર્ડ લિંકેજીસ પ્રદાન કરીને રોજગાર-કમ-આવક નિર્માણ માટે સક્ષમ બનાવશે. તેનો હેતુ મહિલાઓની તાલીમ અને રોજગારીની સ્થિતિમાં સુધારો કરવા સેવાઓ પ્રદાન કરવાનો છે.

આ યોજનાનો અમલ સરકારી ક્ષેત્રની સંસ્થાઓ, જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સીઓ, સંગઠનો, સોસાયટીસ રજિસ્ટ્રેશન કાયદા, ૧૮૬૯ કે રાજ્ય સરકારના સંબંધિત કાયદા હેઠળ નોંધાયેલ સહકારી અને સ્વૈચ્છિક સંગઠનો મારફતે થાય છે. સ્ટેપ હેઠળ નાણાકીય સહાય મેળવવા ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત સંસ્થાઓ, સંગઠનો કે એજન્સીઓ હોવી જરૂરી છે, ભલે તેનું હેડક્વાર્ટર શહેરી વિસ્તારમાં હોય. સ્ટેપ કાર્યક્રમ હેઠળ આવરી લેવાયેલા લક્ષિત જૂથમાં વંચિત, ગ્રામીણ મહિલાઓ અને શહેરી ગરીબો છે. તેમાં મજૂરો, રોજિંદા કામદારો, મહિલાની આવક પર નિર્ભર કુટુંબો, પરપ્રાંતિય મજૂરો, આદિવાસી અને અન્ય જૂથો, તેમજ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો છે અને અનુસૂચિત જનજાતિ કે અનુસૂચિત જાતિના પરિવારો પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. તેમને ૧૦૦ ટકા સહાય આપવામાં આવે છે. તે પ્રોજેક્ટ સ્ટાફ પણ પ્રદાન કરશે અને તાલીમ માટે વહીવટી ખર્ચ, તાલીમનું સ્ટાઇપેન્ડ, તાલીમાર્થીઓને તાલીમ, કૌશલ્ય સંવર્ધન પ્રતિપાદન, તાલીમ કમ ઉત્પાદન કેન્દ્રો અને સામગ્રી પૂરી પાડવામાં આવશે. સહકારી સોસાયટીઓ, ઉત્પાદકો, કામદાર સહકારી મંડળીઓની રચના માટે સભ્યોને ઔપચારિક કાયદાકીય માર્ગદર્શન પ્રદાન કરવામાં આવશે.

અમલીકરણ એજન્સી માટેની લાયકાતમાં સૌથી મહત્ત્વપૂર્ણ શરત એ છે કે તેઓ ઓછામાં ઓછા ત્રણ વર્ષથી રજિસ્ટર્ડ થયેલી હોવી જોઈએ અને તેમની પાસે સંબંધિત ક્ષેત્રમાં કામ કરવાનો અનુભવ હોવો જોઈએ. તેમની પાસે પ્રોજેક્ટનો અમલ કરવા કુશળતા, સંસાધનો અને અનુભવ હોવા જોઈએ તેમજ લક્ષિત જૂથને ઓળખવાની પદ્ધતિઓ હોવી જોઈએ. જયારે અમલીકરણ એજન્સી તરીકે બિનસરકારી સંગઠનને પસંદ કરવામાં આવે છે, ત્યારે તેની પાસે સંબંધિત ક્ષેત્રમાં કામ કરવા પર્યાપ્ત માળખાગત અને ટેકનિકલ કૌશલ્ય હોવું જોઈએ.

અમલીકરણ એજન્સીની નાણાકીય સ્થિતિ મજબૂત હોવી જોઈએ અને તેની પાસે પ્રોજેક્ટ હાથ ધરવાની સુવિધાઓ, સંસાધનો, અનુભવ અને વહીવટી ક્ષમતાઓ હોવી જોઈએ. પ્રોજેક્ટ કામગીરીના, તેના પ્રકારના અને લાભાર્થીઓની સંખ્યાને આધારે બેથી ચાર વર્ષના ગાળાનો હશે. આ યોજના લાગુ કરવા નિશ્ચિત માળખામાં અરજી કરવાની હોય છે, જે મંત્રાલયને મોકલવાની હોય છે અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના ડિરેક્ટરને સંબોધીને કરેલી હોવી જોઈએ. અમલીકરણ એજન્સી માટે જરૂરી દસ્તાવેજોમાં રજિસ્ટ્રેશન સર્ટિફિકેટની નકલ અને સંસ્થાની રચના અને એસોસિએશનો આર્ટિકલ છે. તેને વ્યવસાય અને પૃષ્ઠભૂમિની માહિતી સાથે કારોબારી સમિતિના સભ્યોને પણ સુપરત કરવાની જરૂર છે. ખાતાની રસીદ અને ચૂકવણી, આવક અને ખર્ચ સાથે છેલ્લાં ત્રણ વર્ષનું સરવૈયું પણ રજૂ કરવું પડે છે. અમલીકરણ એજન્સીને ત્રણ વર્ષની કામગીરી માટે સંસ્થાની પ્રવૃત્તિનો વાર્ષિક અહેવાલ પ્રદાન કરવો પડશે અને સંબંધિત રાજ્ય સરકાર પાસેથી ભલામણ સાથે પ્રોજેક્ટ ક્ષેત્રની રૂપરેખા રજૂ કરવી પડશે.

મંત્રાલય રેલવે મંત્રાલય દ્વારા અમલ થતી વિશેષ કાર્યપદ્ધતિઓ (એસઓપી) સાથે રેલવેના માધ્યમથી ઘર છોડીને ભાગી ગયેલા, ત્યજી દેવાયેલા, અપહરણ કરાયેલા બાળકો માટે કામ કરે છે. બિનસરકારી સંસ્થાઓ અને બાળ સહાય જૂથો સાથે રેલવે સ્ટેશનો બાળકોને તેમના માતાપિતાઓ કે સંરક્ષકોને સુપરત કરશે અને તેમની ગેરહાજરીમાં તેમનું પુનર્વસન કરશે.

આ યોજનાને પગલે ગુમ થયેલા બાળકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાની અપેક્ષા છે. કેન્દ્રિય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના નેતૃત્વમાં રાષ્ટ્રીય બાળ અધિકારના સંરક્ષણ પંચે તેના આઠમા સ્થાપના દિન નિમિત્તે 'રેલવે સાથે સંપર્કમાં રહેતા નબળા બાળકોના અધિકારોના સંરક્ષણ' વિષય પર એક પરિષદનું આયોજન કર્યું હતું, જેમાં શ્રીમતી મેનકા સંજય ગાંધીએ જણાવ્યું હતું કે, આશરે પાંચથી છ લાખ બાળકો રેલવેનો ઉપયોગ કરે છે અથવા રેલવે સ્ટેશન પર આવે છે. આ બાળકો ઘરેથી ભાગ ગયેલા હોય છે કે ત્યજી દેવાયેલા હોય છે કે તેમનું અપહરણ કરવામાં આવ્યું હોય છે અને તેમને સહાયની તાતી જરૂર હોય છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અને રેલવે મંત્રાલયે રેલવે સાથે સંપર્કમાં આવતા આ પ્રકારના બાળકોનું સંરક્ષણ અને સારસંભાળ સુનિશ્ચિત કરવા રેલવે દ્વારા અમલ થતી વિશેષ કાર્યપદ્ધતિઓ વિકસાવી છે. રેલવે સ્ટેશનો પર આ વિશેષ કાર્યપદ્ધતિઓનો અમલ શરૂ થઈ ગયો છે, જેને મેનકા ગાંધીએ બાળ કલ્યાણના ક્ષેત્રમાં ઐતિહાસિક ક્ષણ ગણાવી છે. તેમણે સમજાવ્યું હતું કે, આ રેલવે સ્ટેશન પર બિનસરકારી સંગઠનો (એનજીઓ) અને બાળ સહાયક જૂથો કાર્યરત હશે, જેઓ સંયુક્તપણે બાળકોને તેમના માતાપિતા કે સંરક્ષકોને સુપરત કરવા કામ કરશે. આ રેલવે સ્ટેશનો પર ચાઇલ્ડ હેલ્પ ડેસ્ક, કિઓસ્ક, ટેલીફોન સુવિધા સાથેનું બૂથ હશે, જેથી ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ પર કોલ કરી શકાશે.

બાળકોના પુનર્ગઠન અને પુનર્વસન માટે આ પ્રકારના વધુને વધુ રેલવે સ્ટેશનો સાથે ભાગીદારી કરવા આગળ આવવા બિનસરકારી સંગઠનોનો અપીલ કરવામાં આવી છે. જો આ પ્રકારના બાળકો ધ્યાનમાં આવે તો ટ્રેનના મુસાફરો અને અન્ય લોકોને ઓથોરિટીઝને એલર્ટ કરવાની વિનંતી પણ મેનકા ગાંધીએ કરી હતી. આ માટે એનસીપીસીઆર દ્વારા વ્યાપક જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ટ્રેનના કોચમાં વિવિધ મુદ્રાઓ મૂકવામાં આવે છે, જાહેરાતો કરવામાં આવે છે અને અન્ય ઓડિયો-વીડિયો સામગ્રી રજૂ કરવામાં આવે છે. મેનકા ગાંધીએ જણાવ્યું હતું કે વિવિધ ટ્રેનના કોચમાં આ પ્રકારના એક લાખ નાના બોર્ડ મૂકવામાં આવશે.

મંત્રાલયે સ્ટેપ (મહિલાઓ માટે)ની જેમ એક કાર્યક્રમ તૈયાર કરવા એનસીપીસીઆરને અપીલ પણ કરી છે, જેમાં માતાપિતાને સુપરત ન કરી શકાયા હોય તેવા બાળકો ક્રમશઃ આજીવિકા મેળવી શકે તે માટે તેમનામાં કૌશલ્ય વિકસાવવામાં આવશે. જોકે સરકાર માટે સૌથી મોટો પડકાર આ યોજનાઓના યોગ્ય અમલીકરણનો છે. તે માટે કાર્યક્રમોનો અસરકારક અમલ થઈ શકે તેવી વ્યવસ્થા સ્થાપિત કરવાની જરૂર છે. આ કાર્યક્રમને વ્યાવસાયિક રીતે સંચાલિત કરી શકે અને લક્ષિત જૂથોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ હોય તેવા વ્યક્તિઓ શોધવાની સમસ્યા સૌથી મોટી છે. આ માટે છેલ્લામાં છેલ્લાં લાભાર્થીને ફાયદો થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની જરૂર છે. અગાઉ બોર્ડરૂમ પ્રેઝન્ટેશન અને પેપર્સની દૃષ્ટિએ યોજનાનો અમલીકરણ અસરકારક રીતે થતો હોવાનું જણાવવામાં આવ્યું હતું, પણ હવે નક્કર કામગીરી થાય તે જરૂરી છે. આ યોજનામાં સુધારાવધારાનો અવકાશ પણ હોવો જોઈએ. જો યોજના સુનિશ્ચિત રૂપરેખા પ્રમાણે આગળ ન વધે, તો ટીમ પાસે હસ્તક્ષેપ કરવાનો અને તેમાં જરૂરી સુધારા કરવાની તક હોવી જોઈએ. ભારત જેવા ભૌગોલિક દૃષ્ટિએ મોટા અને વિવિધ સંસ્કૃતિઓ ધરાવતા દેશમાં આસામ માટે અસરકારક મોડલ કેરળ કે ઉત્તર ભારતના રાજ્ય માટે યોગ્ય હોય તે જરૂરી નથી.

સારી અને હકારાત્મક બાબત એ છે કે એક નવી શરૂઆત કરવામાં આવી છે. પણ આ શરૂઆતને યોગ્ય રીતે કેવી રીતે લાગુ કરવામાં આવશે અને તેના ઉત્તમ પરિણામો કઈ પદ્ધતિથી મળશે તેનો પડકાર હજુ પણ યથાવત્ છે.

**લેખિકા દિલ્હી ખાતે વરિષ્ઠ પત્રકાર છે. તેઓએ એશિયન એજ, આઉટલુક જેવા જાણીતા મેગેઝિનમાં કાર્ય કરેલું છે.**

# ભારતની નવી વિદેશ નીતિના નવા પરિમાણો

• ડૉ. મનીષ વી. પંડ્યા •

આંતરરાષ્ટ્રીય સંબંધો એટલે બે અને બેથી વધારે દેશોના રાજકીય પારસ્પરિક સંબંધો. જેમાં બે દેશોએ પોતાને પારસ્પરિક સંબંધોથી કેટલો ફાયદો થાય છે તે જોવાનું રહે છે. ભારતની વિદેશ નીતિમાં જોઈએ તો તેના પાયાના સિદ્ધાંતોમાં વિશ્વશાંતિ અને સહઅસ્તિત્વ, સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદનો વિરોધ, રંગભેદ તથા જાતિભેદનો વિરોધ, એશિયા તથા આફ્રિકાના દેશો સાથે ગાઢ સહકાર, નિઃશસસ્ત્રીકરણ, બિનજોડાણવાદની નીતિ તથા પંચશીલના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે.

વૈશ્વિક સંબંધોને સમરસ બનાવવા માટે વિશ્વના બીજા દેશો સાથે મળીને વિશ્વની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા જરૂરી છે. ભારતે તો પહેલેથી જ વિદેશનીતિ સ્વીકારેલ છે કે ભારતની વિદેશનીતિ વ્યૂહાત્મક અને રાષ્ટ્રીય હિતો તથા સુરક્ષાના હિતોને વરેલી હોવી જોઈએ. ભારત સરકારે પાડોશી દેશોને નવી સરકારના શપથગ્રહણ સમારંભમાં સાર્ક દેશોને આમંત્રણ આપીને એક નવા જ અધ્યાયની શરૂઆત કરી છે.

ભારતે ૧૯૭૪માં પ્રથમ અણુ વિસ્ફોટ કરીને સમગ્ર વિશ્વને ભારતની આણ્વિક શક્તિથી પ્રભાવિત કરી દીધું હતું. ભારત પર બીજા દેશો દ્વારા અનેક પ્રતિબંધો મૂકાવા છતાં તે પ્રતિબંધોની પરવા કર્યા વગર બીજો અણુ વિસ્ફોટ પણ કરાયો અને ભારતે જાપાન, અમેરિકા સહિત વિશ્વના તમામ દેશોને ભારતની શાંતિ નીતિને પ્રભાવિત કરાવી દીધી હતી કે ભારત પોતાના અણુશસ્ત્રોનો પ્રથમ ઉપયોગ કદાપિ નહીં કરે. ભારત એમ પણ માને છે કે આતંકવાદ અને માનવતા વિરોધી તત્ત્વોને પ્રોત્સાહન ન આપવું જોઈએ તથા આંતકવાદી અને ભાગલાવાદી પરિબળોને જાકારો આપવો જોઈએ. ભારત એમ દ્રઢપણે માને છે કે સાર્ક દેશોમાં આંતરદેશીય પર્યટનની ભરપૂર તકો રહેલી છે તેથી સાર્ક દેશોએ સહકાર કેળવવાની જરૂર છે. આંતરરાષ્ટ્રીય અને રાજનૈતિક સંબંધોની સફળતાનું ચાલકબળ દેશનું અર્થતંત્ર છે તેથી દરેક દેશોએ પોતાની વિદેશનીતિ દેશના વાણિજ્યિક અને વ્યાવસાયિક રસરુચિ દ્વારા ઘડવી જરૂરી છે.

હાલની સરકાર બદલેલી વિદેશનીતિમાં મૈત્રી અને વેપાર, મૂડી રોકાણ માટે વિદેશી મુલાકાતોને મહત્ત્વ આપી રહી છે. ભારતના વડા પ્રધાને ચીન, મોંગોલિયા, દક્ષિણ કોરિયા, ફ્રાંસ, રશિયા, બ્રિટન, આર્જેન્ટિના કજાકિસ્તાન, ઑસ્ટ્રેલિયા, અમેરિકા, ફીજી, નેપાલ, ભૂતાન, કેનેડા, સેશલ્સ, મોરેશિયસ સહિતના વિશ્વના અઢાર દેશોની મુલાકાત લીધી છે. વિદેશનીતિમાં સંરક્ષણ, વ્યાપારી હિતો, આયાત, નિકાસ બને સાંસ્કૃતિક ઓળખ સહિતના મુદ્દાઓ આવી જતા હોય છે.

વૈશ્વિક સ્તરે ભારતને થયેલા ફાયદાઓમાં જોઈએ તો અમેરિકા હવે ભારતને ન્યુક્લિયક રિએક્ટર આપશે તેથી દેશમાં વધુ વીજળી પેદા થશે. સંરક્ષણક્ષેત્રે સંબંધો મજબૂત થશે અને આર્થિક સહકાર વધશે. ભારત અને અમેરિકાના સંબંધોમાં નવો વિશ્વાસ ઊભો થયો છે.

ભારત અને અમેરિકાના આર્થિક તેમજ સંરક્ષણ ક્ષેત્રમાં બંને વચ્ચેના સંબંધો વધુ મજબૂત અને સહકારપૂર્ણ બની રહ્યા છે. બંને દેશોએ બાયોલોજીકલ અને કેમિકલ વૉરફેર (Warfare)ની સામે રક્ષણ કરવા માટેના ગિયર ડેવલપ કરવા માટેના કરાર કર્યા છે.

ભારતે પાડોશી દેશો સાથે ઉદાર તથા મહત્ત્વપૂર્ણ સંબંધોની પ્રથા ચાલુ રાખી છે અને નેપાલ, ભૂતાન તથા બાંગ્લાદેશ સાથે મોટર વાહન કરાર કરવાની દિશામાં નક્કર પગલાં ભર્યાં છે. આ કરારથી ભારત, નેપાલ, ભૂતાન તથા બાંગ્લાદેશના ટૂરિસ્ટો તથા માલ પરિવહન માટેના વાહનોની આવ-જા બેરોકટોક થઈ છે.

બાંગ્લાદેશ સાથે કોલસો, કુદરતી ગૅસ, લિક્વીફાઈડ નેચરલ ગૅસ, પેટા પ્રદેશોમાં પેટ્રોલિયમ ઉત્પાદનોનો પુરવઠો, ઊર્જા ક્ષેત્રે નવીનીકરણ તથા પાઈપલાઈન દ્વારા ઓઈલ પૂરું પાડવું જેવા વ્યાપક ઊર્જા કાર્યક્રમો દ્વારા સહકાર થશે. તે ઉપરાંત કોસ્ટગાર્ડ, માનવ તસ્કરીમાં રોક, દાણચોરી, ક્રોસ બોર્ડર જેવી પ્રવૃત્તિઓ, સરહદ વ્યવસ્થાપન માટે સંયોજિત બોર્ડર મેનેજમેન્ટ પ્લાન (Cross Border

Management Plan - CBMP)ના અસરકારક અમલીકરણ માટે પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. ભારત 'કલાધન' પ્રોજેક્ટ હેઠળ મિઝોરમ સુધી હાઈવે બનાવવા ઈચ્છે છે. જે બાંગ્લાદેશમાંથી પસાર થશે.

કેનેડા તથા ભારત બંને દેશો વચ્ચે વેપાર-વાણિજયમાં વધારો થશે. ભારત-કેનેડા વચ્ચે ડાયરેક્ટ ફ્લાઈટ તથા લગભગ ૧૫ બિલિયન ડૉલર જેટલો વેપાર વધશે. ચીન પણ મ્યાનમાર, શ્રીલંકા, પાકિસ્તાન તથા નેપાળ જેવા ભારતના પાડોશી દેશો સાથે જે રીતે રાજકીય સંબંધોમાં મીઠાશ લાવી રહ્યું છે તે જોતાં ભારતને પણ ચીન સાથે પોતાના સંબંધો વધારવા જરૂરી બન્યા છે. ચીન સાથે કૈલાસ માનસરોવર યાત્રા કરી શકે તે માટે રસ્તાઓ બનશે. કૈલાસ માનસરોવરમાં નાથુલાથી નવો રૂટ તૈયાર થશે. ચીન ભારતમાં ૨૦ બિલિયન ડૉલરનું રોકાણ પણ કરશે. દુનિયાના દેશો હવે બદલાયેલી વિદેશનીતિના લીધે ભારતને ગંભીરતાથી જોઈ રહ્યા છે. ચીન સાથે મૂડીરોકાણ માટેના ૨૨ અબજ ડૉલરના ૨૬ કરારો થયા છે.

હાલમાં જ ભારતે શ્રીલંકા સાથે સંરક્ષણ, વેપાર, વિકાસના કામો, સાંસ્કૃતિક સહકાર અંગેના કરારો પર સહી-સિક્કા કર્યા છે. શ્રીલંકામાં તમિલ માછીમારો અને શ્રીલંકાના મરીન ગાર્ડના અધિકારીઓ વચ્ચે જે ઘર્ષણ થયા કરે છે અથવા તો માછીમારો ભૂલથી શ્રીલંકાની દરિયાઈ સીમામાં પ્રવેશી જાય છે તે માટે શ્રીલંકા તેમને આકરી સજા ફટકારે છે. ભારતે આ માછીમારો પરત્વે માનવીય વ્યવહાર રાખવા માટે શ્રીલંકાને વિનંતી કરી. દક્ષિણ કોરિયાએ પણ ભારતને નાના શહેરો, રેલવે, પાવર જનરેશન અને અન્ય ડાઈવર્સી ફાઈડ વિસ્તારોના વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ભારતને ૧૦ અબજ ડૉલર આપવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ભારત તથા દક્ષિણ કોરિયા સશસ્ત્ર દળો વચ્ચે સહકાર વધારવા 'મેક ઈન ઈન્ડિયા' અને આયાત-નિકાસ માટે તૈયાર થયા છે.

જાપાન, ચીન તથા ફ્રાન્સ 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ ભારતમાં મૂડીરોકાણ કરવા રાજી થયા છે. રક્ષા ખરીદી પરિષદને ૫૦ કરોડ રૂપિયા કરતાં વધારે મોંઘી ૬ જેટલી સબમરિનોનું નિર્માણ વિદેશી નિર્માતાઓના સહયોગથી ભારતમાં થશે. ગયા વર્ષ સુધી ભારત પાસે ૩૦૪ અબજ ડૉલર જેટલું વિદેશી હૂંડિયામણ હતું તે ૧૨ ટકાના દરે વધીને ૬૪૧ અબજ ડૉલર થયું છે. ભારતે ફ્રાન્સ સાથે સંરક્ષણ, પરમાણુ ઊર્જા, અવકાશ, આર્થિક સંબંધો, રેલવે, પ્રવાસન, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી, કૌશલ્ય વિકાસ અને આયુર્વેદના ક્ષેત્રે કરાર કર્યા છે.

નવી વિદેશ વેપાર નીતિમાં સર્વિસ નિકાસને પ્રોત્સાહન આપવા ઉપરાંત સરકારના 'મેક-ઈન-ઈન્ડિયા' અભિયાનના ભાગરૂપે ઉત્પાદન ક્ષેત્રને વેગ આપવા ભાર મૂકાયો છે. નવી નીતિ અનુસાર વિદેશ નીતિ ૨૦૧૫-૨૦માં ઈન્ટરેસ્ટ સબસિડીને લંબાવવા ઉપરાંત ચર્મ તથા હસ્તકળા જેવા શ્રમ આધારિત ક્ષેત્રોમાં વિવિધ પ્રોત્સાહનોને વેગ આપવાનો પ્રયત્ન થયો છે. સર્વિસ સેક્ટર તથા તેને લગતા ઉત્પાદનોની ગુણવત્તા અને બ્રાન્ડિંગ પર ધ્યાન આપવાની સાથોસાથ નવી વિદેશ વેપાર નીતિમાં સર્વિસ સેક્ટરની નિકાસ પર ભાર મૂકવાની સાથે ચોક્કસ પ્રદેશમાં ચોક્કસ ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન આપવા માટે ગુણવત્તા તથા બ્રાન્ડિંગ પર પણ ધ્યાન આપવામાં આવશે.

ભારતની ૨૦૧૫-૨૦ માટેની નવી વિદેશ વેપારનીતિમાં વિકાસને વધુ પ્રોત્સાહ મળશે તથા રોજગારીની નવી તકો ઊભી થશે. એક્સપોર્ટ પ્રમોશન કેપિટલ ગુડ્ઝ સ્કીમ હેઠળ નિકાસ ક્ષેત્રને વધારવા પ્રયાસો થશે. નવી વિદેશ વેપાર નીતિ હેઠળ સંરક્ષણ, ફાર્મા, પર્યાવરણલક્ષી પ્રોડક્ટ, વેલ્યુ એડેડ નિકાસ પર ખાસ ધ્યાન અપાશે. ભારત સરકાર દ્વારા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં સ્થિત ઈન્સેન્ટિવ યુનિટોને પણ પ્રોત્સાહન અપાશે. નવી એક્સપોર્ટ સ્કીમમાં બે નવી સ્કીમ મૂકવામાં આવી છે. જેમાં 'મર્કેન્ડાઈઝ એક્સપોર્ટ ફ્રોમ ઈન્ડિયા' સ્કીમ તથા 'સર્વિસ એક્સપોર્ટ ફ્રોમ ઈન્ડિયા' સ્કીમનો સમાવેશ થાય છે.

ભારતે વૈશ્વિક સ્તરે ગ્લોબલ કોમ્યુનિટને પરસ્પર વિશ્વાસ વધારવામાં કવાયત આદરી છે. પોતાની આર્થિક નીતિમાં ફેરફાર કર્યા છે. સાથોસાથ વિદેશ નીતિને પણ આર્થિક વિકાસના એજન્ડામાં ગતિ લાવવા માટે પ્રયાસો હાથ ધર્યા છે. વિદેશી મૂડીરોકાણમાં 'મેક ઈન ઈન્ડિયા'ના અભિગમને કેન્દ્ર સ્થાને રખાયો છે. સ્માર્ટ શહેરોનો વિકાસ, હાઈસ્પીડ રેલવે નેટવર્ક, નદીઓના એકત્રીકરણ જેવી બાબતો પર ધ્યાન અપાઈ રહ્યુ છે. વડાપ્રધાનની વિદેશયાત્રાઓથી ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં મૂડીરોકાણને વેગ મળશે. સીધા મૂડીરોકાણ હેઠળ મૂડી રોકાણ વધ્યું છે. રક્ષા ક્ષેત્રે પણ રોકાણ વધ્યું છે.

સમૃદ્ધ ભારતના નિર્માણની પ્રક્રિયા માટે નવી વિદેશ નીતિમાં પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે.

**લેખક સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ઈસરો, અમદાવાદમાંથી સેવા નિવૃત્ત લાઈબ્રેરિયન છે.**

# આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ભારતનો બદલાવ

● જિતેન્દ્ર વી. શાહ ●

છેલ્લા એક વર્ષ દરમ્યાન વિદેશમંત્રી સુષ્મા સ્વરાજની ૨૧ દેશોની મુલાકાત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ૧૮ દેશોની મુલાકાત પછી ભારતની વિદેશી નીતિમાં જે ધાર આવી છે તેનો અહેસાસ થઈ રહ્યો છે. જર્મની, ચીન, જાપાન ભારતમાં રોકાણ કરવા રાજી થયા છે. ફ્રાંસની કંપની રાફેલ વિમાન સાથે જોડાયેલી ટૅકનોલૉજી ભારતને આપી સંયુક્ત રીતે રાફેલ વિમાનનાં સ્પેરપાર્ટ્સ ભારતમાં બનાવવા તૈયાર થઈ છે. રક્ષા મંત્રી મનોહર પારિકરની અધ્યક્ષતાવાળી રક્ષા ખરીદ પરિષદને ૫૦ કરોડ રૂપિયા કરતાં વધારે મોંઘી ૬ જેટલી સબમરિનનું નિર્માણ વિદેશી નિર્માતાઓના સહયોગથી ભારતમાં થશે. ભારતની કુલ નિકાસ ૩૪૨ અબજ ડૉલર છે તે વધારવાની કવાયત આ મેક ઈન ઈન્ડિયા (Make In India) કાર્યક્રમ અતર્ગત શરૂ થઈ ગઈ છે.

વિશેષજ્ઞો માને છે કે કેન્દ્ર સરકારની સક્રિયતાને કારણે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ભારતની પ્રતિષ્ઠામાં વધારો થયો છે. આ વધારો ભારતમાં વિદેશી રોકાણ ખેંચી લાવશે. દુનિયાના વિવિધ દેશો હવે ભારતને ગંભીરતાથી જોઈ રહ્યા છે. ચીન, અમેરિકા કે ઑસ્ટ્રેલિયા સહિતના દેશો નજરઅંદાજ કરતા આ દેશો ભારત સાથે સારા સંબંધો રાખવા હવે તેઓ તત્પર થયા છે. પૂર્વ એશિયાના દેશો સાથે સારા આર્થિક સંબંધો બંધાય તે માટે વર્ષ ૧૯૯૨માં ‘લુક ઈસ્ટ પોલિસી’ લાગુ કરવામાં આવેલ પણ આ સરકારે ‘એકટ ઈસ્ટ પોલિસી’ લાગુ કરી જાપાન, દક્ષિણ કોરિયા, વિયેટનામની મુલાકાત લીધી અને ભારતની નવી વિદેશનીતિનો પરચો આપ્યો.

વિશ્વ વ્યાપાર સંગઠનમાં ખાદ્ય સુરક્ષા અંગે ભારત અને અમેરિકા વચ્ચે હંમેશાં ટકરાવ થતો હતો પણ હવે અમેરિકાએ આ સંદર્ભે ભારતના તર્કોનો સ્વીકાર કર્યો છે. ચીન સાથે રોકાણ માટેના ૨૨ અબજ ડૉલરના ૨૬ કરારો થયા છે. ફ્રાન્સ, કેનેડા, ઑસ્ટ્રેલિયા જેવા દેશોએ યુરેનિયમ આપવાના કરારો કર્યા છે.

વિકાસશીલ દેશોનું સંગઠન એટલે બ્રિક્સ (BRICS). બ્રાઝિલ રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા તેના સભ્ય દેશો છે. વિશેષજ્ઞો કહેતા કે ‘બ્રિક્સ’માં ‘આઈ’ (INDIA)ને કોઈ ગંભીરતાથી લેતું નથી. પણ કેન્દ્ર સરકારની કાર્યશૈલી પછી ‘આઈ’નું મહત્ત્વ વધ્યું છે. બ્રિકસ દેશોની બૅંકના પ્રથમ પ્રમુખ ભારતીય શ્રી કે. વી. કામથ બન્યા છે. બ્રિકસમાં વધેલા વર્ચસ્વનું આ એક સુંદર ઉદાહરણ છે.

કુદરતી આપત્તિઓ સામે લડતા દેશોને આ સરકારે મન ભરીને મદદ કરી છે. ભૂતાનને ૪૫ અબજ ડૉલર ૧૧મી પંચવર્ષીય યોજના માટે તથા ૫ અબજ રૂપિયા આર્થિક મદદરૂપે, નેપાળને એક અબજ ડૉલરની મદદ, સેસલ્સને ૭.૫ કરોડ ડૉલરની મદદ, મોરેશિયસને વિવિધ યોજનાઓ માટે ૫૦ કરોડ ડૉલરનું ઋણ, શ્રીલંકાને રેલવેનું માળખું સુધારવા રૂપિયા આઠ કરોડ ડૉલરની મદદ, મોંગોલિયાને એક અબજ ડૉલરની મદદ ભારત સરકારે કરી છે. છેલ્લા થોડાં વર્ષોમાં કેન્દ્ર સરકારે કુદરતી આપદાઓ સામે લડવાની જે તત્પરતા બતાવી છે તેની સરાહના દેશ દુનિયામાં થઈ છે. એવું કહી શકાય કે કુદરતી આપદા પછી સમયને સાચવી લેવાનું સામર્થ્ય હવે ભારતમાં દેખાઈ રહ્યું છે.

૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૪નો દિવસ યાદ રાખવા જેવો છે. આ દિવસે વડાપ્રધાને સંયુક્ત રાષ્ટ્રની ૬૯મી મહાસભાને સંબોધી અને વિશ્વ યોગ દિવસ ઉજવવાની એક અપીલ કરી. ખૂબ જ ટૂંકા સમયમાં ૧૭૭ કરતાં વધુ દેશોએ શ્રી મોદીની આ અપીલને સમર્થન આપ્યું અને સંયુક્ત રાષ્ટ્રસંઘ (U.N.O.) દ્વારા ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી, ભારત સરકારની આ એક મોટી ઉપલબ્ધિ ગણાવી શકાય.

૧૯૬૨ના ચીની આક્રમણના બરાબર ૫૩ વર્ષ પછી ૧૪ મે ના દિવસે મોદીજી ચીનના રાષ્ટ્રાધ્યક્ષ શી જિનપિંગના વતન શિયાંગ પહોંચ્યા...

અને ચીન સમક્ષ 'પ્રાચીન' એવા ભારતનો બૌદ્ધ ધર્મનો કરુણા અને સમન્વયનો સંદેશ યશસ્વી રીતે પ્રગટ કર્યા. ચીનના બૌદ્ધ-મંદિરમાં ભગવાન ગૌતમ બુદ્ધના પવિત્ર બોધી વૃક્ષની જીવંત ડાળખી ભેટ ધરીને ભારતીય પ્રધાનમંત્રીએ બંને દેશો વચ્ચેના સદીઓ જૂના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોને આજના સંદર્ભમાં પ્રેરક રીતે પ્રસ્તુત કર્યા છે. આ રીતે ભારત - ચીન સંબંધોને નવી દિશા અને નવો આયામ પ્રાપ્ત થયો છે.ભારત-ચીન વચ્ચે આ ત્રિદિવસીય યાત્રામાં ઉભય-દેશો માટેના અનેક કરારો પણ થયા, જેમાં બંને દેશો વચ્ચેની વ્યાપાર વૃદ્ધિ, વ્યાપાર સંબંધોમાં સંતુલન, ભારતની આવશ્યકતા મુજબના આંતરમાળખાકીય પ્રકલ્પો વગેરેમાં ચીનની વિશેષ હિસ્સેદારી જેવી બાબતોનો સમાવેશ થાય છે. સમગ્ર ત્રિદિવસીય યાત્રાના તમામ મુદ્દાઓમાં પારસ્પરિક મૈત્રીભાવ, સૌહાર્દ અને વ્યવહારુ અભિગમ - પરિસ્થિતિક્ષમ અભિગમ જોવા મળ્યો, પરંતુ મોદીજીએ ચીનને સાનમાં સમજાવી પણ દીધું કે ભારતીય સીમાઓ અને બ્રહ્મપુત્ર જેવી નદીઓના જળસ્રોત ઉપરનો ભારતનો અધિકાર બરકરાર રાખવામાં ભારત નમતું નહીં જોખે.

ચીન પછી તરત જ મોંગોલિયા અને દક્ષિણ કોરિયાની મુલાકાતનું આયોજન કરીને પ્રધાનમંત્રીએ સમગ્ર દક્ષિણ એશિયા, અગ્નિ-એશિયા અને પૂર્વ એશિયાના દેશો અને એ રીતે સમગ્ર એશિયા-પેસેફિક ક્ષેત્રમાં ભારતનું વિશિષ્ટ-લોકતાંત્રિક પ્રભાવક્ષેત્ર ઊભું કર્યું છે. એ જ રીતે મોદીજીની ભૂતાન-નેપાળ-શ્રીલંકા, મોરેશિયસ વગેરે દેશોની યાત્રાથી પણ વિદેશનીતિમાં બદલાવ આવ્યો છે.

મોદીજીના નેતૃત્વમાં લોકતાંત્રિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોથી સમૃદ્ધ ભારતવર્ષ બહુ ઝડપથી હરણફાળ ભરવા માટે સજ્જ થઈ રહ્યું છે. સમગ્ર વિશ્વ આ ઉદીયમાન ભારતવર્ષ તરફ બહુ આશા, સમભાવ અને સમર્થનપૂર્વક ઉદ્યુક્ત થઈ રહ્યું છે, તેથી જ ભારતની વિદેશનીતિમાં બહુ ઝડપથી ગુણાત્મક અને મૂલ્યાત્મક પરિવર્તન જોવા મળી રહ્યું છે.

આ સંદર્ભમાં મોદીજીની વિદેશયાત્રાના છેલ્લા ચરણમાં મોંગોલિયા અને દક્ષિણ કોરિયાની મુલાકાતથી એ સિદ્ધ થયું છે કે, સૈકાઓ પુરાણા સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોની સુદૃઢ નીંવ ઉપર નવા મૈત્રીસંબંધો અને જોડાણો પ્રસ્થાપિત થઈ શકે છે અને પારસ્પરિક હિતો સાધવા સાથે આ પ્રકારના સંબંધો વિશ્વશાંતિ, માનવએકતા અને વિશ્વબંધુત્વના આદર્શોને સાર્થક કરવા તરફની ગતિ-પ્રગતિ શક્ય બનાવે છે. દક્ષિણ-કોરિયા એક એવો દેશ છે કે, જેના ભાગલા પાડીને સામ્યવાદી ઉત્તર કોરિયાને આગળ ધરી; રશિયા અને ચીને દક્ષિણ કોરિયાની મુસીબતો વધારવાના સતત્ પ્રયાસો કર્યા છે, છતાંય વિશ્વ ઑલિમ્પિક જેવા બહુ મોટા આયોજન થકી દક્ષિણ કોરિયાએ એ સિદ્ધ કરી બતાવ્યું છે કે, જનતાંત્રિક પદ્ધતિથી અને રાષ્ટ્રીય સંકલ્પથી આગળ વધવા ઇચ્છતા કોઈ પણ દેશને કોઈનાથી પણ રોકી શકાય તેમ નથી.

ભારત-બાંગ્લાદેશ મૈત્રીનો નવો અધ્યાય મે-૨૦૧૫નાં પ્રથમ સપ્તાહથી શરૂ થયો છે. બંને દેશના વડાપ્રધાનો દ્વારા વિવાદાસ્પદ વિસ્તારોની અદલાબદલીનો પ્રશ્ન સુમેળપૂર્વક ઉકેલી દીધો છે. વળી ભારત-બાંગ્લાદેશ વચ્ચે વાહન-વ્યવહાર પણ સ્થાપિત કર્યો છે. બંને દેશો વચ્ચે 'એન્કલેવ' તરીકે સેન્ડવીચ થઈ ગયેલા વિસ્તારો અને ગામડાની આપલે અંગેનું 'લેન્ડબોર્ડર એગ્રિમેન્ટ' સંસદમાં પસાર થવાની શક્યતા થયેલ છે. વિશેષમાં ઢાકા-અગરતલા-કોલકતા અને ઢાકા-શિલોંગ-ગૌહતીની શરૂ થયેલી બસ સેવા બંને રાષ્ટ્રોની પ્રજા વચ્ચે આશીર્વાદ રૂપ થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશને વીજપુરવઠો તેમજ માતબર આર્થિક સહાય આપી મોદી પરસ્પર વેપાર વાણિજ્ય પણ વધારવાનું આશ્વાસન લઈ આવ્યા છે. ભારત હવે બાંગ્લાદેશનાં બંદરો પણ વિકસાવી શકશે, બંને દેશો માટે આ ઐતિહાસિક ઘટના છે. ભારત-બાંગ્લાદેશ મૈત્રીનો નવો અધ્યાય શરૂ થયો છે.

**લેખક ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતું ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક છે.**

**યોજના વાંચો**
**યોજના વંચાવો**
**યોજના વસાવો**

# ભારતની કુનેહભરી વિદેશ નીતિ

● નરેશ મકવાણા ●

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૬મે, ૨૦૧૪ના રોજ લોકસભાની ચૂંટણીમાં બહુમતી મેળવીને કેન્દ્રમાં સત્તાના સૂત્રો સંભાળ્યા. ગત મે માસમાં જ મોદી સરકારને એક વર્ષ પૂર્ણ થયું હતું. જો કે મોદી સરકારના એક વર્ષ દરમિયાન સૌથી ધ્યાન ખેંચે તેવી કોઈ બાબત હોય તો તે વડાપ્રધાનના વિદેશ પ્રવાસો રહ્યા... જેના કારણે વિશ્વના અનેક દેશો સાથે ભારતના નવેસરથી સંબંધો પ્રસ્થાપિત થયા. મે ૨૦૧૪ થી જૂન ૨૦૧૫માં વડાપ્રધાને ૨૦ દેશોની સત્તાવાર મુલાકાત લીધી હતી... વડાપ્રધાન બન્યા બાદ જૂન ૨૦૧૪માં તેઓ પોતાના પ્રથમ વિદેશ પ્રવાસ માટે ભૂતાન ગયા. બ્રાઝિલ, નેપાળ, જાપાન, અમેરિકા, મ્યાનમાર, ઑસ્ટ્રેલિયા, ફિજી, ફરી નેપાળ ત્યાર બાદ સેશેલ્સ, મોરેશિયસ, શ્રીલંકા, સિંગાપોર, ફ્રાન્સ, જર્મની, કેનેડા, ચીન, મોંગોલિયા, દક્ષિણ, કોરિયા અને બાંગ્લાદેશ... આમ અત્યાર સુધીમાં વડાપ્રધાન ૨૦ જેટલા દેશોની સત્તાવાર મુલાકાત લઈ ચૂક્યા છે. એકલા જુલાઈ માસમાં તેઓ ઉઝબેકિસ્તાન અને કઝાકિસ્તાન જેવા અજાણ્યા દેશો સહિત અન્ય છે દેશોની મુલાકાત લેવાના છે. આમ એક જ વર્ષમાં વીસ જેટલા દેશોની વડાપ્રધાનની મુલાકાત જ બતાવે છે કે ભારત વૈશ્વિક સ્તરે પોતાની મહત્તા સાબિત કરવા સક્રિય બન્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત પોતાને અમેરિકા, ચીન, બ્રિટન, ફ્રાંસની હરોળમાં નહીં તો પણ કમ સે કમ તેની આસપાસ પહોંચવા માટે નીતિ ઘડી રહ્યાનું સ્પષ્ટ થઈ રહ્યું છે. જેમાં વિદેશનીતિ, સરહદી પ્રશ્નો મુખ્ય છે. હાલના સંજોગો જોતાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત પોતાને સાબિત કરવા એડીચોટીનું જોર લગાવી રહ્યું છે.

મોદી સરકારની અલગ વિદેશનીતિના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક નવા પરિમાણો સર્જાતા જોવા મળ્યા છે. ચીન અને પાકિસ્તાન જેવા અવળચંડા પાડોશીઓ છતાં ભારત પોતાની વિદેશનીતિને યોગ્ય દિશામાં અમલમાં મૂકી રહ્યું છે. જેના કારણે વિશ્વભરના દેશોમાં ભારત પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. સકારાત્મક વાતાવરણ ઊભું થયું છે. જેમાં સરકારની વિદેશનીતિને શ્રેય આપવો ઘટે.

વડાપ્રધાનની ત્રિદિવસીય ચીન યાત્રા દરમિયાન ભારત-ચીન વચ્ચે અનેક કરારો પણ થયા, જેમાં બંને દેશો વચ્ચેની વ્યાપારવૃદ્ધિ, વ્યાપાર સંબંધોમાં સંતુલન, ભારતની આવશ્યકતા મુજબના આંતરમાળખાકીય પ્રકલ્પો વગેરેમાં ચીનની ભાગીદારી મોખરે રહી.

નરેન્દ્ર મોદીએ તેમની સરકારની વિદેશનીતિમાં રાજકીય, આર્થિક કે વ્યૂહાત્મક ઍંગલ ઉપરાંત તેમાં સાંસ્કૃતિક-આધ્યાત્મિક બાબતોનો પણ સમાવેશ કર્યો, જેના કારણે વિદેશનીતિને અત્યંત અસરકારક અને સચોટ રીતે પુરવાર થઈ રહી છે.

વિદેશનીતિનો જ એક ભાગ એટલે વિદેશી મૂડીરોકાણ. ભારત જેવા વિકાસશીલ દેશ માટે વિદેશી મૂડીરોકાણ અત્યંત મહત્ત્વનો મુદ્દો ગણાય. ખાસ કરીને રૂપિયાનું વારંવાર થતું અવમૂલ્યન વિદેશી મૂડીરોકાણ કેટલું જરૂરી છે તેનો સંકેત વારંવાર આપે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના બેરલદીઠ ભાવોમાં થતી વધઘટ સીધી ભારતીય બજારને અસર કરે છે. ત્યારે અમેરિકા સહિતના દેશો પણ તેલિયારાજા ગણાતા દેશો પર પોતાનો કબ્જો રાખવાનું મુનાસિબ સમજે છે. ભલે વિશ્વમાં ડૉલર મજબૂત ચલણ ગણાતું હોય તો પણ અમેરિકા એમ ઈચ્છે ત્યારે ક્રૂડ ઓઈલનું મહત્ત્વ સમજી શકાય છે. આવી સ્થિતિમાં ભારત જેવા દેશમાં કે જ્યાં વિકાસની અનેક તકો રહેલી છે ત્યારે વધુ ને વધુ વિદેશી રોકાણ દેશમાં આવે તે જરૂરી બની જાય છે. આવું મૂડીરોકાણ ભારતમાં વધારે થાય તે માટે ૧૯૯૧ પછી વિદેશી કંપનીઓ માટે ભારતના બજારના દરવાજા ખુલ્લા મુકવામાં આવ્યા.

વર્ષ ૧૯૯૫માં ભારત વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશનમાં જોડાયું હતું. ત્યાર બાદ ભારતીય અર્થતંત્રમાં સતત આર્થિક

સુધારાઓ ચાલુ રહ્યા છે. ભારતમાં અત્યારે ૩૦૫૦ જેટલી વિદેશી કંપનીઓએ મૂડીરોકાણ કરેલું છે. જો કે અગાઉની સરકારો કરતા મોદી સરકાર આ મામલે વધુ અગ્રેસિવ જણાય છે. સરકાર વધુ ને વધુ મલ્ટિનેશનલ કંપનીઓ ભારતીય બજારમાં રોકાણ કરે તેમ ઇચ્છે છે. ભારતે આજે ખુલ્લી, ઉદાર અને બજારને કેન્દ્રમાં રાખી અર્થવ્યવસ્થાને પોતાના વિકાસની નીતિ બનાવી છે. અમેરિકા જો ભારતમાં આજે રોકાણને અગત્યતા આપી રહ્યું છે અથવા અન્ય પશ્ચિમી દેશ ભારતને એક લાભદાયક રોકાણ સ્થળના રૂપે જોઈ રહ્યા છે તો તે આપણી છુપાયેલી આર્થિક સ્થિતિની જ કમાલ છે.

નરેન્દ્ર મોદીએ ભારતને સોફ્ટ પાવર તરીકે રજૂ કરવા માટે દેશની શાંતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવવા માટે ભગવાન બુદ્ધની મોટાભાગના વિદેશ પ્રવાસોમાં વાત કરી છે. તેમણે નેપાળ, ભૂતાન, જાપાન અને શ્રીલંકા સહિતના દેશોમાં શાંતિ અને સાંસ્કૃતિક વારસાની દૃષ્ટિએ ભારત સાથે જોડાણના ઈરાદે ભગવાન બુદ્ધને યાદ કર્યા છે. ભારત નાગરિક પરમાણુ કાર્યક્રમ સંદર્ભે એનપીટી પર હસ્તાક્ષર નહીં કરવાને કારણે યુરેનિયમનો પુરવઠો મેળવવામાં કેટલીક અડચણો હતી. પરંતુ આવા સંજોગો અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ફ્રાન્સ, જાપાન જેવા દેશોમાં તેમણે મહાત્મા ગાંધીની અહિંસક લડતને અવારનવાર યાદ કરાવી છે.

ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણના મુદ્દા ઉઠાવતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય તત્ત્વચિંતને વૈશ્વિક મંચ પર મૂક્યું હતું. યુનો હોય કે જાપાન, અમેરિકા હોય કે અન્ય કોઈ દેશ જ્યાં પણ જરૂર જણાઈ ત્યાં તેમણે પર્યાવરણપ્રેમી ભારતીય તત્ત્વચિંતનને વિશ્વ સામે મૂક્યું. આમ ભારતને શાંતિપ્રિય પર્યાવરણ મિત્ર ન્યાયપ્રિય દર્શાવવાની સાથે પોતે પણ આ મૂલ્યોમાં માનતા હોવાનું તેમણે વૈશ્વિક મંચ પર દર્શાવ્યું હતું. જેનો સીધો અર્થ છે કે ભારત વિશ્વમાં એક મોટી ભૂમિકામાં આવે. આવા સમયે પ્રગતિશીલ અને શાંતિપ્રિય માટેની પ્રતિબદ્ધતા આંતરરાષ્ટ્રીય મંચો પર રજૂ કરવી પણ ખૂબ જરૂરી છે. હાલ જ્યારે યુનો દ્વારા યોગ દિવસની જાહેરાત કરવામાં આવી છે તેના માટે યોગની વૈશ્વિક મંચ પર પ્રધાનમંત્રી મોદીની રજૂઆતની સીધી અસર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોગ સંદર્ભેની વાતની ઘણી મોટી અસર ઊભી થઈ હતી. મોદીની યોગ માટેની જરૂરિયાતનું ૧૭૦ થી વધુ દેશોએ સમર્થન કર્યું હતું. તો ૧૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્રની મહાસભાએ ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણીની ઘોષણા પર કરી હતી. ભારતીય યોગને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણી કરવા માટે બનેલી વૈશ્વિક સમજૂતિ ભારતીય સંસ્કૃતિ અથવા તો બ્રાન્ડ ઈન્ડિયાને વૈશ્વિક ફલક પર મજબૂતિ મળવા જેવું છે. જેની સાથે વૈશ્વિક મંચ પર વડાપ્રધાન મોદીની વાતને સ્વીકારવામાં આવી રહી છે તેના પણ સંકેત મળી રહ્યા છે.

ભારતને પ્રાદેશિક સ્તરે આગેવાન તરીકે પ્રસ્થાપિત કરવાના ઈરાદે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાર્ક દેશો સાથે સતત સારા સંબંધો માટે કોશિશ કરી રહ્યા છે. શપથવિધિ બાદ મંગળયાનના લોન્ચિંગ વખતે કરેલા સંબોધનમાં સાર્ક દેશો માટે સેટેલાઇટ બનાવવાની વાત પણ મોદીએ કરી હતી.

૨૬ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ પ્રજાસત્તાક દિવસના સમારંભમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાને મુખ્ય મહેમાન તરીકે બોલાવવામાં આવ્યા હતા. બંને નેતાઓએ સાથે મળીને સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. રેડિયો પર મન કી બાત કરી. જેમાં બંને નેતાઓ વચ્ચે સારી કેમેસ્ટ્રી ઊભી થવાના સંકેતો મળ્યા હતા. ઓબામા અને મોદીએ અમેરિકી અખબારમાં સંયુક્ત તંત્રીલેખ પણ લખ્યો હતો.

**લેખક અમદાવાદ સ્થિત પત્રકાર છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ?**
**તો 'યોજના' જરૂર વાંચો.**

# પ્રધાનમંત્રીએ વિશ્વ યોગ દિન નિમિત્તે નવી દિલ્હીમાં સામૂહિક યોગ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું





પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૧મી જૂને વિશ્વ યોગ દિન નિમિત્તે વિશ્વમાં ઉજવાઈ રહેલા પહેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે નવા યોગ - યુગની શરૂઆતની ઘોષણા કરી. નવી દિલ્હીમાં રાજપથ પર સામૂહિક યોગ પ્રદર્શનનું નેતૃત્વ કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે આ દિવસ વિશ્વના વિભિન્ન ભાગોમાં ઉજવાઈ રહ્યો છે માટે યોગાભ્યાસ કરનારા સમુદાયનો સુર્યાસ્ત થશે નહિં.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે પહેલો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જ નથી પરંતુ આ એક નવા યુગની શરૂઆત છે. જે શાંતિ અને સદ્ભાવ માટે માનવતાને પ્રેરણા આપશે. પ્રધાનમંત્રીએ એ પ્રાચીન સંતો, યોગ ગુરુઓ અને યોગાભ્યાસ કરનારાના યોગદાનનું સ્મરણ કર્યુ, જેઓ આજે યોગને જે સ્થાન મળ્યું છે તેને આ મુકામ સુધી પહોંચાડવામાં સદીઓથી કાર્ય કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે વિકાસ અને તકનિકિના વિભન્ન ક્ષેત્રોમાં જેમ માનવતા આગળ વધી છે તેવી જ રીતે માનવ જાતિએ પણ પ્રગતિ કરવી જોઈએ અને તેના માટે યોગ એક માર્ગ છે. તેમણે કહ્યું કે યોગ માત્ર કસરત જ નથી પરંતુ મન અને શરીર વચ્ચેનું સંતુલન સ્થાપિત કરે છે તથા વ્યક્તિની આંતરિક શક્તિને વધારવામાં મદદ કરે છે.

પ્રધાનમંત્રીએ વિશ્વના એ બધા દેશોનો આભાર પ્રગટ કર્યો, જેમણે આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવ્યો. તેમણે એ ૧૭૭ દેશોને પણ ધન્યવાદ આપ્યા કે જેમણે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવા માટે સંયુક્ત રાષ્ટ્રમાં તેમના પ્રસ્તાવને સમર્થન કર્યું હતું. ત્યારબાદ પ્રધાનમંત્રીએ રાજપથ પર સામૂહિક યોગ પ્રદર્શનમાં ભાગ લીધો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પહેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર વિશ્વના લોકોને શુભકામનાઓ પાઠવી હતી. પ્રધાનમંત્રીએ પોતાના સંદેશમાં કહ્યું કે ‘પહેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર વિશ્વના લોકોને શુભકામનાઓ. આજે આપણે યોગને આપણા નિયમિત જીવનમાં અભિન્ન અંગ બનાવવાનું વચન આપીએ. દુનિયાના કેટલાક ભાગોમાં કેટલાક લોકોએ યોગાભ્યાસ કરીને સૂર્યની પહેલી કિરણનું સ્વાગત કર્યું છે, જે આખા વિશ્વમાં ચાલુ રહેશે.’

# ગુજરાત રાજ્યમાં વિશ્વ યોગ દિવસની થયેલી ઉજવણી




રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ ગુજરાતમાં અમદાવાદમાં વિશ્વ યોગ દિનની ઉજવણી નિમિત્તે શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે, આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં ઋષિમુનિઓએ યોગની ભેટ આપી છે અને આધુનિક જીવનશૈલીથી ઉદ્‌ભવતા રોગોના નિદાન માટે યોગ ઉત્તમ પુરવાર થયો છે, ત્યારે સમસ્ત વિશ્વ ભારતીય પરંપરાની આ યોગવિદ્યાથી આકર્ષાયુ છે. તન-મનને સ્વસ્થ અને ચેતનવંતુ રાખવા નિયમિત યોગ કરવા રાજ્યપાલશ્રીએ ખાસ અપીલ કરી હતી.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં ખુલ્લા મેદાન, શાળા-કૉલેજના કમ્પાઉન્ડ જેવા જાહેર સ્થળોએ નિયમિતપણે સામૂહિક યોગાભ્યાસ તાલીમ-નિદર્શનની નેમ વ્યક્ત કરી છે.

૨૧મી જૂન પ્રથમ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સ્વયં યોગાસન કરીને સહભાગી થયેલા શ્રીમતી આનંદીબહેને કહ્યું કે, યોગાભ્યાસ-યોગાસન નિદર્શનો માત્ર એક દિવસ પૂરતા સિમિત ન રહે, પરંતુ સમાજજીવનમાં સૌના આરોગ્યપ્રદ દિર્ઘાયુનો હંમેશાં હિસ્સો બને તેવું ધ્યેય આમાં સમાયેલું છે. રાજ્ય સરકારના રમત-ગમત-યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગને આવા જાહેર કાર્યક્રમો જનભાગીદારીથી રાજ્યવ્યાપી બનાવવાનું સૂચન પણ તેમણે કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વહેલી સવારે અમદાવાદમાં જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા વિશ્વયોગ દિવસ ઉજવણીમાં સ્વયંભૂ જોડાયેલા ૭૫ હજાર ઉપરાંત નાગરિકોને સંબોધતાં કહ્યું કે, ભારતીય શાશ્વત યોગવિદ્યાનો વિશ્વને સાક્ષાત્કાર અને તેના સામર્થ્યની પ્રતીતિ ગુજરાતના પનોતાપૂત્ર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુનોમાં કરાવીને હિન્દુસ્તાનને વિશ્વ ગૌરવ અપાવ્યું છે.

''સંયમિત-નિયમિત સ્વસ્થ જીવનનો શ્રેષ્ઠ માર્ગ યોગ છે અને એ માર્ગે અનુસરવાનો આ વિશ્વ યોગ દિવસથી રૂડો અવસર બીજો કયો હોઈ શકે ?'' તેમ મુખ્યમંત્રીશ્રીએ યોગના મહત્ત્વને ઉજાગર કરતાં ઉમેર્યું હતું.

ગુજરાતમાં જિલ્લા-તાલુકા-ગ્રામકક્ષાએ મળીને ૨૯ હજાર ઉપરાંત સ્થાનોએ જનભાગીદારીથી યોગાસનો નિદર્શન-યોગ અભ્યાસ યોગાચાર્યોના માર્ગદર્શનમાં યોજાયા હતા. સમગ્ર રાજ્યમાં ૧ કરોડ ૨૦ લાખ જેટલા યોગપ્રેમીઓએ યોગા દિવસની ઉજવણી યોગાસનોથી કરી હતી.

# અમદાવાદમાં 'વર્ષ એક - શરૂઆત અનેક' અંગે યોજાયેલ ફોટો પ્રદર્શન

**કેન્દ્ર સરકારની એક વર્ષની કામગીરીની માહિતી આપતું પ્રદર્શન**





કેન્દ્રની નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની એનડીએ સરકારની કામગીરી દર્શાવતું 'વર્ષ એક - શરૂઆત અનેક' ફોટો પ્રદર્શનનું કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અરૂણ જેટલીના વરદ્ હસ્તે તા. ૨૬-૫-૨૦૧૫ના રોજ સંસ્કાર કેન્દ્ર પાલડી ખાતે ઉદ્‌ઘાટન થયું હતું.

આ પ્રદર્શન માહિતી અને પ્રસારણ મંત્રાલયના એકમ ડીએવીપી, અમદાવાદ દ્વારા ગોઠવવામાં આવ્યું હતું.

'વર્ષ એક - શરૂઆત અનેક'માં અનેક વિષયો અને પ્રજાલક્ષી લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી રંગીન તસવીરો સાથે વિકાસની આંકડાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રદર્શનમાં પ્રધાનમંત્રી જનધન યોજના, સ્વચ્છ ભારત અભિયાન, મેક ઈન ઇન્ડિયા, ડીજીટલ ઇન્ડિયા, શ્રમેવ જયતે, બેટી બચાવો - બેટી પઢાઓ, લઘુમતિઓ માટે શિક્ષણ અને કૌશલ્ય વિકાસ યોજના - નઈ મંઝિલ, સુકન્યા સમૃદ્ધિ યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, મુદ્રા બેન્ક, સાંસદ આદર્શ ગ્રામ યોજના, કાળા નાણાં પર કાર્યવાહી, કુદરતી આફતોથી અસરગ્રસ્ત ખેડૂતોને સહાય, પહલ યોજના, સ્કિલ ઇન્ડિયા, શિક્ષણ અને કૌશલ્ય, સ્વસ્થ ભારત અને સ્વચ્છ ભારત, ગંગા સફાઈ કાર્યક્રમ, વિદેશી બાબતો માટે વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત, ઉત્તર-પૂર્વીય રાજ્યોનો વિકાસ, સ્માર્ટ સિટી પ્રૉજેક્ટ, તમામ માટે ઊર્જા, સહુને રોજગારી, અટલ પેન્શન યોજના, અમૃતમય ભારત જેવી અનેક યોજનાઓની માહિતી પ્રદર્શિત કરવામાં આવી હતી.

આ પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે રાજ્યના ઊર્જા મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ તેમજ કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના વિવિધ મીડિયા એકમોના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સરકારની એક વર્ષની કામગીરી અંગેની માહિતી આપવા માટે અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ૧૫ જેટલી મોબાઈલ પ્રદર્શની વાન દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી અને દરેક જિલ્લા, તાલુકા અને ગામડાંઓમાં લોકોને વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓથી માહિતગાર કર્યા હતા.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ જૂન, ૨૦૧૫
પોસ્ટિંગ તા. ૧ જુલાઈ, ૨૦૧૫

**YOJANA (GUJARATI), July 2015**

**O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| માદામ ભિખાઈજી રુસ્તમજી કામા | ૬૦-૦૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | ૧૦૦-૦૦ |
| ઠક્કરબાપા | ૮૦-૦૦ | રાજકુમારી નિહાલદે | ૧૨-૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦-૦૦ | દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦-૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ | ૭૦-૦૦ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮-૦૦ |
| વૈજ્ઞાનિકો | ૪૫-૦૦ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦-૦૦ |
| ભારતીય જનતાના ઇતિહાસની રૂપરેખા | ૭૦-૦૦ | સંગીતજ્ઞો | ૪૫-૦૦ |
| આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫-૦૦ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦-૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦-૦૦ | ગુજરાતમાં જાગૃતિની લહેર | ૭૨-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫-૦૦ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬-૦૦ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫-૦૦ |
| સૌંદર્ય મીમાંસકો | ૫૦-૦૦ | લાલબહાદુર શાસ્ત્રી | ૭૦-૦૦ |
| કાલીદાસ કહાની | ૩૨-૦૦ | સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦-૦૦ |
| વાલ્મીકિ અને વ્યાસ | ૨૨-૦૦ | ગુરુનાનકથી ગુરુગ્રંથ સાહેબ સુધી | ૧૬૦-૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦-૦૦ | ગાંધી-સચિત્ર જીવનકથા | ૧૨૫-૦૦ |
| રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫-૦૦ | નાના સાહેબ પેશ્વા | ૧૨૦-૦૦ |
| દાર્શનિકો અને ધાર્મિક અગ્રેસરો | ૨૮-૦૦ | મહાત્મા જ્યોતિબા ફુલે | ૧૫૦-૦૦ |
| તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮-૦૦ | | કુલ રૂ. ૨૫૯૮-૦૦ |

**Printed and Published by Dr. (Ms) Sadhana Rout, Additional Director General and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, Lodhi Road, New Delhi-110 003**
Printed By : **Sahitya Mudranalaya Pvt. Ltd.,** 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 • Phone : 25469101-02
**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 26100207 / 26105590**